# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




**પેજ-08**
એકમાત્ર અભિનેત્રી, જેણે છૂટાછેડા પર ફુકરાવી 200 કરોડની એલિમની !...

**પેજ-09**
ગુજરાત ટાઈટન્સ આવ્યા પછી ભાવુક થયો સિરાજ, કોહલી અંગે જુઓ શું કહ્યું



**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 38.00 | 23.00 |
| વડોદરા | 39.00 | 22.00 |
| સુરત | 38.00 | 24.00 |

પેજ 5



Twitterની બ્લૂ ચકલી આટલા લાખમાં વેંચાઈ, ટ્વિટર બ્લુ બર્ડને નવો...

**24** MARCH-2025 MONDAY

ટ્રમ્પ પોતાના ખિસ્સામાંથી સુનિતા વિલિયમ્સને પગાર આપશે



પેજ 10

**.....સુવિચાર.....**
તમે પૈસાથી બધું ખરીદી શકો છો.પણ સુખ, શાંતિ,સાચા મિત્રો, તંદુરસ્તી પૈસાથી ખરીદી શકાતી નથી.


વર્ષ-14 । અંક-124 । વિક્રમ સંવત-2081 । ફાગણ વદ-10 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


### રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની અખિલ ભારતીય પ્રતિનિધિ સભા રવિવારે બેંગલુરુમાં સંપન્ન

# ભારત વિરોધીઓને આઈકોન ન બનાવી શકાય

## બહારથી આવેલાને માન આપશો કે સ્થાનિકને... ઔરંગઝેબ વિવાદ મુદ્દે RSSનું નિવેદન

(એજન્સી) બેંગ્લુરુ । તા. 23

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના મહાસચિવ દત્તાત્રેય હોસબોલેએ વક્ફ સુધારા બિલથી લઈને ઔરંગઝેબ અને સીમાંકન સહિત અનેક મુદ્દે નિવેદન આપ્યું હતું. ઔરંગઝેબ વિવાદ મુદ્દે તેમણે કહ્યું કે, 'આપણે વિચારવું પડશે કે આપણે બહારથી આવનારાને આદર્શ બનાવવા જોઈએ કે સ્થાનિકોને માન આપવું જોઈએ.' આ ઉપરાંત તેમણે વક્ફ બિલ પર કહ્યું કે, 'વક્ફનું શું થશે? આપણે જોઈશું કે સરકાર શું કરે છે. સરકાર યોગ્ય દિશામાં કામ કરી રહી છે.' રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની અખિલ ભારતીય પ્રતિનિધિ સભા રવિવારે (23 માર્ચ) બેંગલુરુમાં સંપન્ન થઈ હતી. RSSના મહાસચિવ દત્તાત્રેય હોસબોલેએ એક પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. આ દરમિયાન ઔરંગઝેબ વિવાદ મુદ્દે તેમણે જણાવ્યું હતું કે, જે લોકો ભારતના વિરોધી રહ્યા છે તેમને આઈકોન ન બનાવી શકાય. ગંગા-જમના સંસ્કૃતિ વિશે વાત કરનારા લોકોને ઔરંગઝેબના ભાઈ દારા શિકોહ કેમ યાદ નથી? જો દિલ્હીમાં ઔરંગઝેબ રોડ બદલીને અબ્દુલ કલામ રોડ કરવામાં આવે, તો તેનો કોઈ અર્થ તો છે ને? તો જે કોઈ આપણી સંસ્કૃતિ વિશે વાત કરશે.



**દિલ્હીમાં ઔરંગઝેબ રોડ બદલીને અબ્દુલ કલામ રોડ કરવામાં આવે, તો તેનો કોઈ અર્થ તો છે ને?**

**સીમાંકન મુદ્દે દત્તાત્રેય હોસબોલેએ કહ્યું :** સીમાંકન અંગે, RSSના મહાસચિવ દત્તાત્રેય હોસાબલેએ કહ્યું, 'વસ્તી ગણતરી શરૂ થવા દો. સીમાંકન પણ થવા દો, પછી આપણે જોઈશું. જો સંઘના કોઈપણ વ્યક્તિ કે કાર્યકરને યોગ્યતાના આધારે રાજકારણી તરીકે નિયુક્ત કરવામાં આવે તો તેમાં કંઈ ખોટું નથી.

**▪ બાબા સાહેબને પણ ધર્મ આધારિત અનામત સ્વીકાર્ય ન હતી :** રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)એ મુસ્લિમોને કોન્ટ્રાક્ટમાં 4 ટકા અનામત આપવાના કર્ણાટક સરકારના નિર્ણયનો વિરોધ કર્યો છે. આરએસએસ મહાસચિવ દત્તાત્રેય હોસબોલેએ જણાવ્યું હતું કે, 'ભારતીય બંધારણમાં ધર્મ આધારિત અનામતનો સ્વીકાર કરવામાં આવ્યો નથી. જેના ઘડવૈયા બાબા સાહેબ ભીમરાવ આંબેડકર હતાં.'

**▪ બાંગ્લાદેશમાં હિન્દુઓ પર અત્યાચાર મુદ્દે પ્રસ્તાવ**

આરએસએસના સહ સંઘ સરકાર્યવાહ અરૂણ કુમારે જણાવ્યું કે, 'સંઘ બાંગ્લાદેશમાં કટ્ટરપંથી ઈસ્લામિક તત્ત્વોના હાથમાં હિન્દુઓ અને અન્ય લઘુમતી સમુદાયો વિરૂદ્ધ થઈ રહેલી હિંસા, ઉત્પીડન, અને ટારગેટ કિલિંગ પર ચિંતિત છે. બાંગ્લાદેશમાં હિન્દુ સમુદાય માટે અસ્તિત્વ પર સંકટ તોળાઈ રહ્યું છે. પ્રસ્તાવમાં ધાર્મિક અસહિષ્ણુતા અને માનવાધિકરોના ઉલ્લંઘનના કૃત્યોની આકરી નિંદા થઈ રહી છે. આ મામલે વૈશ્વિક સમુદાયોને નિર્ણાયક કાર્યવાહી કરવાનો આગ્રહ કરવામાં આવ્યો છે.'

# અમેરિકી એરક્રાફ્ટ કંપનીએ ભારતમાં કરી મોટી છટણી

## એક ઝાટકે 180 કર્મચારીને રાતોરાત હાંકી કઢાયા

(એજન્સી) બેંગ્લુરુ । તા. 23

અમેરિકાની એરક્રાફ્ટ કંપની બોઈંગે બેંગ્લુરૂમાં પોતાના એન્જિનિયરિંગ ટેક્નોલોજી સેન્ટરમાંથી 180 કર્મચારીઓને નોકરીમાંથી હાંકી કાઢ્યા હતાં. આ છટણી કંપનીની ગ્લોબલ વર્કફોર્સમાં ઘટાડાની કવાયતના ભાગરૂપે કરવામાં આવી છે. વૈશ્વિક સ્તર પર અનેક પડકારોનો સામનો કરી રહેલી બોઈંગના ભારતમાં આશરે 7000 કર્મચારીઓ છે. ભારત કંપની માટે ટોચના બજારો પૈકી એક છે. ગતવર્ષે બોઈંગે ગ્લોબલ વર્કફોર્સમાં આશરે 10 ટકાનો ઘટાડો કરવાની જાહેરાત કરી હતી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, બોઈંગની વૈશ્વિક સ્તરે વર્કફોર્સ ઘટાડવાની કવાયતના ભાગરૂપે બેંગ્લુરૂમાં બોઈંગ ઈન્ડિયા એન્જિનિયરિંગ ટેક્નોલોજી સેન્ટરમાંથી 180 કર્મચારીઓને ડિસેમ્બર ત્રિમાસિક, 2024માં જ હાંકી કાઢ્યા હતા.





### ભારતમાંથી 1.25 અબજ ડોલરનું સોર્સિંગ

બેંગ્લુરૂ અને ચેન્નઈમાં બોઈંગ ઈન્ડિયા એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજી સેન્ટર (BIETC) જટિલ એડવાન્સ્ડ એરોસ્પેસ વર્ક કરે છે. બેંગ્લુરૂમાં કંપનીની સંપૂર્ણ માલિકીનું એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજી સેન્ટર અમેરિકાની બહાર સૌથી મોટા રોકાણો પૈકી એક છે. ભારતમાંથી બોઈંગ 300થી વધુ સપ્લાયર્સ નેટવર્ક સાથે વાર્ષિક રૂ. 1.25 અબજ ડોલરનું સોર્સિંગ કરે છે.

### થરૂરે કરેલી મોદી સરકારની પ્રશંસા અંગેના સવાલમાં જવાબ

# અમે હંમેશા થરૂરના વિચારોનું સન્માન કર્યું છે : જયશંકર

(એજન્સી) નવી દિલ્હી । તા. 23

વિદેશ મંત્રી એસ. જયશંકરે કહ્યું કે તેઓ હંમેશા કોંગ્રેસ નેતા શશિ થરૂરના વિચારોનું સન્માન કરે છે, ખાસ કરીને સરકાર સંબંધિત બાબતો પર. જયશંકર બિઝનેસ ટુડે માઈન્ડ્રશ 2025 કાર્યક્રમમાં બોલી રહ્યા હતા. આ દરમિયાન કોંગ્રેસના સાંસદ શશિ થરૂરે કરેલ મોદી સરકારની પ્રશંસા અંગે તેમને સવાલ કરવામાં આવ્યા હતા.. જયશંકરે કહ્યું- અમે રશિયા-યુક્રેન સંઘર્ષને તેના કારણો અને પરિસ્થિતિઓને સમજીને ખૂબ જ નિષ્પક્ષ રીતે જોયો, જે અમારી સફળતા હતી. આ જ કારણ છે કે આ મુદ્દા સાથે ભાવનાત્મક રીતે જોડાયેલા ઘણા પક્ષોના લોકો અમારા કામથી પ્રભાવિત થયા છે. ખરેખર, 19 માર્ચે કોંગ્રેસના સાંસદ શશિ થરૂરે મોદી સરકારના વખાણ કર્યા હતા. થરૂરે કહ્યું કે આજે ભારત એવી સ્થિતિમાં છે જે રશિયા અને યુક્રેન વચ્ચે શાંતિ સ્થાપિત કરી શકે છે.



**થરૂરે કહ્યું...** ભારત પાસે એક એવા વડાપ્રધાન છે જે વોલોદિમીર ઝેલેન્સ્કી અને વ્લાદિમીર પુતિન બંનેને ભેટી શકે છે. અમારું બંને જગ્યાએ (રશિયા અને યુક્રેન) સ્વીકાર કરવામાં આવે છે.

**જયશંકરે કહ્યું...** વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વૈશ્વિક નેતાઓ સાથેની મજબૂત રાજદ્વારી સમજણથી ભારત આંતરરાષ્ટ્રીય સ્તરે મજબૂત બન્યું છે. 'ઈન્ડિયા ફર્સ્ટ' નીતિ હેઠળ ભારત 'વિકસિત ભારત' તરફ આગળ વધી રહ્યું છે.

### ભારતે ઈરાન અને ઇઝરાયલ સાથે બેલેન્સ જાળવી રાખ્યું છે : જયશંકર

જયશંકરે કહ્યું, 'ભારતે રશિયા-યુક્રેન યુદ્ધમાં માત્ર તટસ્થ વલણ અપનાવ્યું ન હતું, પરંતુ મધ્ય પૂર્વમાં ઈરાન અને ઈઝરાયલ સાથેના તેના વ્યૂહાત્મક સંબંધોમાં પણ બેલેન્સ જાળવી રાખ્યું.' 2023 માં જ્યારે હમાસે ઈઝરાયલ પર હુમલો કર્યો ત્યારે ભારતે રાજદ્વારી બેલેન્સ જાળવી રાખ્યું. ઈઝરાયલ ભારતનો મુખ્ય સંરક્ષણ સપ્લાયર છે, જ્યારે ભારત તેની ક્રૂડ ઓઈલની જરૂરિયાતો માટે ઈરાન પર નિર્ભર છે. વડાપ્રધાન મોદીની અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથેની મુલાકાતના કેટલાક મહત્વપૂર્ણ પરિણામો દેશના લોકો માટે સારા છે. મને લાગે છે કે આમાં કંઈક સકારાત્મક સિદ્ધિ મળી છે, એક ભારતીય તરીકે હું તેની પ્રશંસા કરું છું. આ બાબતમાં, મેં ફક્ત રાષ્ટ્રીય હિતમાં વાત કરી છે.

### શશિ થરૂરના કોંગ્રેસ સાથેના અણબનાવના અહેવાલો પણ હતા

18 ફેબ્રુઆરીએ રાહુલ ગાંધી અને શશિ થરૂર વચ્ચે મુલાકાતના સમાચાર આવ્યા હતા. અહેવાલો અનુસાર, થરૂરે રાહુલને કહ્યું હતું કે મને સંસદમાં મહત્વપૂર્ણ ચર્ચાઓમાં બોલવાનો મોકો મળતો નથી. પાર્ટીમાં મારી અવગણના થઈ રહી છે. હું પાર્ટીમાં મારા સ્થાન વિશે મૂંઝવણમાં છું. રાહુલ ગાંધીએ મારી ભૂમિકા સ્પષ્ટ કરવી જોઈએ. રાહુલ ગાંધીએ શશિ થરૂરની ફરિયાદોનો કોઈ ચોક્કસ જવાબ આપ્યો ન હતો. થરૂરને લાગ્યું કે રાહુલ આ મામલે કંઈ કરવા તૈયાર નથી.

# ઓડિશામાં કરા પડવાથી 2 લોકોના મોત

## 17 રાજ્યોમાં વરસાદની શક્યતા

(એજન્સી) નવી દિલ્હી । તા. 23

દેશના 17 રાજ્યોમાં વરસાદની શક્યતા છે. આમાં બિહાર, છત્તીસગઢ, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, તેલંગાણા, કર્ણાટક, આંધ્રપ્રદેશ, ગુજરાત, કેરળ અને ઉત્તર પૂર્વ રાજ્યોનો સમાવેશ થાય છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે 2025માં પણ સામાન્ય કરતાં વધુ ગરમી પડશે. આ પરિસ્થિતિઓ હીટવેવની ગંભીરતા દર્શાવે છે. સસ્ટેનેબલ ફ્યુચર કોલાબોરેટિવ, હાર્વર્ડ યુનિવર્સિટી, પ્રિન્સટન યુનિવર્સિટી, યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયા અને કિંગ્સ કોલેજ લંડનના રિસર્ચરોના સંયુક્ત રિપોર્ટમાં ખુલાસો થયો છે.

### 24 કલાક દરમિયાન ભારે પવન ફૂંકાવાની આગાહી

હવામાન વિભાગે જણાવ્યું છે કે આગામી 24 કલાક દરમિયાન જગતસિંહપુર, કટક, ઢેંકનાલ, અંગુલ, દેવગઢ અને સુંદરગઢ જિલ્લામાં કેટલાક સ્થળોએ વીજળી અને કરા પડવાની શક્યતા છે, સાથે જ 50-60 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે.

# દક્ષિણ કોરિયાના જંગલોમાં ભયાનક આગ લાગી...



**30થી વધુ હેલિકોપ્ટર દ્વારા આગ ઓલવવાના પ્રયાસ**

(એજન્સી) સાન્ચેઓંગ । તા. 23

દક્ષિણ કોરિયાના 20 જંગલોમાં ભયાનક આગ લાગી છે. દક્ષિણ-પૂર્વ કોરિયા દ્વીપકલ્પમાં આગ ફેલાતા હજારો મકાનો ખાલી કરાવાયા છે, જ્યારે 1500થી વધુ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે. અહેવાલો મુજબ આગને ઓલવવા માટે ફાયર બ્રિગેડની ગાડીઓ સહિત હેલિકોપ્ટરનો પણ સહારો લેવા છે. આગ પર કાબુ મેળવવા માટે 30 હેલિકોપ્ટર તેમજ ફાયર બ્રિગેડના અનેક કર્મચારીઓ પ્રયાસ કરીરહ્યા છે. ઘટનામાં ફાયર બ્રિગેડને બે કર્મચારીઓ સહિત 4 લોકોના મોત અને અન્ય છ લોકો ઈજાગ્રસ્ત થયા હોવાની માહિતી સામે આવી છે. સોશિયલ મીડિયા પર ભયાનક આગના અનેક વીડિયો વાયરલ થયા છે. વીડિયોમાં જંગલના અનેક વિસ્તારોમાં આગની જ્વાળાઓ તેમજ દૂર દૂર સુધી ધુમાળાના ગોટેગોટા જોવા મળી રહ્યા છે. અધિકારીઓએ કહ્યું કે, સાન્ચેઓંગમાં લાગેલી આગ લગભગ 30 ટકા કાબુમાં આવી ગઈ છે.

**▪ ભારે પવનના કારણે આગ પર કાબુ મેળવવામાં મુશ્કેલી :** દક્ષિણ કોરિયાના વિવિધ ભાગોમાં આગ ફેલાતા એકતરફ સ્થાનિક રહેવાસીઓની ચિંતા વધારી દીધી છે, તો બીજીતરફ ફાયર બ્રિગેડની ટીમ, પોલીસની ટીમ અને અધિકારીઓ દોડતા થઈ ગયા છે. હાલ ફાયર બ્રિગેડની ટીમ આગ ઓલવવા માટે તમામ પ્રયાસો કરી રહી છે, જોકે ભારે ધુમાડો અને તીવ્ર પવનના કારણે આગ પર કાબુ મેળવવો મુશ્કેલ બની ગયો છે.

**▪ હજારો મકાન ખાલી કરાવાયા, લોકોને સુરક્ષિત સ્થળે ખસેડાયા :** દક્ષિણ ગ્યોંગસાંગ પ્રાંતમાં શુક્રવારે શરૂ થયેલી આગ આજે પણ કાબુમાં આવી શકી નથી. અત્યાર સુધીમાં 300થી વધુ એકર ક્ષેત્રમાં આગ ફેલાઈ ગઈ છે. આગ પર કાબુ મેળવવાનો પ્રયાસ કરી રહેલા ફાયર બ્રિગેડના બે કર્મચારીઓના મોત થયા છે. અધિકારીઓના જણાવ્યા મુજબ 200થી વધુ લોકો પોતાનું ઘર છોડવા મજબૂર થયા છે, જ્યારે હજારો લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે.

# પટનામાં હોસ્પિટલના મહિલા ડિરેક્ટરની હત્યા

## ડોક્ટરના ચેમ્બરમાં ઘૂસીને 6 ગોળી મારી

(એજન્સી) પટના । તા. 23

પટનામાં એશિયા હોસ્પિટલના ડિરેક્ટર સુરભિ રાજની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. હુમલાખોરો હોસ્પિટલમાં ઘૂસી ગયા અને ડિરેક્ટરને છ ગોળી મારી. આ ઘટના બપોરે 3:30 વાગ્યે બની હતી. ઓપીડી દરમિયાન દર્દીઓની ભારે ભીડ હતી. પછી કેટલાક લોકો ડિરેક્ટર સુરભિ રાજના ચેમ્બરમાં ઘૂસી ગયા અને એક પછી એક 6-7 ગોળીઓ ચલાવી. પોલીસના જણાવ્યા અનુસાર, 30 વર્ષીય સુરભીને ગોળી માર્યા બાદ, બદમાશોએ ડિરેક્ટરની ચેમ્બર ધોઈ હતી. પોલીસના જણાવ્યા અનુસાર, ગુનેગારોએ પુરાવાનો નાશ કરવાનો પ્રયાસ કર્યો છે. તેની ચકાસણી કરવામાં આવી રહી છે. હત્યાનું કારણ હજુ સ્પષ્ટ થયું નથી. અડધા કલાક પછી તેણે કહ્યું કે તેના માથામાંથી છરા નીકળ્યા છે. મને ખબર પડી કે 6 ગોળીઓ ચલાવવામાં આવી હતી. કોઈના પર કોઈ શંકા નથી. મને લાગે છે કે આ એક પૂર્વ-આયોજિત હત્યા છે. કેટલાક લોકો જમાઈ સાથે ઝઘડો કરી રહ્યા હતા.



### પરસ્પર દુશ્મનાવટ અને ખંડણીના દૃષ્ટિકોણથી તપાસ

પોલીસના જણાવ્યા અનુસાર, આ મામલાની તપાસ અનેક પાસાઓથી કરવામાં આવી રહી છે, જેમાં વ્યક્તિગત દુશ્મનાવટ અને ખંડણીનો સમાવેશ થાય છે. પટણા શહેરના એએસપી અતુલેશ ઝાએ જણાવ્યું હતું કે, 'જ્યારે કેટલાક સ્ટાફ ડિરેક્ટરના રૂમમાં ગયા ત્યારે તેમને સુરભિ રાજ બેભાન અને લોહીથી લથપથ હાલતમાં મળી આવ્યા.' તેમને ICUમાં ખસેડવામાં આવ્યા હતા. ત્યારબાદ તેમને એઈમ્સ લઈ જવામાં આવ્યા.

# જસ્ટિસ યશવંત વર્માના ઘર પાસે બળી ગયેલી નોટોના નવા 'પુરાવા' મળ્યા? વધુ એક વીડિયો સામે આવ્યો

## દિલ્હી હાઈકોર્ટના ન્યાયાધીશ યશવંત વર્માના ઘરે કથિત કેશ કૌભાંડની તપાસ તેજ થઈ

(એજન્સી) નવીદિલ્હી । તા. 23

દિલ્હી હાઈકોર્ટના ન્યાયાધીશ યશવંત વર્માના ઘરે કથિત કેશ કૌભાંડની તપાસ તેજ થઈ ગઈ છે. દરમિયાન તેના ઘરની બહારથી બળી ગયેલી નોટોના બંડલની તસવીરો સામે આવી છે. કાટમાળ પણ બળી ગયેલો મળી આવ્યો હતો. તેમાં બળી ગયેલી નોટો પણ જોવા મળી હતી. સીજેઆઈએ જસ્ટિસ વર્માના નિવાસ સંકુલમાં આગની ઘટના અને પછી રોકડ કૌભાંડની તપાસ શરૂ કરી છે. ત્રણ સભ્યોની સમિતિની રચના કરવામાં આવી છે. ભારતના ચીફ જસ્ટિસે દિલ્હી હાઈકોર્ટના ચીફ જસ્ટિસના મંતવ્યો પણ શેર કર્યા છે. સુપ્રીમ કોર્ટે જસ્ટિસ વર્માના ઘરની અંદરનો વીડિયો જાહેર કર્યો છે. જેમાં ચારથી પાંચ બોરીઓમાં અડધી બળેલી નોટો નજરે પડે છે.

**ફાયર બ્રિગેડના વડાએ શું કહ્યું?** રવિવારે સુપ્રીમ કોર્ટના અધિકારીઓ તપાસના સંબંધમાં ભીકાજી કામા પ્લેસ સ્થિત દિલ્હી ફાયર સર્વિસ સ્ટેશન પહોંચ્યા હતા. અહીં દિલ્હી ફાયર બ્રિગેડના વડા અતુલ ગર્ગનું નિવાસસ્થાન છે. અતુલનું નિવેદન બે દિવસ પહેલા ચર્ચામાં આવ્યું હતું. તેમણે દાવો કર્યો હતો કે જસ્ટિસ વર્માના ઘરે ફાયર બ્રિગેડના જવાનોને કોઈ રોકડ મળી નથી.

**સુપ્રીમ કોર્ટે સમગ્ર મામલો જાહેર કર્યો :** જે બાદ શનિવારે મોડી રાત્રે સુપ્રીમ કોર્ટે બળી ગયેલી નોટોની તસવીરો અને સમગ્ર મામલો સાર્વજનિક કરી દીધો હતો. જસ્ટિસ વર્માના ઘરે જંગી રોકડની કથિત શોધમાં SCએ તેની વેબસાઈટ પર ઈન-હાઉસ તપાસ રિપોર્ટ અપલોડ કર્યો, જેમાં ફોટા અને વીડિયો પણ સામેલ છે. 25 પાનાના રિપોર્ટમાં એ પણ ભલામણ કરવામાં આવી છે કે જસ્ટિસ વર્માને કોઈ ન્યાયિક કામ ન સોંપવામાં આવે.



### હવે ઘરની બહાર નોટોના અવશેષો મળી આવ્યા

જસ્ટિસ વર્માનું નિવાસસ્થાન લ્યુટિયન્સ દિલ્હીના તુઘલક રોડ પર છે. 14 માર્ચે જ્યારે આ આવાસમાં આગ લાગી ત્યારે ફાયર બ્રિગેડ અને પોલીસની ટીમ ત્યાં પહોંચી ગઇ હતી. અધિકારીઓ જ્યારે ઘરની અંદરના સ્ટોર રૂમમાં પહોંચ્યા જ્યાં આગ લાગી તો તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા કારણ કે ત્યાં બોરીઓમાં નોટોના બંડલ જોવા મળ્યા હતા. જેમાં કેટલીક નોટો બળી ગઇ હતી. જ્યારે એનડીએમસીની ટીમ રવિવારે આ વિસ્તારની સફાઇ માટે પહોંચી ત્યારે જસ્ટિસ વર્માના ઘરની બહાર બળી ગયેલી નોટોના અવશેષો મળી આવ્યા હતા. વિઝ્યુઅલમાં સ્પષ્ટ દેખાઇ રહ્યું હતું કે 500 રૂપિયાની બળી ગયેલી નોટો પણ કાટમાળમાં પડેલી હતી

# કાશ્મીરમાં પર્યટકોને લઈ જતી કાર ખીણમાં ખાબકી

## 3ના મોત નિપજ્યા, 14 લોકો ઈજાગ્રસ્ત થયા



(એજન્સી) કાશ્મીર । તા. 23

જમ્મુ- કાશ્મીરના ગાંદરબલ જિલ્લાના ગુંડ કંગન વિસ્તાર નજીક એક રોડ અકસ્માતમાં ત્રણ પર્યટકોના મોત થયા હોવાના સમાચાર છે, જ્યારે અન્ય 14 લોકો ઘાયલ થયા છે. મળતી માહિતી પ્રમાણે ટોયોટા ઈટિઓસ કાર બસ સાથે અથડાતાં આ ભયાનક અકસ્માત થયો હતો. આ દરમિયાન બસે કાબુ ગુમાવી દીધો હતો જેના કારણે બસ ખાડામાં પડી ગઈ હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે ત્રણ પ્રવાસીઓના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા. જ્યારે 14 લોકો ઘાયલ થયા હતાં. જેમને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

### કેટલાક ઘાયલોની હાલત ગંભીર

દુર્ઘટનામાં ઘાયલ થયેલામાંથી કેટલાક લોકોની હાલત ખૂબ જ ગંભીર હોવાનું કહેવાય છે. દુર્ઘટનાની માહિતી મળતા જ પોલીસ અને રાહત ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. અને બચાવ કાર્ય શરૂ કરવામાં આવ્યું હતું. જોકે, હજુ સુધી ઘાયલોની ઓળખ થઈ શકી નથી. ઘાયલ મુસાફરોની સારવાર ચાલી રહી છે.

# સાસણગીરના રિસોર્ટમાંથી જુગારધામ ઝડપાયું, 50થી વધુ જુગારીઓ ઝડપાયા



## 25 લાખ રોકડા ઝડપાયા

### જુગારીઓ મહેસાણા અને કડીના હોવાનું ખુલ્યું

(એજન્સી) સાસણગીર | તા.23

રાજ્યમાં ફરી એક વખત જુગારધામ ઝડપાયું છે. ગીર સોમનાથના સાસણ ગીરના રિસોર્ટમાં જુગારધામ ઝડપાયું છે. ધ ગીર પ્રાઈમ રિસોર્ટમાં જુગારધામ ચાલતું હતું. ગીર સોમનાથ LCBને મોટી સફળતા મળી છે. સંગોદ્રા ચિત્રાવડ વચ્ચે આવેલા ધ ગીર પ્રાઈમ રિસોર્ટમાં જુગારધામ ચાલતું હતું. 50થી વધુ જુગારીઓ અને 25 લાખ રૂપિયા રોકડા ઝડપાયા છે.

તમને જણાવી દઈએ કે ગીર સોમનાથ LCBને બાતમી મળી હતી કે રિસોર્ટના એક રૂમમાં મોટા પ્રમાણમાં જુગારધામ ચાલી રહ્યું છે. ત્યારે જુગાર સાથે દારૂની પણ રેલમછેલ સામે આવી છે. 10થી વધુ ફોરવીલ સાથે કરોડો રૂપિયાનો મુદ્દામાલ LCBની ટીમે જપ્ત કર્યો છે. આ તમામ જુગારીઓ મહેસાણા અને કડીના હોવાનું સામે આવ્યું છે.

**બાવળાના ધરજી ગામેથી 18 જુગારી ઝડપાયા :** ઉલ્લેખનીય છે કે 13 માર્ચે અમદાવાદ ગ્રામ્ય LCB ટીમે બાવળાના ધરજી ગામે જુગારધામ પર દરોડા પાડ્યા હતા. દરોડા દરમિયાન 18 જુગારીઓ જૂગાર રમતા ઝડપાયા હતા. પોલીસે કુલ 15 લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. નળસરોવર પોલીસ મથકે જુગારીઓ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. બાવળા તાલુકાના ધરજી ગામે ધમધમતું જુગારધામ પર બાતમીના આધારે અમદાવાદ ગ્રામ્ય LCB ટીમે દરોડા પાડ્યા હતા. મળતી માહિતી મુજબ, બાવળા તાલુકાના ધરજી ગામે 18થી વધુ જુગારીઓ ખુલ્લેઆમ જુગાર રમતા હતા, તેવામાં અમદાવાદ ગ્રામ્ય LCB ટીમે દરોડા પાડતા જુગારીઓમાં ફફડાટ ફેલાવા લાગ્યો હતો. જુગારીઓ પોલીસ પકડથી દૂર રહેવા ભાગવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. તેવામાં અમદાવાદ ગ્રામ્ય LCB ટીમે જુગાર રમતા 18 શખ્સને ઝડપી પાડ્યા હતા.

### ચોર્યાસીના મોરા ખાતે 'જનભાગીદારીથી જળસંચય'ના

# 27,300 કામોનું ઈ-ખાતમૂહુર્ત કરતા સી.આર.પાટીલ

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ



ભારત સરકારના જળ શક્તિ મંત્રાલય અને ગુજરાત સરકારના સંયુક્ત ઉપક્રમે સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકાના મોરા ગામ ખાતે 'જનભાગીદારીથી જળસંચય' અભિયાન અંતર્ગત જિલ્લામાં આવેલ વિવિધ ઔધોગિક સંસ્થાઓ અને ઉધોગોના કોર્પોરેટ સોશીયલ રિસ્પોન્સીબીલીટી (CSR) અંતર્ગત ૨૭,૩૦૦ રેઈન વોટર હાર્વેસ્ટિંગના થનારા કામોનું કેન્દ્રીય જળશક્તિમંત્રી સી.આર. પાટીલના હસ્તે ઈ-ખાતમૂહુર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાંસદ મુકેશભાઈ દલાલ, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, વન, પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે કેન્દ્રીય જળશક્તિમંત્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી 'કેચ ધ રેન', રેઈન વોટર હાર્વેસ્ટિંગ, જળ સંચય જન ભાગીદારીથી જન આંદોલનમાં પરિવર્તિત કરતો સુરત જિલ્લો સમગ્ર દેશમાં પ્રથમ રહ્યો છે. પાણીની જરૂરીયાત કાંઠા વિસ્તારમાં રહેતા ભાઈ-બહેનો સારી રીતે જાણે છે. પ્રધાનમંત્રીના જલ જીવન મિશન હેઠળ દરેક ઘરે નલ અને નલ સે જળ આપવામાં આવી રહ્યું છે. વધુમાં જળશક્તિમંત્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ મહિલાઓની પાણીની સમસ્યાને સમજી ઘરે ઘરે પાણી પહોંચાડ્યું છે. પહેલા બહેનોએ દૂર સુધી ચાલતા માથા પર બેડા ઉચકીને પાણી ભરવા જવું પડતું હતું. દેશની બહેનોને પાણી ક્વોલિટી ચેક કરવા માટે સમગ્ર દેશના પાંચ લાખ ગામોમાં બહેનોને ટ્રેનિંગની સાથે કીટ આપવામાં આવી છે. જેનાથી પાણીની ક્વોલિટી ચેક કરવાની જવાબદારી બહેનો સુપેરે નિભાવી રહી છે. અશુધ્ધ પાણીને કારણે બાળકોના મુત્યુ થતા હતા જેમાં પણ નોંધપાત્ર સુધારો થયો છે. વડાપ્રધાનશ્રીની પાણીની અનેક યોજનાઓને કારણે પરિવારજનોના આરોગ્યમાં સુધારો થયો છે. વધુમાં પાટીલે કહ્યું હતું કે, દરેક ઘરમાંથી બાળકો, વડીલો બિમાર થતા ત્યારે બિમારી પાછળ પરિવાર દીઠ અંદાજીત ૫૦ હજાર ખર્ચ થતો હતો. પાણીની જરૂરીયાત મુજબ માનવ જીવન, ખેતીમાં સિંચાઈ, ઈન્ડસ્ટ્રીઝના વપરાશ, કોમ્યુનિટી માટે સમગ્ર દેશમાં પાણીનો જથ્થો માત્ર ચાર ટકા પાણી પીવા લાયક છે. વિશ્વની વસતી સામે ૧૮ ટકા વસતી આપણા દેશમાં છે. અને સમગ્ર વિશ્વમાં પશુધન સરખામણીએ આપણા દેશમાં ૧૮ ટકા પશુધન છે. ચાર ટકા પાણીનો સદઉપયોગ થાય તો કોઈ પણ પાણી વગર ક્યારેય નહી રહે તે વ્યવસ્થા તરફ આપણો દેશ આગળ વધી રહ્યો છે.

# અમરેલી-જાફરાબાદ, જાફરાબાદ-રાજકોટ લોકલ બસ બંધ કરાતા મુસાફરમાં આક્રોશ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

અમરેલી -જાફરાબાદ- જાફરાબાદ-રાજકોટ લોકલ બસ ચાલતી હતી તે લાંબા સમયથી બંધ કરી દેવામાં આવી છે. એસટી તંત્ર ના બહેરા કાને આ બાબત ધ્યાન ઉપર આવશે...?? મુસાફરો થઈ રહ્યા છે.

હેરાન પરેશાન એસટી તંત્ર ધ્યાન આપશે કે..??અમરેલી ડેપોની એસટી બસ જે વર્ષોથી અમરેલી થી ૯ વાગ્યે ઉપરીને ૧.૩૨ ના સમયે જાફરાબાદ આવતી હતી જે જાફરાબાદ થી ૧.૪૫ વાગ્યે જાફરાબાદ થઈ રાજકોટ જતી હતી આ લોકલ બસમાં બહોળી સંખ્યામાં મુસાફરો મુસાફરી કરતા હતા અને એસટી તંત્ર ને સારી એવી આવક મળતી હતી પરંતુ કોઈ અક્કલ કારણો સર એસટી તંત્ર દ્વારા પોતાના મનસ્વી રીતે અને તઘલગી નિર્ણય કરીને આ સારી એવી આવક મેળવતી બસને મુસાફર જનતા ની સુવિધા ઝુંટવી લેવામાં આવી છે. આ બાબતે નાગરિકો એ તેમજ પત્રકારો એ ટેલિફોનીક રજુઆત કરવા છતાં પણ અમરેલી ડેપો મેનેજર કરી રહ્યા છે.

આંખ આડા કાન આ બાબતે મુસાફર જનતા ના હિતમાં આ બસ ચાલુ નહીં કરવામાં આવે તો ના છુટકે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડે અને કાયદો વ્યવસ્થા ની સંપૂર્ણ જવાબદારી એસટી તંત્ર ની રહે છે. આ બાબતની ગંભીરતા શું એસટી તંત્ર ધ્યાન ઉપર લેશે ..?

# ઉનાળાનો પ્રારંભ થતાં વામન કદના મહેન્દ્રભાઈની પગરખાંની પરબ ચાલુ : 500થી વધુ પગરખા વિતરણ કર્યા



ભરત શાહ | નર્મદા

નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના માંગરોળ ગામના વામન કદ ના મહેન્દ્રભાઈ પ્રજાપતિ એ ઉનાળાની સીઝન શરૂ થતા અને ગરમી વધતા પગપાળા જતા જરૂરિયાતમંદ ને પગરખા પહેરાવવા પગરખા ની પરબ નામથી સેવાકાર્ય કરે છે તાજેતરમાં મહેન્દ્રભાઈ એ કલીમકવાણા ગામની આશ્રમ શાળા માં પહોંચી ને ત્યાંના તમામ બાળકો ને ચપ્પલ વિતરણ કર્યા હતા જ્યાંથી પોઇચા પ્રાથમિક શાળા માં પહોંચી 130 જેટલી દીકરીઓને પગરખાં પહેરાવ્યા હતા. રસ્તામાં ખેત મજૂરો મળી ગયા જોયું તો તેમના પગ માં મોટાભાગના મજૂરો એ ચપ્પલ નહોતા પહેર્યા જેમના પગમાં હતા તે પણ તૂટેલા હતા એટલે ત્યાં પગરખા ની પરબ નો રથ રોકાઈ ગયો અને તમામ બાળકો મોટા, મહિલાઓ પુરુષો, વૃધો ને ચપ્પલ પહેરાવ્યા આમ ઉનાળો ચાલુ થતા આ સીઝન માં 500 જેટલી જોડ તો મહેન્દ્રભાઈ લોકોને પહેરાવી ચુક્યા છે.

### બાળકોની સુરક્ષા અને કલ્યાણ સાથે

# અનાથ બાળકોના વ્હારે આવતી બનાસકાંઠા પોલીસ

માહિતી બ્યુરો | પાલનપુર



જુવેનાઈલ જસ્ટીસ એક્ટ ૨૦૧૫ અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં બાળકોની સુરક્ષા અને કલ્યાણ માટે પોલીસ સ્ટેશન દીઠ બે ચાઈલ્ડ વેલફેર પોલીસ ઓફિસરની નિમણૂક કરાઈ છે. આ માટે પોલીસ વિભાગના જવાનોને વિશેષ તાલીમ આપવામાં આવી છે. સરકારશ્રીની પાલક માતા પિતા યોજના અન્વયે બાળ સુરક્ષા કચેરી, બનાસકાંઠા દ્વારા જિલ્લાના અનાથ બાળકોને શિક્ષણ અને તેમના વિકાસ માટે સરકારશ્રી દ્વારા પ્રતિ માસ ત્રણ હજાર રૂપિયાની સહાય આપવામાં આવે છે. તેમજ આ યોજનાની લાભાર્થી દીકરીઓને લગ્ન સમયે રૂપિયા ૨ લાખની સહાય પણ આપવામાં આવે છે.

બનાસકાંઠા જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી અક્ષયરાજ મકવાણાના માર્ગદર્શન હેઠળ પોલીસ વિભાગના જવાનો અનાથ બાળકોની શોધખોળ કરી સંવેદના દાખવી યોજનાની માહિતી તથા લાભ અપાવવામાં અગ્રેસર બન્યા છે. બાળકોની સુરક્ષા સાથે કલ્યાણ કરતી બનાસકાંઠા પોલીસ વિભાગના આગથળા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલશ્રી જગદીશભાઈ.એસ. ચૌધરીએ અનાથ બાળકને શોધીને તેને લાભ અપાવવામાં પહેલ કરી હતી. તેમણે યોજનાનો લાભ અપાવવા જરૂરી તમામ દસ્તાવેજો એકઠા કર્યા હતા. જિલ્લા બાળ સુરક્ષા કચેરી પાલનપુરના સંકલન સાથે અનાથ બાળકને લાભ અપાવ્યો હતો.

આ પોલીસ જવાને લાખણી તાલુકાના એક ગામમાં એક અનાથ બાળકને તમામ પ્રકારની મદદ કરી ચાલુ માસે બાળકને રૂપિયા ૩૦૦૦ની માસિક સહાય ચાલુ કરાવીને માનવતાનું ઉદાહરણ પૂરું પાડ્યું છે. અગાઉ પણ આગથળા પોલીસ સ્ટેશનના એક બાળ કલ્યાણ પોલીસ અધિકારી (CWPO) દ્વારા આ પ્રકારે જ સેવાકીય કામગીરી કરાઈ હતી. આ તબક્કે જિલ્લા બાળ સુરક્ષા વિભાગ ટીમ અને લાખણી તાલુકામાં કાર્યરત કર્મચારીશ્રી ભરતભાઈ ચોરાશિયા પોલીસ વિભાગનો વિશેષ આભાર વ્યક્ત કર્યો હતો.

### રાજ્ય સરકાર દ્વારા રવિ માર્કેટીંગ સીઝન 2025-26 અંતર્ગત

# ખેડુતો પાસેથી લઘુતમ ટેકાના ભાવે ઘઉંની સીધી ખરીદી અંગે નોંધણીની મુદતમાં વધારો કરાયો

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

ભારત સરકાર દ્વારા રવિ માર્કેટીંગ સીઝન ૨૦૨૫-૨૬ માટે ઘઉંનો લઘુત્તમ ટેકાના ભાવ રૂ. ૨.૪૨૫/- પ્રતિ ક્વિન્ટલ જાહેર કરવામાં આવેલ છે. જે અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને તેઓના ઉપ્તાદનના પોષણક્ષમ ભાવ મળી રહેવા પામે તે માટે ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી. ને "નોડલ એજન્સી" તરીકે નિયુક્ત કરી તા. ૧૭/૦૩/૨૦૨૫ થી ઘઉં ની ખરીદી હાથ ધરવામાં આવેલ છે. નોંધણી-: લઘુતમ ટેકાના ભાવે ઘઉંના વેચાણ કરવા ઈચ્છા ધરાવતા ખેડૂતોની ઓનલાઈન નોંધણી સમગ્ર રાજ્યમાં સ્થાનિકે ગ્રામ્ય કક્ષાએ VCE મારફતે ૦૧/૦૧/૨૦૨૫ થી ૧૬/૦૩/૨૦૨૫ સુધી હાથ ધરવામાં આવેલ, જેમાં વધારો કરી તા. ૦૫/૦૪/૨૦૨૫ સુધીની કરવામાં આવેલ છે. જેથી નોંધણી કરાવવા તમામ ખેડૂત મિત્રોને અપીલ કરવામાં આવે છે. ખેડૂત ખાતેદારના બાયોમેટ્રીક ઓથેન્ટીકેશન દ્વારા નોંધણી કરવામાં આવશે જેની નોંધ લેવા વિનંતી. ડોક્યુમેન્ટ્સ -:નોંધણી માટે જરૂરી પુરાવા જેવા કે, આધાર કાર્ડની નકલ, અધ્યતન ગામ નમૂનો, ૭/૧૨ .૮/અ તેમજ પાકની વાવણી અંગેની એન્ટ્રી ૭/૧૨ કે ૮અ માં ન થઈ હોય તો તલાટીના સહી સિક્કા વાળો દાખલો, ખેડૂતના નામના બેંક ખાતાની વિગત બેંક પાસબૂકની ઝેરોક્ષ નકલ અથવા કેન્સલ ચેકની નકલ સાથે લાવવાની રહેશે.

રાજ્યના ખેડૂતો તેઓનો પાક લઘુતમ ટેકાના ભાવે વેચાણ કરવા ઈચ્છુક હોય તો તેઓની ઓનલાઇન નોંધણી ફરજીયાત હોઇ આ માટે સંબંધિત ગ્રામપંચાયતનો સંપર્ક કરી નોંધણી કરાવવા ખાસ અનુરોધ છે. SMS:- ટેકાના ભાવે ખરીદી માટે રજીસ્ટ્રેશન કરાવેલ ખેડૂતોને SMS મારફતે ખરીદી અંગેની જાણ કરવામાં આવશે.

ખરીદી સમયે ખેડૂતે પોતાનું આધારકાર્ડ/ ઓળખપત્ર સાથે રાખવાનું રહેશે ખેડૂત ખાતેદાર બાયોમેટ્રીક ઓથેન્ટીકેશન દ્વારા જ જથ્થો ખરીદી કરવામાં આવશે જેની નોંધ લેશો ડોક્યુમેન્ટની ચકાસણી દરમ્યાન જો ખોટા ડોક્યુમેન્ટ અપલોડ કરાયા હોવાનું ધ્યાને આવશે તેવા કિસ્સામાં આપનો ક્રમ રદ થશે અને ખરીદી માટે આપને જાણ નહી કરવામાં આવે તેની ખેડૂત મિત્રોએ નોંધ લેવી.

# ડાંગ જિલ્લાના જામલાપાડા ગામમાં ભૂમિ સુપોષણ કાર્યક્રમ સંપન્ન



સુશીલ પવાર | ડાંગ

ડાંગ જિલ્લાના જામલાપાડા ગામમાં 22મી માર્ચ 2025નાં રોજ ડૉ. આંબેડકર વનવાસી કલ્યાણ ટ્રસ્ટ અને અક્ષય કૃષિ પરિવાર દ્વારા સંયુક્ત રીતે ભૂમિ સુપોષણ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યુ હતુ.આ કાર્યક્રમ ડૉ. આંબેડકર વનવાસી કલ્યાણ ટ્રસ્ટના માર્ગદર્શન હેઠળ પ્રકૃતિ ગ્રામ વિકાસ મંડળના સહયોગથી યોજાયો હતો.આ કાર્યક્રમની અધ્યક્ષતા ટ્રસ્ટના અધ્યક્ષ તુલસીભાઈ માવાણીએ કરી હતી, જ્યારે સુરતના ઉદ્યોગપતિ કિરીટભાઈ સોનાણી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.આ કાર્યક્રમની શરૂઆત સંજીતા બહેનના પ્રકૃતિ ગીતથી થઈ હતી.અહી પ્રકલ્પ નિર્દેશક નરેન્દ્રસિંહ રહેવરે પર્યાવરણ સંરક્ષણ અને માટીની ફળદ્રુપતા જાળવવા પર ભાર મૂક્યો હતો. તુલસીભાઈ માવાણીએ ડાંગ જિલ્લાના 311 ગામોમાં ભૂમિ સુપોષણ અભિયાન પહોંચાડવાનું આહ્વાન કર્યું હતુ.આ કાર્યક્રમમાં ઉપસ્થિત સૌએ ખેતરની માટીનું પૂજન, વૃક્ષ પૂજન, બીજ પૂજન અને જળ પૂજન કરીને ભૂમિ સુપોષણ માટે સંકલ્પ લીધો હતો.આ કાર્યક્રમનું સંચાલન સંજીતા બહેન અને ગીરીશભાઈએ કર્યું હતું.અને ધરતી માતાની આરતી સાથે કાર્યક્રમનું સમાપન થયુ હતુ.

# ખેડા જિલ્લા (થર્મલ)નું ગૌરવ

અશેષ વ્યાસ | તા.23



ગુજરાત રાજ્ય યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગાંધીનગર વિભાગ આયોજીત કલા મહાકુંભ સ્પર્ધા ૨૦૨૪-૨૫ રાજ્ય કક્ષાની સ્પર્ધા ૨૦ માર્ચ ૨૦૨૫ ના રોજ ગાંધીનગર ખાતે યોજાઈ હતી જેમાં વિદ્યુત બોર્ડ વિધાલય વણાકબોરી થર્મલ હાઈસ્કૂલ ની ધોરણ ૧૦ ની વિધાર્થી ની પરમાર ગાર્ગી પ્રકાશભાઈ ગઝલ શાયરી લેખન (૧૫ થી ૨૦ વર્ષ )વિભાગ બે મા રાજ્ય કક્ષાએ ત્રીજુ સ્થાન મેળવી ખેડા જિલ્લા નુ ગૌરવ વધાર્યું છે તે માટે વિદ્યુત બોર્ડ વિધાલય શાળા ના સંચાલક મંડળ દ્વારા સફળતા પ્રાપ્ત કરનાર વિધાર્થીની ને ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતા.

# આમલેથા વિસ્તારમાં અસામાજીક પ્રવૃત્તિ કરનાર ઈસમો પર કાયદેસર કાર્યવાહી કરતી આમલેથા પોલીસ

ભરત શાહ | નર્મદા



**પોલીસ સાથે વીજ કંપની ની ટીમે પણ ગે.કા વીજ જોડાણ કાપી કાર્યવાહી કરતા ફફડાટ**

ગૃહ મંત્રી તથા ડી.જી.પી ગુ.રાજ્ય ગાંધીનગર નાઓએ અસામાજીક પ્રવૃત્તી સાથે સંકળાયેલ ઈસમો વિરુધ્ધ ૧૦૦ કલાકમાં અસરકારક શિક્ષાત્મક કાર્યવાહી કરવા બાબતે આપેલ કડક નિર્દેશો આધારે સંદિપ સિંહ પોલીસ મહાનિરીક્ષક,વડોદરા વિભાગ વડોદરા તથા પ્રશાંત સુંબે, પોલીસ અધિક્ષક નર્મદાનાઓએ અસામાજીક પ્રવૃત્તી સાથે સંકળાયેલ ઈસમો વિરુધ્ધ શિક્ષાત્મક કાર્યવાહી કરવા આપેલ સુચના મુજબ ઈન્ચાર્જ નાયબ પોલીસ અધીક્ષક વિરલ ચંદન રાજપીપલા વિભાગ નાઓના માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સ્પેક્ટર કે.એ.વાળા આમલેથા પો.સ્ટે. તથા તાબાના પોલીસ માણસોએ આમલેથા પોલીસ સ્ટેશન વિસ્તારના અસામાજીક પ્રવૃતી સાથે સંકળાયેલ ઈસમો (1) રાકેશ ઉર્ફે રાકો મનુભાઈ માછી રહે,ઓરી તા. નાંદોદ જી.નર્મદા (૨) દશરથભાઈ ઉર્ફે દિનેશ ભુદરભાઈ વસાવા રહે, જુનાઘાટા તા.નાંદોદ જી.નર્મદા (૩) દિપકા ઉર્ફે કાલુ સોમાભાઈ વસાવા રહે,પ્રતાપનગર તા. નાંદોદ જી. નર્મદા (૪)રાજેન્દ્રભાઈ ગુલાબસિંગભાઈ વસાવા રહે, જુનાઘાટા તા. નાંદોદ જી.નર્મદાના રહેણાંક મકાને વિજ કનેક્શન ચેક દિપકા ઉર્ફે કાલુ સોમાભાઈ વસાવા રહે. પ્રતાપનગર તા.નાંદોદ જી.નર્મદાનાઓના મકાને ગેરકાયદેશર વિજ કનેક્શન મળી આવતા DGVCL ટીમ દ્વારા આગળની કાયદેસર કાર્યવાહી કરવામાં આવી છે.

# ડાંગના આહવામાં સાયબર જાગૃતિ કાર્યક્રમ યોજાયો, ડિજિટલ અરેસ્ટથી સાવધાન રહેવા પોલીસની અપીલ

સુશીલ પવાર | ડાંગ

આહવા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનનાં પી.આઈ.વી.કે.ગઢવી દ્વારા મિશનપાડા આહવા ખાતે આવેલ ચર્ચ ખાતે સાયબર જાગૃતતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ.આ કાર્યક્રમમાં ડિજિટલ અરેસ્ટથી સાવધાન રહેવા બાબતે લોકોને માહિતી આપવામાં આવી હતી.મિશનપાડા ખાતે રહેતા ઓગસ્ટિન રજવાડે નામના વ્યક્તિને થોડા દિવસ પહેલા વોટ્સએપ વિડીયો કોલ આવ્યો હતો.જેમાં સામેવાળી વ્યક્તિએ પોલીસના યુનિફોર્મમાં મુંબઈ પોલીસ હોવાનું જણાવી ખોટા આરોપો જણાવી ડિજિટલ અરેસ્ટ થવાનુ જણાવ્યુ હતુ.જોકે ઓગસ્ટિન રજવાડે સાવચેત રહ્યા અને તેમણે તાત્કાલિક સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન આહવાને આ ઘટનાની જાણ કરી હતી.જેના કારણે તેઓ સાયબર ક્રાઈમનો ભોગ બનતા બચી ગયા હતા.આ કાર્યક્રમમાં ઓગસ્ટિન રજવાડેએ તેમનો અનુભવ લોકો સાથે શેર કર્યો હતો અને લોકોને સાવચેત રહેવાની સલાહ આપી હતી.પોલીસે લોકોને સમજાવ્યું હતું કે, પોલીસ કે અન્ય કોઈપણ એજન્સી દ્વારા ડિજિટલ અરેસ્ટ કરવામાં આવતી નથી. આ ઉપરાંત, લોકોને સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર ૧૯૩૦ વિશે પણ માહિતી આપવામાં આવી હતી.

# રાજપીપળા શહેરના પ્રશ્નો હલ કરવા કારોબારી ચેરમેન કુલદીપસિંહ ગોહિલે કચેરીનો શુભારંભ કર્યો



ભરત શાહ | નર્મદા

રાજપીપળા નગર પાલિકાના કારોબારી ચેરમેન પૂર્વ પ્રમુખ કુલદીપસિંહ ગોહિલની નવી ઓફિસ નું ઉદઘાટન ભરૂચ સાંસદ મનસુખ વસાવા ના હસ્તે કરવામાં આવ્યું જેમની સાથે મહારાણી રુક્મણિ દેવી પાલિકા ના સભ્યો સહીત આગેવાનો હાજર રહ્યા હતા. સંસદ મનસુખ વસાવા એ યુવા નેતા અને પાલિકા ના કારોબારી અધ્યક્ષ ની કચેરી નો શુભારંભ કરાવ્યાનો અપાર આનંદ અનુભવ્યો હોવાનું અને કુલદીપસિંહ અને તેમનાં પરિવારને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી. હોવાનું સોસીયલ મીડિયામાં સાંસદ મનસુખ વસાવા એ પોસ્ટ કરી હતી. રાજપીપલા નગરપાલિકા પ્રમુખ તરીકે સ્વ.અલ્કેશસિંહ ગોહિલ હતા ત્યારે તેમણે ઓફિસ બનાવી હતી અને નગરના લોકોના પ્રશ્નો આ ઓફિસથી હલ થઈ જતા હતા. તેમના નકશો કદમ પર ચાલતા તેમના પુત્ર કુલદીપસિંહ ગોહિલ હાલ કારોબારી અધ્યક્ષ હોય તેમને પણ લોકોના પ્રશ્નો હલ કરવા નવી ઓફિસ શરૂ કરી છે. અત્યાર સુધી તેઓ ઘરે અને પાલિકા કચેરી બેસી કામ કરતા હતા હવે બજાર માં બેસી ઓફિસમાં થી કામગીરી કરશે.

# ડેડીયાપાડા વીજ કંપનીએ 52 સરકારી ઓફિસોને બાકી વીજ બીલ 8 લાખ 50 હજાર ભરવા નોટિસ ફટકારતા હડકંપ

ભરત શાહ | નર્મદા

નર્મદા જિલ્લાના ડેડીયાપાડા ની વીજ કંપની દ્વારા સરકારી ઓફિસો જે કરોડોના ટર્ન ઓવર કરે છે અને જેના કર્મચારીઓ પણ લાખોની ગાડીઓ ફેરવે છે, આ ઓફિસોના અધિકારીઓ મામૂલી બિલ પણ ભરી ન શકતા માર્ચ એન્ડિંગમાં વીજ કંપની દ્વારા કડક કાર્યભાઈ કરીને 52 ઓફિસોને નોટીસ આપી જ્યારે ડેડીયાપાડા સર્કિટ હાઉસ અને આરએનબીના પંપિંગ હાઉસ ના કનેક્શન કાપી નાખી કડક વલણ અપનાવ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ડેડીયાપાડા ખાતે સમગ્ર જિલ્લામાં સૌપ્રથમ વખત વીજ કંપનીએ સરકારી ઓફિસો કે જેવી વીજળી નું બિલ નથી ભરતી અને લાંબા સમયથી તેમના બિલ પેન્ડિંગ હોવાથી આ વખતે કોઈની પણ તે શરમ રાખ્યા વિના ડેડીયાપાડા ના પ્રાંત અધિકારીને લેખિત અરજી સુપ્રત કરીને વીજ કનેક્શન કાપવાની શરૂઆત કરી દીધી હતી જેમાં બે કનેક્શન કાપવામાં આવ્યા જેમાં આર એન્ડ બી ડેડીયાપાડા ના તાબા હેઠળ નું સર્કિટ હાઉસ અને પાણી નું પંપીંગ સ્ટેશન નું કનેક્શન કપાતા હડકંપ મચ્યો હતો ત્યારબાદ વન વિભાગની તમામ ઓફિસો તેમજ રહેઠાણો અને પાણી પુરવઠા વિભાગની તમામ ઓફિસો, ગ્રામ્ય કક્ષાએ ચાલતી ઓફિસો તાલુકા પંચાયત ઓફિસ ગ્રામ પંચાયતો મળી કુલ 52 જેટલી નોટિસ ફટકારી છે અને કુલ આઠ લાખ પચાસ હજાર રૂપિયા બાકી કાઢ્યા છે અને જો સમય મર્યાદામાં પૈસા નહીં ભરાય તો તેમના કનેક્શન પણ કાપી નાખવાની ચીમકી પણ આપી છે.

જે કોઈ સરકારી ઓફિસરો કે સરકારી કર્મચારીઓ પણ સરકારી બિલના નાણાં ન ભરે તો તેની સામે લાલ આંખ કરવાનો પ્રયત્ન કર્યો છે, બીજી તરફ વીજ કંપની દ્વારા ઉનાળુ, ચોમાસુ, શિયાળો જેવી દરેક ઋતુ માં 24 કલાક અવિરત કામગીરી કરતા હોવા છતાં પણ તેમના વાંક કાઢવામાં આવે છે . જ્યાં સરકારી અધિકારીઓ રાજકારણી નેતાઓ જ્યાં આરામ કરે છે તેવી જગ્યાએ એટલે રેસ્ટ હાઉસમાં પણ તેમના અધિકારીઓએ વીજ બિલ ન ભરતા કનેકશન કાપવામાં આવ્યું છે. અને પાણી વિભાગનું કનેક્શન કપાતા અમુક વિસ્તારમાં લોકોને પાણી વિના રહેવાની નોબત આવી છે.

# ધારી ખાતે icds વિભાગનું સંમેલનમાં ધારી વિસ્તારોની આંગણવાડીની બહેનોના જુના પ્રશ્નો જીલ્લા ઉપાધ્યાય એ સાંભળ્યા હતા

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ધારી આઈ સી ડી એસ નું જીલા ઉપાધ્યાય સરોજબેન દેવમુરારી ની આગેવાની હેઠળ સંમેલન મળિયું ધારી આઈ સી ડી.એસ યુનિયન ના જુના પ્રશ્નો નું નિરાકરણ માટે આ સંમેલન મળિયું હતું ધારી ખાતે icds વિભાગનું સંમેલન યોજાયું હતું. યુનિયન ની કામગીરી અને યુનિયનની કામગીરીમાં જે બહેનો જોડાયેલા છે. તેમને જે કોઈ પ્રશ્ન ની રજૂઆત હોય અને તે પ્રશ્નના નિરાકરણ માટે આજ રોજ મિટિંગ નું આયોજન કરવામાં આવ્યું હતું આ મિટિંગ માં ઉપસ્થિત અતુલભાઈ કાનાણી, પરેશભાઈ પટ્ટણી, મૃગેશભાઈ કોટડીયા, સંજયભાઈ વાળા નું આંગણવાડી ની બહેનો દ્વારા સાલ ઓઢાડી સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતું આ મિટિંગમાં ઉપસ્થિત અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, ધારી તાલુકા ભાજપ પ્રમુખ મૃગેશભાઈ કોટડીયા, અમરેલી જિલ્લા કિસાન મોરચાના મહામંત્રી પરેશભાઈ પટ્ટણી, પત્રકાર સંઘના પ્રમુખ સંજયભાઈ વાળા તેમજ આંગણવાડી ની બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## 8 કિલોમીટરના કેમેરા ચેક કરી ખટોદરા પોલીસને નવજાત બાળકને 10 કલાકે શોધી કાઢ્યું, મહિલાની ધરપકડ

# સિવિલમાંથી પૂર્વ મહિલાકર્મીએ બાળક ચોરી કર્યું, 4 સંતાનો છતાં બાળક જોઈતું હતું

(એજન્સી) સુરત તા 23

નવી સિવિલ હોસ્પિટલમાં પૂર્વ મહિલા સુરક્ષાકર્મી જ નવજાત બાળકને ચોરી ગઈ હતી. પોલીસે ગણતરીના કલાકોમાં બાળકીને શોધી કાઢી મહિલાની ધરપકડ કરી હતી. પાંડેસરા બમરોલી રોડ ગોવર્ધન નગર ખાતે રહેતા 23 વર્ષીય સંધ્યા ધીરજભાઈ શુક્લાએ શુક્રવારે સાંજે બાળકને જન્મ આપ્યો હતો. તબીબે બાળકને તપાસ્યા બાદ સંધ્યાબેનના નણંદ બાળકને અજાણી મહિલા પાસે આપી કપડા લેવા માટે ગયા હતા. દરમ્યાન અજાણી મહિલા બાળકને લઈ પલાયન થઈ ગઈ હતી. કપડા લઈ પરત આવેલી નણંદને અજાણી મહિલા મળી ન આવતા અને બાળક ચોરાઈ ગયાનું ખબર પડી હતી. સિક્યુરીટીએ ના પાડી છતાં નણંદે જ બાળકને અજાણી મહિલાને સોંપ્યું સિવિલ હોસ્પિટલના ઈન્ચાર્જ સુપ્રિન્ટેન્ડેન્ટ ડો. પારૂલ વડગામાએ જણાવ્યું હતું કે પ્રસુતાને સિવિલમાં લઈને આવ્યા ત્યારથી અજાણી મહિલા સાથે ને સાથે હતી. પ્રસુતિ બાદ ગાયનેક વિભાગમાં જ પિડિયાટ્રિશ્યને બાળકને તપાસી લીધું હતું.

ફરીથી તબીબોએ બાળકને તપાસી સ્વસ્થ હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ નણંદે અજાણી મહિલાને બાળક સોંપી દીધું હતું. હાજર સિક્યુરીટી સ્ટાફે મહિલાને બાળક આપવાની ના પાડી હતી. ત્યારે નણંદે મહિલા પરીચીત હોવાનું કહ્યું હતું. ત્રીજા માળે જઈ બાળક થેલીમાં મૂકી દીધું નંણદ પાસેથી બાળક મેળવ્યા બાદ રાધા તેને ત્રીજા માળે લઈ ગઈ હતી. જ્યાં કેમેરા ન હોય તેવી જગ્યાએ જઈ બાળકને થેલીમાં મુકી દીધું હતું અને થેલી લઈ મેઈનગેટથી બહાર નીકળી પલાયન થઈ ગઈ હતી.



## 12 PI, 250 પોલીસકર્મીએ તપાસ કરી

8 કિલોમીટરના એરિયામાં 750 સીસીટીવી કેમેરા ચેક કરી ખટોદરા પોલીસને નવજાત બાળકને 10 કલાકે શોધી કાઢ્યું છે. સિવિલમાંથી શુકવારે રાત્રે 9 વાગ્યે બાળકની ચોરી થઈ હતી. પોલીસને રાત્રે 11.30 વાગ્યે જાણ કરી હતી. આથી ડીસીપી અને પીઆઈ સહિતનો સ્ટાફ હોસ્પિટલમાં આવી ગયો હતો. નવજાત બાળકના અપહરણની ઘટનામાં 1 ડીસીપી, 2 એસીપી અને 12 પીઆઈ સહિત 250 પોલીસકર્મીની અલગ અલગ ટીમોએ રાત્રે 12.00 વાગ્યાથી નવી સિવિલ હોસ્પિટલના એક-એક વોર્ડ સહિત આખા કેમ્પસમાં શોધખોળ કરી હતી.

## 15 દિવસ પહેલાં જ મિસકેરેજ થયું હતું

આરોપી રાધા ઝાને 15 દિવસ પહેલા મિસકેરેજ થયું હતું. રાધાને સંતાનમાં 3 દીકરી અને 1 દીકરો છે. 15 દિવસ પહેલા જ પાંચમાં બાળકનું જન્મ બાદ મોત થયું હતું, આથી મહિલા દુઃખી હતી. રાધાના પતિને સંતાનો પર લાગણી ન હતી. વધુ એક સંતાનની ઈચ્છા વ્યક્ત કરી હતી. પાંચમાં સંતાનનું મોત થતાં પતિ રાજુ સાથે મહિલાનો આ બાબતે ઝઘડાઓ થતા હતા. ઝઘડામાં પતિ તેને ચોર પણ કહેતો હતો. ચોર કહેતા હોવાને કારણે રાધાને લાગી આવતા બાળકની ચોરી કરી હોવાની વાત પોલીસને જણાવી છે.

# ક્રીપ્ટો કરન્સીમાં રોકાણના બહાને છેતરપિંડી: સુરતમાં લોકો સાથે રૂપિયા 1.43 કરોડની છેતરપિંડી

(એજન્સી) સુરત તા 23

પુણાગામ, સરગમ સોસાયટીમાં રહેતા અને વરાછા અંકુર ચાર રસ્તા પાસે એમ્બ્રોઈડરીનું ખાતુ ધરાવતા કારખાનેદાર તેના ભાણેજ સહિતના લોકો પાસેથી - દુબઈની બ્લોકી નેટવર્ક કંપની દ્વારા નવા લોચ કરવામાં આવતા ક્રિપ્ટો કરન્સીમાં મહિને 15થી 30 ટકા વળતર અપાવવાની લોભામણી સ્કીમ આપી યોગીચોકમાં ગેલેરિયા શોપીંગ સેન્ટરમાં ઓફિસ ધરાવતા બેભાગીદારોએ કુલ રૂપિયા 1.43 કરોડનું રોકાણ કરાવ્યા બાદ ઉઠમણું કરી ઓફિસ, મકાનને તાળામારી રફુચક્કર થઈ ગયા હતા. ક્રાઈમ બ્રાન્ચના જણાવ્યા મુજબ પુણાગામ, દાન ગીગેવ સોસાયટીની બાજુમાં, સરગમ સોસાયટીમાં રહેતા મુકેશભાઈ કેશવભાઈ સવાણી (ઉ.વ.44) વરાછા અંકુર ચાર રસ્તા પાસે, દિવાળી બાગ સોસાયટીમાં હસ્તિ ક્રિએશન ફર્મના નામથી એમ્બ્રોઈડરીનું ખાતું ચલાવે જાબવર્કનું કામકાજ કરે છે. મૂળ ભાવનગરના તળાજ તાલુકાના પાદરગઢ ગામના વતની મુકેશભાઈનો ઓક્ટોબર ૨૦૨૨માં યોગીચોક ગેલેરિયા શોપીંગ સેન્ટરમાં ઓફિસ ધરાવતા વિરમ ગોરધન ગોયાણી (રહે, મમતાપાર્કસોસાયટી વિગ-૨, કાપોદ્રા )અને હિરેન કેશુ કુંભાણી (રહે, ઓપેરા પાર્મ, પાસોદરા, ખોલવડ રોડ) સાથે સંપર્ક થયો હતો. આ બંને જણાએ મુકેશભાઈને તેઓ ઓનલાઈન તથા ક્રિપ્ટો કરન્સીનો ધંધો કરતા હોવાનુ કહ્યું હતું. તેમજ તેમની પાસે દુબઈની બ્લોકી નેટવર્ક નામની કંપનીનું પણ રોકાણનું કામ સંભાળે છે. ઘણા લોકો પાસે આ કંપનીમાં રોકાણ કરાવી તેમને ખુબજ નફો કમાવી આપ્યો છે. તમે અમારા હસ્તકે આ કંપનીમાં રોકાણ કરશો તો મહિને 15 થી 30 ટકા સુધીનું વળતર અપાવીશુ હોવાની લોભામણી વાતો કરી હતી. મુકેશભાઈએ અગાઉ પણ વિરમ ગોયાણી મારફતે યશ વર્લ્ડ કંપનીમાં 5500 ડોલરનું રોકાણ કયું હતું ત્યારે છ મહિનામાં સારુ વળતર અપાવ્યું હોવાથી તેના ઉપર વિશ્વસ રાખી તેમના કહેવ મુજબ દુબઈની બ્લોકી નેટવર્ક કંપની દ્વાર લોચ કરવામાં આવેલ નવા બીકેઍક્સ અને બીકેઑન નામના કોઈનમાં ગત તા 22 નવેમ્બર 2022 થી 28 એપ્રિલ 2024 સુધીમાં બેન્ક મારફતે તેમજ રોકડા મળી 86,60,256 નું રોકાણ કયું હતું જયારે તેના ભાણેજ અક્ષય લલ્લુભાઈ લાઠીયા અને તેના મિત્ર પાસેથી રૂપિયા 56,55,712 મળી કુલ રૂપિયા 1,43,25 ,986નું ક્રિપ્ટો કરન્સીમાં રોકાણ કરાવ્યું હતું ત્યરબાદ આરોપીઓઍ તેમના મોબાઈલમાં બ્લોકીની નેટર્વક કંપનીની એપ્લિકેશન તથા અલગ અલગ નામથી આઈડી બનાવી આપી હતી.



## સુરતમાંખંડણીખોરકોર્પોરેટરનીઅટકાયત



**બે અલગ અલગ મામલામાં 1.50 પડાવનાર રાજેશ મોરડિયા સામે ગુના નોંધાયા, AAPએ સસ્પેન્ડ કર્યા બાદ ન ઘરના**

(એજન્સી) સુરત તા 23

સુરત મહાનગરપાલિકામાં કોર્પોરેશનની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીમાંથી ચૂંટણી જીતી કોર્પોરેટર બનેલા અને ત્યાર બાદ ભાજપમાં જોડાવાના અભરખા વચ્ચે સસ્પેન્ડ થયેલા કોર્પોરેટર રાજેશ મોરડિયા સામે ઉત્રાણ પોલીસ મથકમાં બે અલગ અલગ ખંડણીના ગુના નોંધાયા છે. જેમાં એક વ્યક્તિને તેમનું ટેમ્પરરી સ્ટ્રક્ચર તોડાવી દેવાની ધમકી આપી 1 લાખ રૂપિયા પડાવી લીધા હતા. જ્યારે બીજા કેસમાં ડામર રોડનું કામ અટકાવી 50 હજાર રૂપિયા પડાવી લીધા હતા. બંને બનાવમાં પોલીસે મોડી રાત્રે ખંડણીના ગુના દાખલ કરી રાજેશ મોરડિયાને તેના ઘરેથી ઊંચકી લઈ અટકાયત કરી છે. રાજેશ મોરડિયા સામે 1 લાખ પડાવ્યાની ફરિયાદ મળતી માહિતી પ્રમાણે, મોટા વરાછા સુદામા ચોક પાસે આવેલી ગાર્ડન વેલી રેસિડન્સીમાં રહેતા રોનક કુમાર મહેશભાઈ પટેલે કોર્પોરેટર રાજેશ રાધવભાઈ મોરડિયા (રહે. ક્રિષ્ના એવન્યુ, ગર્જરા કમ્પાઉન્ડની સામે, મોટા વરાછા) અને તેના સાથીદાર પંકજભાઈ બી. પટેલ (હિરાણી) (રહે. સર્વમંગલ રોહાઉસ, કલાકુંજ સોસાયટી, નાના વરાછા) સામે ખંડણીની ફરિયાદ નોંધાવી છે.

## હવે 60 ગામના ખેડૂતો ત્રણ પાક લઇ શકશે : ગુજરાતનો પ્રથમ રબર ડેમ બનશે

(એજન્સી) પાવી જેતપુર તા 23

67 વર્ષ પૂર્વે શિલાન્યાસ થયેલા ડેમમાં કાંપ ભરાતાં છીછરો થયો અને પાણી સંગ્રહ ન થતાં પાણીની સમસ્યા સર્જાઇ હતી છોટા ઉદેપુર જીલ્લાના બોડેલી તાલુકાના રાજવાસણા ખાતે રૂ.100 કરોડના ખર્ચે ગુજરાત રાજ્યનો સૌપ્રથમ રબર ડેમ બનાવવામાં આવશે. છોટાઉદેપુર જીલ્લાના બોડેલી તાલુકાના રાજવાસણા ખાતે હેરણ નદી ઉપર વર્ષ 1956 માં મુંબઇ રાજ્યમાં સમયમાં એક આડ બંધ બનાવવામાં આવ્યો હતો. જે વર્ષો સુધી 60 જેટલા ગામમાં લોકો માટે આશીર્વાદરૂપ રૂપ હતો પંતુ આડબંધમાં કાંપ ભરાઈ જતાં છીછરો થઇ જતાં લોકોને પીવાના તેમજ સિંચાઈ માટે પાણીની ખૂબ મોટી સમસ્યા ઊભી થઇ હતી. ઉલ્લેખનિય છે કે, રાજવાસણા ખાતે હેરણ નદી ઉપર 8 મે 1954 ના દિવસે તત્કાલીન મુંબઈ રાજ્યના બાંધકામ ખાતાના પ્રધાન નાયક નિંબાલકરના હસ્તે શિલાન્યાસ કરવામાં આવ્યો હતો અને વર્ષ 1958માં આ ડેમ બનીને તૈયાર થઈ જતાં લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ અંગે સ્થાનિક આગેવાનોએ આ આડબંધ તોડીને નવો બનાવવા માટે સરકારને રજૂઆતો કરી હતી. જેના પરિણામે ગુજરાત સરકાર દ્વારા રાજવાસણા ખાતે આડબંધ બનાવવા માટે રૂ 100 કરોડની રકમ તેમજ કેનાલ માટે રૂ 28 કરોડની રકમ મંજૂર કરી દેવામાં આવી છે. અને હાલ આ ડેમ બનાવવા માટે એજન્સી નક્કી કરીને વર્ક ઓર્ડર પણ આપી દેવામાં આવ્યો છે. પાણીના સ્તર ઊંચા આવતા પાક લઇ શકશે ગુજરાત સરકારે રબર ડેમ બનાવવાની મંજૂરી આપી છે. અત્યારે બધાને 800 થી 100 ફૂટ બોર થાય છે પણ પાણી બેસતું નથી. ડેમ થશે ત્યારે પાણીના સ્તર ઊંચા આવશે. અને ખેડૂતો ત્રણ પાક પકવશે. ફેબ્રુઆરીમાં પણ પાણી જોઈએ તે મળતું નથી.અને ઢોર માટે પણ તકલીફ પડે છે. રબર ડેમ બનતાં 50 થી 60 જેટલા ગામોને સિંચાઇનો લાભ મળશે. સાથે એક સમસ્યા એ છે કે રેતી માટીનો કાંપ થઈ ગયો છે. એ નીકળી જાય તો પાણી સંગ્રહ ખૂબ વધી જશે. શિયાળુ પાક લેતા હતા,હવે ડેમ બનવાથી ચોમાસુ, શિયાળુ સાથે ઉનાળુ પાક લેવાશે.


# સરથાણામાં સિક્યુરિટી સુપરવાઇઝરનો સાથી કર્મચારીની પત્ની પર બળાત્કાર

(એજન્સી) સુરત તા 23

શહેરના સરથાણા વિસ્તારમાં બાપા સીતારામ ચોક પાસે રહેતા અને સિક્યુરિટી એજન્સીમાં કામ કરતા યુવકની પત્ની ઘરે હતી. ત્યારે સિક્યુરિટી એજન્સીના સુપરવાઈઝર યુવકને મળવાના બહાને તેના ઘરે આવ્યો હતો. આ દરમિયાન યુવકની પત્નીના ભોળપણનો લાભ ઉઠાવી તેની સાથે શારીરિક સંબંધ બાંધી બળાત્કાર ગુજાર્યો હતો. જેથી બાદમાં પરિણીતાએ પતિને સઘળી હકીકત જણાવતા તેઓએ આ બાબતે સરથાણા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તેની સુપરવાઈઝર સામે બળાત્કારનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. પરિણીતાને ઘરે એકલી હોવાથી આરોપી પહોંચ્યો હતો સરથાણા વિસ્તારમાં રહેતો યુવક સિક્યુરિટી એજન્સીમાં નોકરી કરે છે અને પોતાની અલગથી સિક્યુરિટી એજન્સી પણ ચલાવે છે. આ દરમિયાન તેની સાથે સુપરવાઈઝર તરીકે કામ કરતા અંકુશ અશોક સિંહ (રહે. સિલ્વર બિઝનેસ હબ, બાપાસીતારામ ચોક પાસે, સરથાણા) અવારનવાર તેના ઘરે મળવા માટે આવતો હતો. આ દરમિયાન અંકુશને માલુમ પડ્યું હતું કે તેના સાથી મિત્રની પત્નીનો સ્વભાવ ભોળપણ વાળો છે અને તેને વધારે ખબર પડતી નથી. જેથી ગત તારીખ 20/3/2025 ના સવારે 9થી 9:30 વાગ્યાના સમયગાળા દરમિયાન પરિણીતા ઘરે એકલી હતી, ત્યારે અંકુશ તેના ઘરે આવ્યો હતો. પરિણીતાના ભોળપણનો લાભ ઉઠાવી બળાત્કાર ગુજાર્યો પરિણીતાએ શરૂઆતમાં તેને ઘરમાં આવવા દેવાની ના પાડી હતી, પરંતુ બાદમાં અંકુશે તેના પતિને મળવાનું કહીને ઘરમાં પ્રવેશ કર્યો હતો અને પરિણીતાના ભોળપણનો લાભ ઉઠાવી તેની સાથે બળજબરીથી બળાત્કાર ગુજારી ફરાર થઈ ગયો હતો. જેથી આખરે પરિણીતાએ આ મામલે પતિને સઘળી હકીકત જણાવતા તેઓએ સરથાણા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે બળાત્કારનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.મળતી માહિતી પ્રમાણે, વરાછા વિસ્તારમાં આવેલા સીતાનગર પાસે રણુજા ધામ સોસાયટી શેરી નંબર 6-7માં રહેતા સંદીપ કનેરિયા સામે ગતરોજ મહિલાએ લસકાણા પોલીસ મથકમાં બળાત્કારની ફરિયાદ નોંધાવી છે. લસકાણા વિસ્તારમાં રહેતી મહિલા સોશિયલ મીડિયા ફેસબુક મારફતે સંદીપ કનેરિયાના સંપર્કમાં આવી હતી. ત્યાર બાદ સંદીપએ તેમને સાથે મિત્રતા કરી અવારનવાર મળવા માટે બોલાવી હતી. આ દરમિયાન મહિલા ઘરે એકવાર એકલી હતી, ત્યારે સંદીપ કનેરિયા તેના ઘરે આવ્યો હતો અને એકલતાનો લાભ ઉઠાવી મહિલાની મરજી ન હોવા છતાં પણ બળજબરીથી બળાત્કાર ગુજાર્યો હતો.આખરે બાદમાં ત્યક્તાને સાપુતારા ફરવા જવાના બહાને લઈ ગયા બાદ રસ્તામાં આશ્રમ ખાતે પણ શારીરિક સંબંધ બાંધ્યો હતો અને ત્યાર બાદ અવારનવાર તેની સાથે શારીરિક સંબંધો બાંધી સમય પસાર કર્યો હતો. પરંતુ બાદમાં યુવતીએ લગ્ન માટે જણાવતા સંદીપે લગ્ન માટે ના પાડી દઈ તેને તરછોડી દીધી હતી. એટલું જ નહીં પરંતુ યુવતીને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. જેથી આખરે ભોગ બનનાર ત્યક્તાએ આ મામલે લસકાણા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે સંદીપ કનેરિયા સામે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.



## જાંબુઆની લેન્ડફિલ સાઇટનો 10 લાખ ટન કચરો 5 વર્ષે સફાચટ



(એજન્સી) વડોદરા તા 23

વર્ષ 2017માં શહેરમાંથી રોજ નીકળતા 1000 મેટ્રિક ટન કચરાનું પ્રોસેસિંગ અટક્યું હતું. કોન્ટ્રાક્ટરે કચરાનું પ્રોસેસિંગ બંધ કરતાં વર્ષ 2020 સુધી કામગીરી થઈ શકી ન હતી, જેને કારણે 3 વર્ષમાં કચરાનો મસમોટો ડુંગર ઊભો થતાં આસપાસ રહેતા લોકોને ભારે પરેશાની થઈ હતી. જ્યારે જીપીસીબીએ પણ પાલિકાને ફટકાર લગાવી હતી. 5 વર્ષ અગાઉ લેગેસી વેસ્ટનું પ્રોસેસિંગ શરૂ કરતાં આખરે 5 વર્ષ પછી માર્ચ-2025માં 10 લાખ મેટ્રિક ટનના ખડકાયેલા કચરાનું પ્રોસેસિંગ શરૂ કરાયું છે, જેની પાછળ રૂા.84.65 કરોડનો ખર્ચ થયો છે. ડમ્પિંગ સાઈટ પર જમીનથી 9 મીટર સુધી ખોદકામ કરવામાં આવશે. નોંધનીય છે કે, આ ડુંગર ઉપર આગ પણ લાગી હતી, જેને કારણે આસપાસના રહીશોમાં સતત ભયની લાગણી રહેતી હતી. દુર્ગંધની ફરિયાદ બાદ GPCBની દવા છાંટવા નોટિસ પાલિકા વર્ષોથી ડમ્પ કરાયેલા કચરાનો નિકાલ કરી રહી છે. બીજી તરફ આસપાસના લોકોએ લેન્ડફિલ સાઈટથી દુર્ગંધ આવતી હોવાની ફરિયાદ જીપીસીબીમાં કરી હતી. જેથી અધિકારીઓએ મુલાકાત લઈ નોટિસ આપી દવાનો છંટકાવ કરવા સૂચના આપી છે. હવે શું ? જમીન ફરી ઉપયોગ કરવા 9 મીટર ખોદાશે પાલિકાના સોલિડ વેસ્ટ વિભાગના અધિકારીઓ મુજબ વર્ષો સુધી ડમ્પ થયેલા કચરાનો નિકાલ થતાં રાહત થઈ છે.

## સ્માર્ટ સિટી પ્રોજેક્ટમાં 1760 કરોડનું આંધણ સ્માર્ટ સિટીના 49 પ્રોજેક્ટ કાગળ પર પૂર્ણ

(એજન્સી) વડોદરા તા 23

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશની 100 સિટીને સ્માર્ટ બનાવવાનો નિર્ધાર કર્યો હતો. જેમાં વડોદરાનો સમાવેશ કરી 49 પ્રોજેક્ટ પાછળ 1760 કરોડનું આંધણ કર્યું છે. સ્માર્ટ સિટી પ્રોજેક્ટને હવે ત્રીજીવાર એક્સટેન્શન આપવાની હિલચાલ શરૂ કરાઈ છે. જોકે પાણી, ટ્રાન્સપોર્ટેશન, આરોગ્ય સહિતના પ્રોજેક્ટને તંત્રે કાગળ પર પૂર્ણ બતાવીને નાણાં ચૂકવ્યાં છે, પરંતુ શહેરીજનોને આ એક પણ પ્રોજેક્ટનો કોઈ લાભ મળી રહ્યો નથી તે વરવી વાસ્તવિકતા છે.

ટ્રાન્સપોર્ટેશન / સિટી બસની સંખ્યા ઓછી, રૂટ અનિયમિત 2008-09થી અમલી સિટી બસ સેવા 2017માં 100 કરોડના ખર્ચે સ્માર્ટ સિટી અંતર્ગત લીધી હતી.જોકે બસની સંખ્યા, રૂટ, નિયમિતતા, ગુણવત્તામાં સુધારો જણાયો નથી.160ને બદલે 110 બસ જ કાર્યરત હોવાના અહેવાલ છે.પાલિકાને વર્ષે 14 લાખની આવક આપતી બસ સેવા પાછળ 16 કરોડ ખર્ચ થઈ રહ્યો છે.

આવાસ/ચોપડા પર પ્રોજેક્ટ પૂર્ણ, લોકોને ઘર નથી મળ્યાં ઝૂંપડપટ્ટી દૂર કરી પીપીપી ધોરણે આવાસ બનાવવાનો પ્રોજેક્ટ મુકાયો હતો. 2017-18માં 1842 ઝૂંપડાં હટાવી ત્યાં આવાસ બનાવવાનો પ્રોજેક્ટ 2025માં પણ પૂર્ણ થયો નથી. જોકે 71 કરોડનો આ પ્રોજેક્ટ સ્માર્ટ સિટીના ચોપડે પૂર્ણ દર્શાવાયો છે.

જ્યારે 6 વર્ષે પણ લાભાર્થીઓને મકાનો મળ્યાં નથી. શહેરના દરેક વ્યક્તિનો હેલ્થનો રેકોર્ડ રહે તે માટે હેલ્થ મેનેજમેન્ટ ઈન્ફોર્મેશન સિસ્ટમ પ્રોજેક્ટ પાછળ 20 કરોડનો ખર્ચ કરાયો છે. જે પ્રોજેક્ટ 2022માં પૂર્ણ થયેલો બતાવ્યો છે. જોકે 2023માં પાલિકાએ ઘરે ઘરે વર્કરોને મોકલી માહિતી એકત્ર કરી કાર્ડ બનાવ્યાં છે. જ્યારે હોસ્પિટલોમાં સારવાર લેતા દર્દીની માહિતી પણ એકત્ર કરાઈ નથી.149 કરોડના વોટર સપ્લાય કોન્સેપ્ટ (સ્કાડા) પ્રોજેક્ટમાં 24 કલાક પાણી, લીકેજ-વિતરણની જાણકારી મળવાની હતી.

## ખેડા જિલ્લામાં આરોગ્ય સેવાઓ ખોરવાઈ

(એજન્સી) નડિયાદ તા 23

ગુજરાત રાજ્યના પંચાયત સેવાના આરોગ્ય કર્મચારીઓની અચોક્કસ મુદતની હડતાળે છઠ્ઠા દિવસે પણ વેગ પકડ્યો છે. ખેડા જિલ્લામાં 630થી વધુ આરોગ્ય કર્મચારીઓ હડતાળમાં જોડાયા છે. જિલ્લા આરોગ્ય વિભાગે 391 કર્મચારીઓને સર્વિસ બ્રેક અંગે ખુલાસો માંગતી નોટિસ પાઠવી છે. હડતાળને કારણે જિલ્લામાં સર્વેલન્સ, મેલેરિયા, ટીબી, નવા સગર્ભાની નોંધણી અને ચિકનગુનિયા જેવી મહત્વની આરોગ્ય સેવાઓ ખોરવાઈ છે. ગુજરાત રાજ્ય આરોગ્ય કર્મચારી મહાસંઘના નેજા હેઠળ 17 માર્ચથી શરૂ થયેલી આ હડતાળ દરમિયાન કર્મચારીઓ પાટનગર ગાંધીનગર ખાતે દેખાવો કરી રહ્યા છે. કર્મચારીઓની મુખ્ય માંગણીઓમાં ટેકનિકલ કેડરમાં સમાવેશ, ગ્રેડ-પે સુધારણા, ખાતાકીય પરીક્ષા રદ કરવા અને સ્ટાફ નર્સ (પંચાયત) કેડરના નાણાકીય તેમજ વહીવટી પ્રશ્નોનો સમાવેશ થાય છે. જિલ્લા સંઘના પ્રમુખ અમરભાઈ વાઘેલાએ સ્પષ્ટ કર્યું છે કે માંગણીઓ સંતોષાય નહીં ત્યાં સુધી હડતાળ ચાલુ રહેશે. આ હડતાળમાં એમ.પી.એચ.ડબ્લ્યુ, એફ.એચ.ડબ્લ્યુ, એમ.પી.એચ.એસ, એફ.એચ.એસ, ટીએચએસ, ટીએચવી અને જિલ્લા કક્ષાના સુપરવાઈઝર કર્મચારીઓ જોડાયા છે. અગાઉ આવેદનપત્ર આપવા છતાં સરકાર તરફથી કોઈ વિચારણા ન માર્ગ અપનાવ્યો છે. જિલ્લા આરોગ્ય વિભાગે 391 કર્મચારીઓને સર્વિસ બ્રેક અંગે ખુલાસો માંગતી નોટિસ પાઠવી છે.

# યુવાધન નશો કરવા કફ સીરપ અને ટેબ્લેટનું સેવન કરે છે

(એજન્સી) વડોદરા તા 23

વડોદરા શહેર સહિત રાજ્યભરમાં નશાકારક સીરપ કે ટેબ્લેટનું વેચાણ થતું હોય છે તેની સામે પોલીસ કાર્યવાહી કરતી હોય છે, પરંતુ વડોદરામાંથી સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા બાતમીના આધારે એવા રેકેટનો પર્દાફાશ કરવામાં આવ્યો કે જેમાં મેડિકલ લાઈસન્સની આડમાં વિવિધ ટેબ્લેટ્સ અને કોડીન ફોસ્ફેટ સીરપનો જથ્થો મોટા પ્રમાણમાં સીઝ કરવામાં આવ્યો છે. આ તપાસમાં સામે આવ્યું કે, આ સીરપ અને ટેબ્લેટનો ઉપયોગ રાજ્યમાં આતંક મચાવનાર ગેંગના સભ્યો, મોટા ગુનેગારો અને યુવાધન મોટા પ્રમાણમાં ઉપયોગ કરે છે.

યુવાધન પોતાના શોખ અને નશા માટે કરે છે સેવન આ અંગે અમે જાણવાનો પ્રયાસ કર્યો જેમાં સામે આવ્યું કે, કોડીન ફોસ્ફેટ કફ સીરપ મોટા ભાગે યુવાધન પોતાના શોખ અને નશા માટે ઉપયોગ કરે છે. જેથી કોઈપણ પ્રકારની પરિવાર કે અન્ય વ્યક્તિને જાણ ન થાય કે તેણે નશો કર્યો છે. આ સાથે આ તપાસમાં સામે આવ્યું કે, આલ્ફ્રાઝોલમ અને ટ્રામાડોલ ટેબ્લેટની ઉપયોગ પણ નશા માટે કરવામાં આવે છે. જેમાં ખાસ કરીને ટ્રામાડોલ ટેબ્લેટ દુખાવા માટે હોય છે અને કાયદાના સંઘર્ષમાં આવતા પહેલા કે કોઈ મોટા ગુનાને અંજામ આપતા પહેલા તેઓ આનું સેવન કરતા હોય છે. આ કારણે તેઓ ઘર્ષણમાં આવે કે પછી પોલીસ રિમાન્ડ મેળવે તો તેની અસર ઓછી થાય તે માટે આ પ્રકારની ટેબ્લેટનું સેવન કરે છે. નશાકારક ટેબ્લેટ અને સીરપનો 49 લાખથી વધુનો માલ સીઝ આ અંગે સ્પેશિયલ ઓપરેશન ગ્રુપના પોલીસ ઈન્સ્પેક્ટર એસ. ડી. રાતડાએ જણાવ્યું હતું કે, વડોદરા શહેર એસોજીને એક બાતમી હતી કે વિપુલ પ્રજાપતિ અને કેવલ રાજપૂત નામના બે વ્યક્તિ મેડિકલ લાઈસન્સની આડમાં ગેરકાયદેસર નશાકારક દવાઓનો વેપાર કરી રહ્યા છે, જે આધારે રેડ કરી હતી. શરૂઆતના તબક્કે કોડિન સીરપની બોટલ સીઝ કરવામાં આવી હતી. કોડીન ફોસ્ફેટ સીરપની કુલ 7,355 બોટલ જેની કિંમત રૂપિયા કુલ નંગ 1,59,120 જેની કિંમત પિયા 15,57,270 અને આલ્ફ્રાઝોલમ ટેબ્લેટ કુલ 3,69,000 જેની કિંમત રૂપિયા 15,42,420 મળી કુલ રૂપિયા 49,85,940 રૂપિયાનો મુદ્દામાલ સીઝ કરવામાં આવ્યો છે. આ ગુનામાં અન્ય વિશેષ તપાસમાં કેટલીક વિગતો સામે આવી છે.

# ગઢેચી શુદ્ધિકરણ પ્રોજેક્ટ : વધુ 10 દબાણોનો સફાયો, કુલ 776 જમીનદોસ્ત

(એજન્સી) ભાવનગર । તા. 23

ગઢેચી વોટર બોડી શુદ્ધિકરણ પ્રોજેક્ટને સાકાર કરવા ગૌરીશંકર તળાવ (બોરતળાવ)થી ક્રીક સુધીના વિસ્તારમાં છેલ્લાં પાંચ દિવસથી ચાલતી દબાણ હટાવ કામગીરીમાં આજે સતત છઠ્ઠા દિવસે મહાપાલિકાની દબાણ હટાવ ટીમે વધુ ૧૦ પાકા બાંધકામ જમીનદોસ્ત કર્યા હતા.છ દિવસના અંતે ૭૭૬ દબાણો દૂર થવા સાથે હાલ આ વિસ્તારમાં મેગા ડિમોલિશને વિરામ લીધો હતો.બીજી તરફ, ૩૫ મિલકતધારકોએ પૂરાવા રજૂ કરતાં મહાપાલિકાએ



તેની ચકાસણી શરૂ કરતાં હાલ આ મિલકતો સામે કાર્યવાહી સ્થગિત રહી છે. શહેરના પશ્ચિમ વિસ્તારને ચીરીને નિકળતી ગઢેચી નદીના શુદ્ધિકરણ પ્રોજેક્ટ માટે ભાવનગર મહાનગરપાલિકાએ શહેરના ગૌરીશંકર તળાવ(બોરતળાવ)થી ક્રીક સુધીના વોટર બોડીના બન્ને કાંઠે આવેલાં ૮૧૧ મિલકતધારકોને નોટિસ ફટકારી, મિલકતની માલિકીની પૂરાવા રજૂ કરવા તાકિદ કરી હતી. બીજી તરફ, મહાપાલિકાએ વોટર બોડીના બન્ને કાંઠાના પછાત વિસ્તારમાં સામુહિક નોટિસ ફટકારતાં સ્થાનિકોએ રીતસર વિરોધ પ્રદર્શન અને દેખાવો યોજ્યા હતા.મહાપાલિકાએ પ્રથમ નોટિસ આપ્યાના સતત ત્રણ માસ સુધી સ્થાનિકો દ્વારા થયેલાં વિરોધ વચ્ચે આખરે ગત તા.૧૭થી મહાનગરપાલિકાના એસ્ટેટ, યોજના, ટાઉન ડેવલોપમેન્ટ તથા ફાયર વિભાગની સંયુક્ત ટીમે વીજ અને પોલીસ ટૂકડીને સાથે રાખી મેગા ડિમોલિશન હાથ ધર્યું હતું. સતત પાંચ દિવસ દરમિયાન મહાપાલિકાની દબાણ હટાવ ટીમે સમય મર્યાદામાં મિલકતની કાયદેસરતા અને માલિકીના પૂરાવા રજૂ ન કરી શકનારા ગૌરીશંકર તળાવ (બોરતળાવ) થી ક્રીક સુધીના બન્ને કાંઠે આવેલાં ૭૬૬ આસામીના બાંધકામ અને મિલકત તોડી પાડી હતી. અને આશરે ૪૧૦૦ મીટરથી વધુનો વિસ્તાર દબાણમુક્ત કર્યો હતો. આજે છઠ્ઠા દિવસે પણ દબાણ હટાવ ટીમે રહેણાંકી મકાન સહિતના ૧૦ પાકા બાંધકામ તોડી પાડયા હતા. અને વધુ ૨૦ મીટર જગ્યાને દબાણમુક્ત કરી હતી. આમ, દબાણ હટાવ ટીમે છ દિવસ દરમિયાન કુલ ૭૭૬ દબાણ દૂર કરી કુલ ૪૧૨૦ મીટર જગ્યા ખુલ્લી કરી હતી. આ સાથે જ આ વિસ્તારમાં સતત છ દિવસથી ચાલતાં મેગા ડિમોલિશને આજે વિરામ લીધો હતો.

### ભાવનગર પરા રેલવે સ્ટેશન પર ટ્રેન હેઠળ ઝંપલાવી દીધું હતું

# રેલવે વર્કશોપના ઓ.એસ.ના આત્મહત્યા પ્રકરણે હેડક્વાર્ટરથી તપાસ સમિતિ આવી

(એજન્સી) ભાવનગર । તા. 23

સિહોરમાં રહેતા અને ભાવનગર પરા રેલવે વર્કશોપમાં ફરજ બજાવતા ઓફિસ સુપ્રિ. (ઓ.એસ.)એ કરેલા આપઘાત પ્રકરણમાં પશ્ચિમ રેલવે હેડક્વાર્ટરની બે સભ્યોની તપાસ સમિતિ આજે ભાવનગર આવી પહોંચી હતી અને તપાસનો પ્રારંભ કર્યો હતો. હેડક્વાર્ટરે યુનિયનોના આગેવાનો સાથેની ચર્ચા બાદ વર્કશોપના કર્મચારીઓની માંગણીઓ સંદર્ભે યોગ્ય કરવાની ખાતરી આપતા વર્કશોપના કર્મચારીઓ દ્વારા બે દિવસથી ચાલતું ધરણા આંદોલન ગઈ મોડી રાત્રીના સમેટાયું હતું.

આ અંગેની વિગત અનુસાર ભાવનગર પરા રેલવે વર્કશોપમાં ઓ.એસ. તરીકે ફરજ બજાવતા અને સિહોરના ગણેશનગરમાં રહેતા ઘનશ્યામભાઈ ધરમશીભાઈ ચૌહાણ (ઉ.વ.૫૪) એ ગઈ તા. ૨૦-૩ના રોજ સવારે ૧૦.૫૫ વાગ્યાના અરસામાં ભાવનગર પરા રેલવે સ્ટેશન પ્લેટફોર્મની ઓફ સાઈડ પરથી ભાવનગર-મહુવા ટ્રેન નીચે ઝંપલાવી આપઘાત કર્યાની જાણ થતા રેલવે પોલીસ દોડી ગઈ હતી અને તપાસ હાથ ધરી હતી. દરમિયાનમાં, આ બનાવની જાણ થતા આઘાતથી સ્તબ્ધ રેલવેના પાંચેય યુનિયનના સભ્યો અને કર્મચારીઓ રેલવે વર્કશોપના એડમિન. બિલ્ડીંગ ખાતે જ ધરણા પર બેસી ગયા હતા. આ બનાવ માટે કર્મચારીઓએ એક અધિકારી સામે ટોર્ચરના આક્ષેપ કર્યા હતા અને જે અધિકારીના ટોર્ચરના કારણે આ કર્મચારીએ આજે જીવાદોરી ટૂંકાવી લીધી છે તે જવાબદાર અધિકારીને સસ્પેન્ડ



કરવામાં આવે તેના સહિત જુદીજુદી આઠ માંગણી સાથે રોષે ભરાયેલા કર્મચારીઓ આંદોલન પર ઉતર્યા હતા. જે પ્રશ્નોનું નિરાકરણ લાવવા કર્મચારીઓ માંગ કરી રહ્યા હતા તેમાં સહાયક કાર્મિક અધિકારી દિનાનાથ વર્માને તાત્કાલિક સસ્પેન્ડ કરી ટ્રાન્સફર કરવામાં આવે, સહાયક કારખાના પ્રબંધક અને કારખાના પ્રબંધકની બદલી કરાય, કેડરના અનુસાર આઉટટર્ન નિર્ધારિત કરાય, એપ્રેન્ટીસને પ્રશિક્ષ સમજવામાં આવે, તેમાં રેલવેના સંતાનોને કામ પર ન લેવાય, ટાઈમ સ્ટડી કરી તેના આધારે જ કેડર નિર્ધારિત કરવામાં આવે. આઉટ ટર્ન વધારવા માટે કર્મચારીઓ ઉપર દબાણ ન લાવવામાં આવે, કોઈ કારણ વિના અને ખોટી રીતે ચાર્જશીટ ન દેવામાં આવે, ચાર્જશીટને દબાણ વધારવા માટેનું હથિયાર તરીકે ઉપયોગમાં ન લવાય અને બીજા રેલવે વર્કશોપની જેમ ભાવનગર રેલવના કર્મચારીઓ માટે પણ ઈન્સેન્ટિવને વહેલી તકે લાગું કરવામાં આવે તેવી માંગણીનો સમાવેશ થાય છે. કર્મચારીઓના આંદોલનને પગલે પશ્ચિમ રેલવેના મુંબઈ સ્થિત હેડક્વાર્ટર દ્વારા આ પ્રકરણે ગઈ કાલે તા. ૨૧ના રોજ યુનિયનોના આગેવાનો સાથે ચર્ચા વિચારણા કરાઈ હતી અને કર્મચારીઓની માંગણીઓ સંદર્ભે યોગ્ય કરવાની ખાતરી અપાતા ગઈ કાલે મોડી રાત્રે આંદોલન સમેટાયું હતું અને આજે વર્કશોપમાં કર્મચારીઓ રાબેતા મુજબ કામ પર ચડી ગયા હતા. બીજી બાજુ આજે હેડક્વાર્ટરથી બે સભ્યોની તપાસ સમિતિ ભાવનગર આવી પહોંચી હતી અને રેલવે વર્કશોપમાં નિવેદનો લેવાનો પ્રારંભ કર્યો હતો. તપાસ સમિતિ સોમવારે પણ તપાસ કરશે.

# મહુવામાં બાળકોના નવા આધારકાર્ડ કાઢવાની કામગીરી એક વર્ષથી બંધ

(એજન્સી) મહુવા । તા. 23

મહુવા શહેરમાં છેલ્લા એકાદ વર્ષથી બાળકોના નવા આધારકાર્ડ કાઢવાની કામગીરી બંધ હોવાના કારણે લોકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.મહુવા શહેરમાં આધાર કેન્દ્રો પર ૦થી ૧૬ વર્ષના બાળકોના આધારકાર્ડ નીકળતા ન હોવાના અરજદારોમાં આક્ષેપ થઈ રહ્યા છે. આ કારણે લોકો સરકારી સહાયની યોજનાઓથી વંચિત



રહે છે. ખાસ કરીને વ્હાલી દીકરી યોજના હેઠળ ૧.૨૦ લાખની સહાય મળતી હોય, પરંતુ જન્મના એક વર્ષની અંદર જ ફોર્મ ભરવાના હોય, આધારકાર્ડ ન હોવાથી આ સહાયના ફોર્મ ભરી શકાતા નથી. આ ઉપરાંત મહુવા નગરપાલિકાના ખાડે ગયેલા વહીવટના કારણે જન્મનો દાખલો કઢાવવામાં પણ લોકોને લોઢાના ચણાં ચાવવા જેવી સ્થિતિ ઉભી થાય છે. એક-બે દિવસમાં થતાં કામને કર્મચારીઓની આળસના કારણો ત્રણ-ત્રણ મહિને દાખલો આપવામાં આવશે તેવું કહેવામાં આવે છે.

આધારકાર્ડ અને જન્મના દાખલ કાઢી ન આપવામાં આવતા હોવાથી વ્હાલી દીકરી યોજનાનું ફોર્મ ભરવા ઈચ્છુક અરજદારોએ આ બાબતે જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી-ભાવનગરને રજૂઆત કરી તો મદદરૂપ થવાના બદલે નિર્ધારીત સમયમર્યાદામાં એક સેકન્ડનો વિલંબ થશે તો પણ ફોર્મ નહીં ભરી શકાય તેવો જવાબ આપવામાં આવ્યો હતો. જેથી મહુવાવાસીઓની 'જાએ તો જાએ કહા' જેવી સ્થિતિમાં મુકાયા છે. સરકારી તંત્રની લાપરવા સામે લોકોમાં રોષની લાગણી પ્રસરી છે.

### આધારકાર્ડ માટે 2 થી 3 હજાર તફડાવવામાં આવતા હોવાની રાવ

મહુવામાં બાળકોના આધારકાર્ડની કામગીરી બંધ હોવાના કારણે મજબૂરીવશ અરજદારો સાઈબર કાફે અને અન્ય ખાનગી એજન્સી પાસે જાય છે, તો આધારકાર્ડ કાઢવાના બદલામાં બેથી ત્રણ હજાર સુધીની રકમ તફડાવવામાં આવતી હોવાની લોકોમાં રાવ ઉઠી છે. આ બાબતે અધિકારીઓ તપાસ કરી ઉઘાડી લૂંટ ચલાવતા લોકો સામે ક્યારે કાર્યવાહી કરશે ? તેવો સવાલ ઉઠયો છે.

### બોટાદમાં બન્ને મિત્રની અંતિમ વિધિ કરવામાં આવી

# રાજસ્થાનના બાડમેર નજીક થયેલા અકસ્માતમાં બોટાદના બે યુવાન ભડથું

(એજન્સી) ભાવનગર । તા. 23

બોટાદમાં રહેતા અને અમદાવાદ ખાતે અભ્યાસ કરતા બે મિત્ર અમદાવાદથી કાર લઈ રાજસ્થાનના રામદેવપીરના દર્શન કરવા માટે નિકળ્યા હતા અને બાડમેરથી થોડે દૂર કાર સાથે અકસ્માત સર્જાતા કારમાં બ્લાસ્ટ થયો હતો અને બન્ને યુવાનો કારમાંજ ભડથું થઈ ગયા હતા. આ બનાવની જાણવા મળતી વિગત મુજબ બોટાદ ખાતે રહેતા અને અમદાવાદ ખાતે અભ્યાસ કરતા શ્રેયાંસભાઈ અશ્વિનભાઇ વોરા (ઉ.વ ૨૦) અને તેના મિત્ર આદિત્યભાઈ મેહુલભાઈ મહેતા (ઉ.વ ૨૦) અમદાવાદથી



ગત તા.૧૯ માર્ચ ૨૦૨૫ના રાત્રિના સમયે કારમાં રાજસ્થાનના રામદેવપીરના દર્શન કરવા માટે નીકળ્યા હતા. દરમિયાનમાં રાજસ્થાનના શિવ થાના વિસ્તારમાં વહેલી સવારના સામેથી આવી રહેલી કાર સાથે અકસ્માત સર્જાતા કારમાં બ્લાસ્ટ થઈ ગયો હતો અને કારમાં સવાર બન્ને મિત્રો કારમાં જ ભડથું થઈ ગયા હતા. જ્યારે અકસ્માત સર્જનાર સામેથી આવી રહેલી કારમાં સવાર એક વ્યક્તિને પણ ઈજા પહોંચી હતી. અકસ્માતના બનાવને પગલે રાજસ્થાન પોલીસ ઘટના સ્થળે દોડી જઈ મૃતદેહને પીએમ અર્થે ખસેડી તપાસ કરતા બન્ને યુવાનો બોટાદના હોવાનું જણાતા રાજસ્થાન પોલીસે બોટાદ પોલીસ મારફત બન્ને યુવાનોના પરિવારને જાણ કરતા મૃતકના પરિવાર તુરતજ રાજસ્થાન દોડી ગયા હતા અને પીએમ અને ડીએનએ સહિતના રિપોર્ટ કરી મૃતદેહનો કબ્જો મેળવ્યો હતો. જે બાદ બન્ને યુવાનની અંતિમ વિધિ બોટાદ ખાતે કરવામાં આવી હતી.

### વાહનોની ઓવર સ્પીડના કારણે પ્લોટ વિસ્તારના રહિશોને મુશ્કેલી

# ધંધુકામાં રેલવે ઓવરબ્રીજના બન્ને છેડે સ્પીડબ્રેકરના અભાવે અકસ્માતનો ભય

(એજન્સી) ભાવનગર । તા. 23

ધંધુકા શહેરના અડવાળ નાકા પાસે આવેલા રેલવે ઓવરબ્રીજના બન્ને છેડે સ્પીડબ્રેકર ન હોવાના કારણે ગંભીર અકસ્માત સર્જાવાની ભીતિ સેવાઈ રહી છે. અહીં સ્પીડબ્રેકર મુકવા માટે અનેક વખત રજૂઆત કરવામાં આવ્યાનો કકળાટ પણ ઉઠયો છે. તેની વચ્ચે અપક્ષ નગરસેવકે આર એન્ડ બીના ડે. એન્જિ.ને પત્ર લખી રજૂઆત કરી છે. ધંધુકાના



અડવાળ નાકા પાસે રેલવે ફાટક ઉપર ઓવરબ્રીજ બનવાથી વાહન વ્યવહાર સતત શરરૂ રહે છે. બ્રીજનો એક છેડો લીંબડી ત્રણ રસ્તા પાસે અને બીજો છેડો પુનિતબાગથી રેલવે સ્ટેશન જવાના રસ્તા પર છે. આ બ્રીજના બન્ને છે નાના-મોટા વાહનોની સતત અવર-જવર રહેતી હોવાના કારણે પ્લોટ-સોસાયટી વિસ્તારમાં જતા લોકો, રેલવે સ્ટેશન જતાં મુસાફરોને અકસ્માતનો ભય કાયમી રહે છે. તેમાં પણ વાહનો ફૂલસ્પીડે ચાલતા હોવાથી અડવાલ નાકા, પુનિતબાગ પાસેથી રેલવે સ્ટેશન અને પ્લોટમાં જવાના બન્ને રસ્તા બ્રીજના છેડેથી ઓળંગવા પડતા હોય, નાના-મોટા અકસ્માત સર્જાતા રહે છે.

# કપડવંજની મામલતદાર કચેરીમાં કામ માટે લોકો ધક્કા ખાવા મજબૂર



કપડવંજ : કપડવંજની મામલતદાર કચેરીમાં આધારકાર્ડ સહિતની કામગીરી માટે આવનારા લોકો ધક્કાખાવા મજબૂર બન્યા છે. છેલ્લા ત્રણ દિવસથી ધક્કા ખાઈ રહેલા પીરોજપુરના દિવ્યાંગનું પણ આધારકાર્ડ નહીં નીકળતા તે પાછા જવા મજબૂર બન્યા હતા.

કપડવંજ મામલતદાર કચેરી ખાતે શુક્રવારે તાલુકાના પીરોજપુર ગામના દિવ્યાંગ યુવક સુધીરભાઈ કીરણભાઈ સોલંકી આધારકાર્ડ માટે છેલ્લા ત્રણ દિવસથી ધક્કા ખાય છે. કચેરીમાં સવારે ૧૦થી સાંજે ૬ સુધી રોકાવા છતાં તેમની આધારકાર્ડની કામગીરી ન થતા દિવ્યાંગ યુવક ધક્કાખાવા મજબૂર બન્યા છે. ત્યારે શુક્રવારે તેમના સહયોગી મિત્ર ઉદેસિંહ રતીલાલ રાઠોડને પણ સાથે લઈને આવ્યા હતા. તેમને ૪૫ નંબરનો ટોકન અપાયો હતો. બપોર સુધી નંબર ન આવતા અંતે આધારકાર્ડની કામગીરી વગર કંટાળી તેઓ ખેતીકામ અર્થે જતા રહ્યા હતા. આ બાબતે મામલતદારે જણાવ્યું હતું કે, આ અંગે સોમવારે યોગ્ય તપાસ કરીને હું કહી શકું. તેમ જણાવી દીધું હતું.

### ઉમરેઠ પોલીસ મથકે પોસ્ટ માસ્તર વિરૂદ્ધ ફરિયાદ

# બેચરી બ્રાન્ચ પોસ્ટ ઓફિસમાં 26 ખાતેદારોના 18 લાખની ઉચાપત

(એજન્સી) આણંદ । તા. 23

બેચરી બ્રાન્ચ પોસ્ટ ઓફિસના પોસ્ટ માસ્ટર પંકજભાઈ વડવાઈએ રૂપિયા ૩૮,૧૧૫ની સરકારી નાણાંની ઉચાપત કરી હોવાનું જાણવા મળ્યું હતું. બાદમાં તે વખતના ડાક નિરીક્ષક દ્વારા બેચરી બ્રાન્ચ ઓફિસના તમામ ખાતાઓની ચકાસણી શરૂ કરાતા પંકજકુમાર નારસિંગભાઈ વડવાઈ રહે. ફતેપુરા દાહોદે તા. ૩૧-૧૨-૨૦૧૨થી તારીખ ૯-૪-૨૦૨૪ સુધી પોતાના ફરજ કાર્ડ દરમિયાન પોસ્ટ ઓફિસમાં ચાલતા અલગ અલગ યોજનાઓના ખાતાઓમાં ખાતેદારો દ્વારા જમા કરાવેલા નાણા સરકારી હિસાબમાં લીધા નહોતા અને કેટલાક ખાતેદારોના રૂપિયા માટે નકલી પાસબુક બનાવી પોતાના અંગત કામમાં વાપરી નાણાંની ઉચાપત કરી હોવાનું જાણવા મળ્યું હતું લગભગ ૨૬ જેટલા ખાતેદારોના ખાતામાંથી નાણા ઉપાડયા હોવાનું જાણવા મળ્યું હતું. આમ અલગ અલગ ખાતેદારો પાસેથી રૂપિયા ૧૪,૭૧,૩૨૪ કાયમી અને રૂપિયા ૩,૩૦,૨૦૦ની હંગામી મળી કુલ રૂા. ૧૮,૦૧,૫૨૪ જેટલી રકમની ઉચાપત કરી હતી. બાદમાં પોસ્ટ માસ્ટરને ફરજ મુક્ત પણ કરાયા હતા. પોસ્ટ ઓફિસના અધિકારીઓ દ્વારા તેઓનો સંપર્ક કરવાનો પ્રયાસ કરાયો હતો પરંતુ, તેઓએ હેડકવાટર પણ છોડી દીધું હતું અને તેમનો કોઈ પણ જાતનો સંપર્ક થઈ શકતો નહોતો.

# ભાવનગર : રૂપિયા માટે ભત્રીજા અને ભત્રીજા વહુએ ફઈની હત્યા કરી હતી

### ભિક્ષાવૃત્તિ કરી એકત્ર કરેલા રૂપિયા અને સોનાના દાગીના દંપતીએ લઈ લાશને ગટરમાં ફેંકી દીધી હતી

(એજન્સી) ભાવનગર । તા. 23

શહેર નજીકના સીદસર ગામે નજીક દોઢ વર્ષ પહેલા મહિલાની હત્યા કરી લાશને ગટરમાં નાખી પુરાવાનો નાશ કરી અજાણ્યા શખ્સ હવામાં ઓગળી ગયા હતા. જે બનાવ અંગે પેરોલ ફર્લો સ્કવોડની ટીમે તપાસ કરતા મહિલાની હત્યા કરનાર દંપત્તિને ઝડપી લીધા હતા.આ સમગ્ર બનાવની જાણવા મળતી વિગત મુજબ ગત તા.૭ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ સીદસર ગામ, રણદેવી આશ્રમથી હીલપાર્ક જવાના રસ્તે યુનિવર્સિટી ગેઈટ નં.૦૩ની સામે બાવળની ઝાડી-ઝાખરામાં આવેલ મહાનગર પાલીકાની ગટરમાંથી આશરે ૪૦થી ૬૦ વર્ષની અજાણી




સ્ત્રીનો મૃતદેહ મળી આવ્યો હતો અને જેમાં મહિલાની અજાણ્યા ઈસમે કપડાથી ગળેટુંપો દઈ હત્યા કરી પુરાવાનો નાશ કર્યો હોવાની ફરિયાદ વરતેજ પોલીસ મથકમાં નોંધાઈ હતી. જે તે સમયે આ હત્યાનો ભેદ ઉકેલાયો ન હતો. દરમ્યાનમાં ત્રિપલ આર થિયરીથી પોલીસે તપાસ આરંભી હતી. જેમાં ભાવનગર, પેરોલ ફર્લો સ્કવોડે પોલીસ સ્ટાફની અલગ-અલગ ટીમો બનાવી બનાવ સીસીટીવી કેમેરાઓ તપાસવામાં આવ્યા હતા. જેમાં આ ગુન્હામાં સંડોવાયેલ રણજીત ઉર્ફે કાળુ ગોવિંદભાઇ બારૈયા (રહે.રીંગ રોડ, આસ્થા સોસાયટીની સામે, મેદાનમાં ઝુપડામાં, ભાવનગર) ને શોધી લઈ પોલીસે પુછપરછ હાથ રણજીત ઉર્ફે કાળુ પોપટ માફક કબૂલાત આપી હતી કે, દોઢેક વર્ષ પહેલા પોતાના પત્નિની સારવાર માટે પૈસાની જરૂરીયાત હોય જેથી તેણે પોતાના ફુઈ હલુબેન ધર્મેન્દ્રભાઈ વાઘેલા (રહે.સીદસર) પાસે પૈસાની માંગણી કરી હતી. પરંતુ ફુઈએ પૈસા નહીં આપતા રણજીત ઉર્ફે કાળુ અને તેની પત્નિ કંચનબેને ભિક્ષાવૃતિ કરતાં ફુઈને વિશ્વાસમાં લઈ તેની ચામાં ધુતરાના બીજનો પાવડર ભેળવી ચા પિવડાવી અર્ધબેભાન બનાવી દીધા હતા અને મોટર સાયકલમાં બેસાડી હીલપાર્ક ચોકડીથી ઓજ સ્કુલથી આગળ યુનિવર્સિટીના ગેઈટ નં.૦૩ની સામે, બાવળના ઝાડી-ઝાખરામાં લઇ જઈ તેની પાસે રહેલ પોટલીમાં રાખેલ રોકડા રૂપિયા તથા સોનાના દાગીના લઇ દંપત્તિએ તેના ફુઈને સાડીના છેડાથી ગળાટુંપો દઈ મોત નિપજાવી તેમના મૃતદેહને ગટરમાં નાંખી દઇ ઉપરથી ગટરનું ઢાંકણું બંધ કરી દીધેલ હતું. જે બાદ પેરોલ ફર્લો સ્ક્વોર્ડે પતિ પત્નીને આગળની કાયદેસરની કાર્યવાહી માટે વરતેજ પોલીસને સોંપ્યા હતા.

# ઠાસરાના પ્રેમી પંખીડાનો કેનાલમાં ઝંપલાવી આપઘાત

(એજન્સી) બગોદરા । તા. 23

ધોળકાના રામપર ગામ પાસે આવેલી નર્મદા કેનાલમાં ઠાસરાના પ્રેમી પંખીડાએ ઝંપલાવી જીવન ટૂંકાવ્યું હતું. પોલીસે બંનેના મૃતદેહ બહારને પીએમ માટે ખસેડી તેમના પરિવારનો સંપર્ક કરી આગળની તપાસ હાથ ધરી છે.ધોળકા-ખેડા હાઈવે પર આવેલા ધોળકા તાલુકાના રામપુર ગામની નર્મદા કેનાલમાં એક મહિલાનો મૃતદેહ જોવા મળતા સ્થાનિકોએ ધોળકા નગરપાલિકાના ફાયર વિભાગ અને ધોળકા પોલીસને જાણ કરી હતી. ઘટનાની જાણ થતાં પોલીસ અને ફાયર વિભાગ ઘટના સ્થળે પહોંચી હતી અને ફાયર વિભાગે મહિલાનો મૃતદેહ બહાર કાઢયો હતો પરંતુ પુરૂષનો કોઈ અતોપત્તો મળ્યો નહોતો. જેથી ફાયર બ્રિગેડ બીજા દિવસે સુધી શોધખોળ હાથ ધરી પુરૂષનો મૃતદેહ બહાર કાઢયો હતો.કેનાલ પાસે એક રિક્ષા મળી આવી હતી તેના આધારે ધોળકા પોલીસે તપાસ હાથ ધરી હતી. જેમાં ખેડાના ઠાસરા ગામના રમેશભાઈ જુવાનસિંહ ચાવડા અને સરોજબેન રમણભાઈ ચાવડા હોવાનું બહાર આવ્યું હતું. પ્રાથમિક તપાસમાં બંને સાથે મજૂરી કામ કરતા હોય બે દિવસ પહેલા ઘરેથી નીકળી ગયા હતા અને ધોળકાની નર્મદા કેનાલમાં જીવન ટૂંકાવ્યું હોવાનું જાણવા મળી રહે છે. પોલીસે બંનેના મૃતદેહોને ધોળકાની સરકારી હોસ્પિટલમાં પીએમ માટે ખસેડી તેમના પરિવારનો સંપર્ક કરી આગળની તપાસ હાથ ધરી છે.



### ખેડા જિલ્લામાં 'નલ સે જલ' યોજના પોકળ

# મહુધાના ચુણેલ ગામના 8 હજાર લોકોના શુદ્ધ પાણી માટે વલખાં

મહુધા, નડિયાદ : મહુધા તાલુકાના ચુણેલ ગામમાં વર્ષોથી પીવાના પાણીની સમસ્યા છે. શુધ્ધ પાણી નહીં મળતા ઉનાળાના તાપમાં ગ્રામજનો બે કિ.મી. દૂર પીવાનું પાણી ભરવા મજબૂર બન્યા છે. ત્યારે સરકારની નલ સે જલ યોજનાની વાતો પોકળ સાબિત થઈ છે. મહુધા તાલુકાના ચુણેલ ગામમાં ૮ હજાર ઉપરાંતની વસ્તી છે. ગામમાં વર્ષોથી પીવાના પાણીનો કોઈ ચોક્કસ નથી. લોકો પાસે પાણીનો ન હોવાથી હાલાકી ભોગવી રહ્યા છે. હાલ ગ્રામજનો બે કિલોમીટર દૂર અન્ય ગામના સીમ વિસ્તારમાં આવેલા હનુમાનજી મંદિર પાસેથી પાણી ભરી લાવવા માટે મજબૂર બન્યા છે. ગામના બાળકોથી માંડી મોટેરાઓ સુધી વ્યક્તિઓને પાણી ભરવા જવું પડી રહ્યું છે. સરકાર જોરશોરથી નલ સે જલ યોજનાનો પ્રચાર કરી રહી છે.

## આપનો આજનો દિવસ

**મેષ (અ,લ,ઇ)**
તમને નિર્ભેળ આનંદ તથા મોજમજા મળશે-કેમ કે તમે તમારા જીવનને સંપૂર્ણપણે માણવાનો નિશ્ચય કર્યો છે. આજે તમારા ભાઈ બહેનો તમારા થી આર્થિક સહાય માંગી શકે છે અને તેમની આર્થિક મદદ કરી તમે પોતે આર્થિક દબાણ માં આવી શકો છો.

**વૃષભ (બ,વ,ઉ)**
હસતા રહો કેમ કે એ તમારી તમામ સમસ્યાનું મારણ છે. આજ ના દિવસે તમારે દારૂ જેવી માદક વસ્તુ નું સેવન ના કરવું જોઈએ કેમકે નશા ની સ્થિતિ માં તમારી કોઈ મોંઘી વસ્તુ ખોવાઈ શકે છે.

**મિથુન (ક,છ,ઘ)**
બાળકો સાથે રમવાથી તમને દર્દ દૂર કરનાર અદભુત અનુભવ થશે. પોતાના ગુસ્સા પર નિયંત્રણ રાખો અને ઓફિસ માં બધા જોડે સારી રીતે વાત કરો નહીંતર તમારી નોકરી જયી શકે છે અને તમારી આર્થિક સ્થિતિ બગાડી શકે છે.

**કર્ક (ડ,હ)**
અસીમ જીવનની મહાન ભવ્યતાને માણવા માટે તમારા જીવનને વધુ ઉત્કૃષ્ટ બનાવો. ચિંતાની ગેરહાજરી આ દિશામાં પ્રથમ પગલું છે. એમ તો આજે નાણાકીય પક્ષ સારું રહેશે પરંતુ તમને આ પણ ધ્યાન રાખવું હશે કે તમે તમારા પૈસા નકામા ખર્ચ ના કરો.

**સિંહ (મ,ટ)**
બાળકો તમારી સાંજને આહલાદક બનાવી દેશે. દોડધામભર્યા અને નીરસ દિવસની અલવિદા કહેવા એક સારા ડીનરનું આયોજન કરો. તેમનો સાથ તમારા શરીરમાં નવું જોમ ભરી દેશે. નાણાંપ્રવાહમાં વધારો મહત્વની ખરીદી કરવી તમારી માટે આસાન બનાવશે.

**કન્યા (પ,ઠ,ણ)**
અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે. તમે જો રૂઢિગત રીતે રોકાણ કરશો તો તમે સારૂં એવું ધન કમાઈ શકશો. પરિવારનું તમામ દેણું તમે ચૂકવી શકશો.

**તુલા (ર,ત)**
આર્થિક સ્થિતિ અને આર્થિક સમસ્યાઓ આમ છતાં ચિંતાનું કારણ બનશે. આજે કોઈ વિપરીત લિંગી ની મદદ થી તમને નોકરી અથવા વેપાર માં આર્થિક લાભ થવા ની શક્યતા છે. તમને પ્રેમ કરતા તથા તમારી દરકાર કરતા લોકોની સંગતમાં થોડોક ગુણવત્તાયુક્ત સમય વિતાવજો.

**વૃશ્ચિક (ન,ય)**
ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. તમને આકર્ષક જણાતી હોય તેવી રોકાણ યોજના વિશે વધુ જાણકારી મેળવવા માટે સપાટીની નીચે ઊંડું ખોદકામ કરો-આગળ વધતા પૂર્વે તમારા સલાહકારની સલાહ લો.

**ધન (ભ,ધ,ફ)**
તમારી શક્તિ પાછી મેળવવા માટે સંપૂર્ણ આરામ કરો. ઘર ની નાની નાની વસ્તુઓ પર આજે તમારું ઘણું ધન ખરાબ થયી શકે છે જેથી તમને માનસિક તાણ થયી શકે છે. અન્યોને પ્રભાવિત કરવાની તમારી આવડત તમને વળતર અપાવશે. રોજેરોજ પ્રેમમાં પડતા રહેવાના તમારા સ્વભાવને બદલો.

**મકર (ખ,જ)**
તમારા વિનમ્ર વર્તનની સરાહના થશે. અનેક લોકો તમારા છુટ્ટા મોંએ વખાણ કરશે. ખાસ લાભદાયક દિવસ જણાતો નથી-આથી તમારી આર્થિક સ્થિતિ તપાસો અને તમારા ખર્ચને ઘડાટો. સાંજે કોઈ જૂના મિત્રનો કૉલ આવશે અને જૂની યાદો તાજી થશે.

**કુંભ (ગ,શ,સ)**
આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. બાળકો તમને ઘરના કામમાં મદદ કરશે.

**મીન (દ,ચ,ઝ,થ)**
તમારા જીવનસાથીનું વફાદાર હૃદય અને હિંમતવાન મનોબળ તમને કદાચ આનંદ આપશે. રિયલ એસ્ટેટ અને આર્થિક વ્યવહારો માટે સારો દિવસ. દિવસને અદભુત બનાવવા માટે પરિવારના સભ્યો તથા નિકટના મિત્રો સાથે ભેગા મળી મેળાવડો યોજો.

## સોનેરી સપના, મોંઘી વાસ્તવિકતા બન્યા : SGBના ૬૭ તબક્કામાં ૧૪૬.૯૬ ટન સોનું સરકારે વેચ્યું; ૧૩૨ ટન રીડિમ કરવાનું બાકી

# ઉદ્દેશ આયાત ઘટાડવાનો, પણ ગોલ્ડ બોન્ડના રૂ. 1.12 લાખ કરોડનો બોજ

(એજન્સી) મુંબઈ | તા 23

દેશની કથળતી જતી અર્થવ્યવસ્થા માટે ૨૦૧૫માં મોદી સરકારે લોન્ચ કરેલ સોવરિન ગોલ્ડ બોન્ડ વધુ એક મોટો આર્થિક ફટકો સાબિત થઈ રહી છે. કેન્દ્ર સ્થાને સરકાર બનાવ્યા બાદ નરેન્દ્ર મોદીના વડપણ હેઠળની મોદી સરકારે ૨૦૧૫માં સોનાની આયાત ઘટાડવા, ગોલ્ડ મોનેટાઈઝેશન અને ડિજિટલ રોકાણોને પ્રોત્સાહન આપવા માટે સોવરેન ગોલ્ડ બોન્ડ (એસજીબી) યોજના શરૂ કરી હતી. આ યોજનાનો ઉદ્દેશ્ય દેશની વિદેશી હૂંડિયામણ બચાવવાનો અને સોનાની ભૌતિક માંગ ઘટાડવાનો હતો. જોકે સોનાના ભાવમાં ઉત્તરોતર વધારા અને રોકાણ પરના સરકાર તરફથી નિર્ધારિત નિશ્ચિત વ્યાજને કારણે આ યોજના હવે સરકાર માટે નાણાંકીય બોજ બની રહી છે.

પદભાર સંભાળ્યા બાદ ચોતરફ આર્થિક ક્રાંતિ લાવી દેવાની આશાએ પેપર પર સારી જણાતી આ સોવરિન ગોલ્ડ બોન્ડ સ્કીમ હવે સરકાર માટે અંદાજે ૧૩ અબજ ડોલરનું ભારણ બની રહી છે. ભારતમાં સામાન્ય રીતે સોનાને સૌથી શ્રેષ્ઠ અને સુરક્ષિત રોકાણ માધ્યમ માનવમાં આવે છે. સોનામાં ભારતીય દ્વારા સદીઓથી થતી ભૌતિક ખરીદીને રોકવા અને ડિજિટલ માધ્યમના સોનાનો વ્યાપ વધારીને દેશને સોનાની ખરીદીથી પડતા આર્થિક બોજાને ઘટાડવા માટે મોદી સરકારે આ ડિજિટલ સોવરિન ગોલ્ડ બોન્ડ શરૂ કરી હતી. એક અહેવાલ અનુસાર આ યોજનાને કારણે સરકારને અત્યાર સુધીમાં લગભગ ૧.૦૮ લાખ કરોડનો નાણાકીય બોજ સહન કરવો પડયો છે. સોનાના ભાવમાં થયેલા ભારે ઉછાળાને કારણે, પાકતી મુદતે ગોલ્ડ બોન્ડ પર સરકારની જવાબદારી સતત વધી રહી છે. માત્ર વધી રહેલા સોનાના ભાવ જ નહિ પરંતુ સરકારે આ સોવરિન બોન્ડ પર ખરીદારોને નિશ્ચિત દર પર વ્યાજ ચૂકવવાની પણ બાંહેધરી આપતા પડતા પર પાટું થયું છે.

૨૦૧૬-૧૭ની સિરીઝ ૪ના ગોલ્ડ બોન્ડની કિંમત પ્રતિ ગ્રામ ૨૯૪૩ રૂપિયા હતી, જે હવે




આજે પ્રતિ ગ્રામ ૮૬૩૪ રૂપિયા થઈ ગઈ છે એટલે કે રોકાણકારોને વાર્ષિક ૨.૫ ટકાના સરકાર નિર્ધારિત નિશ્ચિત વ્યાજ સાથે ૨૦૦ ટકાનું શાનદાર વળતર મળ્યું હતું. જોકે આ પેપર ગોલ્ડ ખરીદારોનો ફાયદો સરકાર માટે આર્થિક ફટકો બન્યો છે.

એક દશકા અગાઉ સરકારને લાગેલી આ 'સોનેરી સપનાની સ્કીમ હવે મોંઘી વાસ્તવિકતા' બની છે. માત્ર સોનાના ભાવ અને નિશ્ચિત વ્યાજ જ સરકાર માટે બોજ નથી બન્યા પરંતુ ઉત્તરોતર ભારતીય ચલણ રૂપિયામાં યુએસ ડોલરની સામે આવેલા ઘસારાના કારણે પણ સરકારનો ખર્ચ વધ્યો છે.

આ ગોલ્ડ બોન્ડમાં કેટલા લોકોએ રોકાણ કર્યું છે તેનો ચોક્કસ ડેટા આરબીઆઈએ જાહેર નથી કર્યો. જોકે ૨૦૨૪ના આરબીઆઈના વાષક અહેવાલ મુજબ આ યોજનામાંથી રૂ. ૭૨,૨૭૪ કરોડ એકત્ર કરવામાં આવ્યા હતા એટલે કે લગભગ ૧૪૬.૯૬ ટન સોનું ખરીદવામાં આવ્યું છે.

અત્યાર સુધી એસજીબીના કુલ ૬૭ તબક્કા સરાકર દ્વારા આરબીઆઈ થકી બહાર પાડવામાં આવ્યા છે. આજે ૧૩૨ ટન ગોલ્ડ બોન્ડ હજુ પણ રોકાણકારો પાસે છે. ૬૭ તબક્કામાંથી સરકારે અત્યાર સુધી ફક્ત છ તબક્કા રીડિમ કર્યા છે. બાકીના ૧૩૨ ટનની કિંમત આજના બજાર ભાવે રૂ. ૧.૧૨ લાખ કરોડથી વધુ છે.

વધતા નાણાકીય બોજને ધ્યાનમાં રાખીને સરકાર આ યોજના બંધ કરવાનું વિચારી રહી છે તેમ અનેક મીડિયા અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે. સરકારે આ વર્ષે અત્યાર સુધી કોઈ નવા સોવરિન ગોલ્ડ બોન્ડની જાહેરાત કરી નથી, જેના કારણે આ યોજનાના ભવિષ્ય અંગે અટકળો શરૂ થઈ છે. ભારત દર વર્ષે ૭૦૦થી ૧૦૦૦ ટન સોનાની આયાત કરે છે. ભારત સરકાર લોકો ફિઝિકલ ગોલ્ડમાં રોકાણ કરવાનું બંધ કરે તે માટે આ સ્કીમ લાવી પરંતુ ભારતીય સ્માર્ટ ઈન્વેસ્ટરોએ આ સ્કીમને એક નવા રોકાણ માધ્યમ તરીકે લઈને તેમાં સુરક્ષિત રોકાણ વધાર્યું હતુ. આ સ્કીમ છતા ભારતની સોનાની ફિઝીકલ આયાત ૨૦૧૫ની ૩૪.૩૨ અબજ ડોલરથી વધીને ૨૦૨૪માં ૪૫.૫૪ અબજ ડોલર થઈ છે.

સૌથી મહત્વની વાત કે આ એસજીબી તરીકે ઈન્વેસ્ટ કરેલું સોનું ચોરાઈ જવાનો કોઈ ભય રહેતો નથી કે અન્ય કોઈ લઈ જશે તેવો ડર પણ રહેતો નથી. આ સિવાય સરકારની સોવરિન ગેરન્ટી તો છે જ. પાંચ વર્ષના લોક ઈન પીરિયડ બાદ આ રોકાણ લાંબાગાળાના કેપિટલ ગેઈન ટેક્સમાં બાદ મળે છે. વધુમાં ઓછું કે આ સેકન્ડરી માર્કેટમાં ટ્રેડ પણ કરી શકાય છે એટલે કે ક્યારેય પણ તમે પૈસાની તત્કાળ જરૂર હોય તો ઓનલાઈન વેચીને રોકડી કરી શકો છો.

## થાપણ વૃદ્ધિ નીચી રહેતા ભંડોળ માટે અન્ય સાધનો પર આધાર રાખવાનું બેન્કો પર દબાણ

# બેન્કિંગ વ્યવસ્થામાં ધિરાણમાં 11 ટકા જ્યારે થાપણમાં 10 ટકાથી વધુની વૃદ્ધિ

(એજન્સી) મુંબઈ | તા 23

સાત માર્ચના સમાપ્ત થયેલા પખવાડિયામાં દેશની બેન્કિંગ વ્યવસ્થામાં ૧૧.૧૦ ટકા ધિરાણ વૃદ્ધિ જોવા મળી છે, જ્યારે થાપણ વૃદ્ધિનો આંક ૧૦.૨૦ ટકા રહ્યો હોવાનું રિઝર્વ બેન્કના ડેટા જણાવે છે. આમ થાપણ તથા ધિરાણ વૃદ્ધિ વચ્ચે ૯૦ બેઝિસ પોઈન્ટનું અંતર છે. છેલ્લા લાંબા સમયથી ધિરાણ તથા થાપણ વૃદ્ધિ વચ્ચે અંતર રહેતું હોવાથી બેન્કોએ પોતાની લિક્વિડિટીની આવશ્યકતા પૂરી કરવા કમર્સિઅલ ડિપોઝિટસ (સીડી) જેવા ઋણ સાધનોનો ઉપયોગ કરવો પડે છે. સમીક્ષા હેઠળના પખવાડિયામાં બેન્કોમાં થાપણ આંકમાં રૂપિયા ૨,૨૯,૨૪૪ કરોડનો વધારો થયો હતો જ્યારે ધિરાણમાં રૂપિયા




૧,૪૨,૯૭૨ કરોડની વૃદ્ધિ જોવા મળી હતી. સાત માર્ચના સપ્તાહમાં પગાર તારીખ પડતી હોવાથી થાપણમાં વધારો થવામાં મદદ મળી છે. બેન્કિંગ વ્યવસ્થામાં સાત માર્ચના અંતે બાકી પડેલી થાપણનો આંક રૂપિયા ૨૨૫૧૦૧૨૩ કરોડ રહ્યો હતો જ્યારે બાકી પડેલી ધિરાણનો આંક રૂપિયા ૧૮૧૨૮૫૮૨ કરોડ રહ્યો હોવાનું રિઝર્વ બેન્કના ડેટા જણાવે છે. રિઝર્વ બેન્ક દ્વારા બેન્કો માટે રિસ્ક વેઈટ ધોરણમાં ઘટાડો કરાતા આગામી દિવસોમાં ધિરાણમાં વૃદ્ધિ જોવા મળવાની અપેક્ષા રાખવામાં આવી રહી છે. થાપણ તથા ધિરાણ વૃદ્ધિ વચ્ચે વધી રહેલા અંતરને પરિણામે દેશની બેન્કોએ તેમના ફન્ડિંગની આવશ્યકતા માટે સીડી પર આધાર રાખવો પડે છે. વર્તમાન નાણાં વર્ષના ૭ માર્ચ સુધી પ્રાઈમરી માર્કેટમાં કુલ રૂપિયા ૧૦.૫૮ લાખ કરોડના સીડી જારી કરાયા છે, જે અત્યારસુધીનો વિક્રમી આંક છે. સીડી મારફત ભંડોળ ઊભા કરવામાં ઘસારાને પરિણામે નાની બેન્કોના સીડી પરના વ્યાજ દર આઠ ટકા જેટલા ઊંચા બોલાઈ રહ્યા હોવાનું પણ બેન્કિંગ ક્ષેત્રના વર્તુળોએ જણાવ્યું હતું.

## ઘરઆંગણે ઉત્પાદન વધતા કોલસાની આયાતમાં નોંધપાત્ર ઘટાડો

# વર્તમાન નાણાં વર્ષમાં ભારતનું કોલસા ઉત્પાદન 1 અબજ ટનને આંબી ગયું



(એજન્સી) મુંબઈ | તા 23

વર્તમાન નાણાં વર્ષમાં ભારતનું કોલસા ઉત્પાદન એક અબજ ટન સાથે વિક્રમી રહ્યું છે. ગયા નાણાં વર્ષમાં કોલસા ઉત્પાદનનો આંક ૯૯.૭૮ કરોડ ટન રહ્યો હતો. ઊર્જા સલામતિ, આર્થિક વિકાસ અને સ્વાવલંબી બનવાની ભારતની કટિબદ્ધતા આના પરથી સિદ્ધ થાય છે, એમ કોલસા ઉત્પાદનના આંક સંદર્ભમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું. વર્તમાન નાણાં વર્ષ સમાપ્ત થવાને એક સપ્તાહને વાર છે ત્યારે દેશનું કોલસા ઉત્પાદન ૧.૦૩ અબજ ટન જોવા મળ્યું છે. ભારતમાં વીજનું ૭૪ ટકા ઉત્પાદન કોલસા આધારિત પાવર પ્લાન્ટસમાં થાય છે. સુધારા અને નીતિઓમાં ફેરબદલને પરિણામે કોલસાનું વિક્રમી ઉત્પાદન શકય બન્યું હોવાનું એક સત્તાવાર નિવેદનમાં જણાવાયું હતું. કોલ બ્લોકસના ઓકશન મારફત ખાનગી કંપનીઓને કોલસા ક્ષેત્રમાં પ્રવેશ તથા માઈન્સ અને મિનરલ્સ (વિકાસ તથા નિયમન) ધારામાં સુધારા સહિતના પગલાં દેશમાં કોલસાનું ઉત્પાદન વધારવા માટે કારણભૂત રહ્યા છે. ઘરઆંગણે કોલસાના ઉત્પાદનમાં વધારાથી આયાત પર નિર્ભરતા ઘટી છે. એપ્રિલથી ડિસેમ્બર, ૨૦૨૪ના ગાળામાં દેશની કોલસા આયાતમાં ૮.૪૦ ટકા ઘટાડો નોંધાયો છે. જેને કારણે અંદાજે ૫.૪૩ અબજ ડોલરના ફોરેકસ રિઝર્વની બચત થઈ શકી હોવાનો પણ નિવેદનમાં દાવો કરાયો છે. વિશ્વમાં ચીન બાદ ભારત કોલસાનો બીજો મોટો ઉત્પાદક દેશ છે. ઊંચી ગુણવત્તાના કોલસાની આયાત ઈન્ડોનેશિયા તથા ઓસ્ટ્રેલિયા ખાતેથી કરવામાં આવે છે.

# ગરમીમાં ગૃહિણીઓને રડાવશે ડુંગળી? કિંમત વધશે કે ઘટશે?

(એજન્સી) મુંબઈ | તા 23

ગરમીની શરૂઆત થઇ રહી છે. આવી ગરમીમાં લૂથી બચવાનો સહારો છે ડુંગળી. ગરમીમાં ડુંગળીની માગ વધે છે. ત્યારે આવા સમયે સપ્લાય અને કિંમતોને નિયંત્રિત રાખવી મહત્વપૂર્ણ હોય છે. પરંતુ હવે સરકારે દેશમાંથી ડુંગળી એક્સપોર્ટ કરવાનું સરળ બનાવી દીધુ. તો શું ગરમીમાં ડુંગળીના ભાવ સ્થિર રહેશે ખરા ? મહત્વનું છે કે ભારતમાં ડુંગળીની નિકાસ પર ડ્યુટી છે. તેનો દર 20 ટકા છે. હવે સરકારે 1 એપ્રિલથી ડુંગળીની નિકાસ પરની આ 20 ટકા ડ્યુટી પાછી ખેંચવાનો નિર્ણય લીધો છે. 20 ટકા નિકાસ ડ્યુટી પાછી ખેંચવાના નિર્ણય અંગે સરકારના સત્તાવાર નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ખેડૂતોના હિતોનું રક્ષણ કરવા માટે આ પગલું લેવામાં આવ્યું છે. તે મુજબ ગ્રાહક વિભાગ તરફથી પત્ર મળ્યા પછી જ, મહેસૂલ વિભાગે 20 ટકા



નિકાસ ડ્યુટી પાછી ખેંચવા માટે સૂચના જાહેર કરી છે. સરકારે સપ્ટેમ્બર 2024 માં ડુંગળીની નિકાસ પર આ ડ્યુટી લાદી હતી. ગ્રાહક બાબતોના મંત્રાલયનું કહેવું છે કે આ નિર્ણય ડુંગળીના ખેડૂતોને તેમના ઉત્પાદન પર લાભ આપવા માટે લેવામાં આવ્યો છે. તે સામાન્ય ગ્રાહકો માટે ડુંગળીના વાજબી ભાવ જાળવવા પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતા દર્શાવે છે. રવિ પાક દરમિયાન ડુંગળીનું સારું આગમન થવાની અપેક્ષા છે. તેથી, ડુંગળીના જથ્થાબંધ અને છૂટક ભાવમાં ઘટાડો થયો છે. સપ્ટેમ્બર 2024 થી નિકાસ ડ્યુટી લાગુ થવા છતાં ચાલુ નાણાકીય વર્ષમાં 18 માર્ચ સુધીમાં દેશમાં ડુંગળીની નિકાસ 11.65 લાખ ટન સુધી પહોંચી ગઈ છે. સપ્ટેમ્બર 2024માં ડુંગળીની માસિક નિકાસ 0.72 લાખ ટન હતી જે આ વર્ષે જાન્યુઆરીમાં વધીને 1.85 લાખ ટન થઈ ગઈ છે. રવિ પાકના પુરવઠામાં વધારો થવાને કારણે મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ જેવા મુખ્ય ઉત્પાદક રાજ્યોમાં ડુંગળીના ભાવમાં ઘટાડો થયો છે. મહારાષ્ટ્રના લાસલગાંવ અને પિંપળગાંવ, એશિયાના સૌથી મોટા જથ્થાબંધ ડુંગળી બજારોમાં, 21 માર્ચે ભાવ અનુક્રમે 1,330 રૂપિયા પ્રતિ ક્વિન્ટલ અને 1,325 રૂપિયા પ્રતિ ક્વિન્ટલ હતા. મંત્રાલયનું કહેવું છે કે છેલ્લા મહિનામાં સમગ્ર ભારતમાં ડુંગળીના ભાવમાં સરેરાશ 39 ટકાનો ઘટાડો થયો છે. તેવી જ રીતે, છેલ્લા મહિનામાં ડુંગળીના છૂટક ભાવમાં સરેરાશ 10 ટકાનો ઘટાડો થયો છે.

**શું ભવિષ્યમાં પણ ડુંગળી સસ્તી રહેશે?** | આગામી મહિનાઓમાં દેશમાં ડુંગળીના ભાવ નિયંત્રણમાં રહેવાની અપેક્ષા છે. કૃષિ મંત્રાલયનો અંદાજ છે કે આ વર્ષે રવિ પાક દરમિયાન ડુંગળીનું ઉત્પાદન 227 લાખ ટન થશે, જે ગયા વર્ષના 192 લાખ ટન કરતા 18 ટકા વધુ છે. ભારતના કુલ ઉત્પાદનમાં 70-75 ટકા હિસ્સો ધરાવતો રવિ પાક ડુંગળી, ઓક્ટોબર-નવેમ્બરમાં ખરીફ પાકનો પુરવઠો શરૂ થાય ત્યાં સુધી બજારમાં ભાવ સ્થિર રાખવા માટે જરૂરી છે.

## છેલ્લા ત્રણ વર્ષમાં ભારત ખાતેથી તમાકુની નિકાસ વધીને બમણી રહી

મુંબઈ | બ્રાઝિલ તથા ઝીમ્બાબ્વેમાં પાક પર અસર પડતા ભારત ખાતેથી તમાકુની નિકાસ છેલ્લા ત્રણ વર્ષમાં વધીને બમણી થયાનું વાણિજ્ય મંત્રાલયના ડેટા જણાવે છે. નાણાં વર્ષ ૨૦૨૧-૨૨માં કુલ ૯૨.૩૦ કરોડ ડોલરની સરખામણીએ વર્તમાન નાણાં વર્ષના ફેબ્રુઆરી સુધીમાં દેશમાંથી ૧૮૪ કરોડ ડોલરના તમાકુની નિકાસ થવા પામી છે. માર્ચના અંત સુધીમાં આ આંક બે અબજ ડોલરને આંબી જવાની અપેક્ષા રાખવામાં આવી રહી છે. ગયા નાણાં વર્ષના એપ્રિલથી ફેબ્રુઆરીની સરખામણીએ વર્તમાન નાણાં વર્ષના એપ્રિલથી ફેબ્રુઆરીમાં તમાકુની નિકાસમાં ૩૮.૬૦ ટકા વધારો જોવા મળ્યો છે. ૨૦૨૧માં કોવિડની સ્થિતિએ ભારતના તમાકુની માગમાં વધારો કરાવ્યો છે. ભારતમાં રસીકરણના પ્રયાસોને કારણે કૃષિ કામગીરીમાં ખલેલ પડી નહોતી. જ્યારે તમાકુ ઉગાડતા અન્ય દેશોમાં કૃષિ કામગીરી ખોરવાઈ ગઈ હતી જેને પરિણામે તમાકુના ઉત્પાદન પર પણ અસર જોવા મળી છે, એમ તમાકુ બોર્ડના સુત્રોએ જણાવ્યું હતું. કોરોનાના કાળમાં દેશમાં કૃષિ કામકાજને પ્રાધાન્ય અપાયું હતું અને દેશના અર્થતંત્રને ટકાવી રાખવામાં કૃષિ ક્ષેત્રની કામગીરીની મોટી ભૂમિકા રહી હતી. વિશ્વ સ્તરે કૃષિ કામકાજ પર અસર પડતા વૈશ્વિક કંપનીઓ પાસે તમાકુના સ્ટોકમાં ઘટાડો થયો હતો.

# 1 Aprilથી આ તમામ મોબાઈલ નંબરો પર UPI સેવા બંધ થઈ જશે

(એજન્સી) મુંબઈ | તા 23

UPI વાપરનારાઓ માટે મોટા સમાચાર છે. જો તમારો બેંક સાથે જોડાયેલ મોબાઈલ નંબર લાંબા સમયથી અનએક્ટિવ હોય તો તેને જલ્દીથી એક્ટીવ કરાવો. જો તમે આ નહીં કરો, તો તમે 1 એપ્રિલથી UPIનો ઉપયોગ કરી શકશો નહીં. હકીકતમાં, છેતરપિંડી અટકાવવા માટે, 1 એપ્રિલથી UPI ચુકવણી સેવા સંબંધિત એક નવો નિયમ લાગુ કરવામાં આવ્યો છે. આ અંતર્ગત, બેંકો અને ચુકવણી સેવા પ્રદાતાઓ (PSPs) એ 31 માર્ચ પહેલા તેમના ડેટાબેઝને અપડેટ કરવા પડશે જેથી નિષ્ક્રિય અથવા બદલાયેલા મોબાઈલ નંબરોને દૂર કરી શકાય. આ અંતર્ગત, બેંકો 31 માર્ચ સુધીમાં તેમના ડેટાબેઝમાંથી અનએક્ટીવ મોબાઈલ નંબરો રીમુવ કરશે. નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI) એ છેતરપિંડી અટકાવવા માટે ડિજિટલ ઈન્ટેલિજન્સ પ્લેટફોર્મ (DIP) પર ઉપલબ્ધ મોબાઈલ નંબર રિવોકેશન લિસ્ટ (MNRL) નો ઉપયોગ કરવાનો નિર્દેશ આપ્યો છે. આ પછી, નિષ્ક્રિય મોબાઈલ સંબંધિત UPI નો ઉપયોગ બંધ થઈ જશે. NPCI એ બેંકો અને GooglePay અને PhonePe જેવી UPI એપ્સ માટે અઠવાડિયામાં ઓછામાં ઓછા એક વખત મોબાઈલ નંબર રેકોર્ડ અપડેટ કરવાનું ફરજિયાત બનાવ્યું છે. UPI સેવા પ્રદાતાઓએ શંકાસ્પદ એન્ટિટીને ઓળખવા અને દૂર કરવા માટે MNRL અથવા ડિજિટલ ઈન્ટેલિજન્સ પ્લેટફોર્મ (DIP) નો ઉપયોગ કરવો પડશે.

# રાજ્યના સરકારી કર્મચારીઓને લાગી લોટરી

(એજન્સી) મુંબઈ | તા 23

મુખ્યમંત્રી માણિક શાહે શુક્રવારે ત્રિપુરા વિધાનસભામાં નાણાકીય વર્ષ 2025-26નું બજેટ રજૂ કરતી વખતે રાજ્યના સરકારી કર્મચારીઓ અને પેન્શનરો માટે મોંઘવારી ભથ્થા (DA)માં વધારો કરવાની જાહેરાત કરી હતી. ત્રિપુરાના સીએમએ ગૃહમાં કહ્યું કે DA 30% થી વધારીને 33% કરવામાં આવી રહ્યો છે, જે 1 એપ્રિલ, 2025 થી લાગુ કરવામાં આવશે. તેમણે કહ્યું કે રાજ્ય સરકારના આ નિર્ણયથી આશરે રૂ. 300 કરોડનો વધારાનો નાણાકીય બોજ વધશે. સરકારના આ નિર્ણયથી ભથ્થામાં વધારાની રાહ જોઈ રહેલા રાજ્યના સરકારી કર્મચારીઓ અને પગાર મેળવનારાઓમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. આ પહેલા ત્રિપુરાના નાણામંત્રી પ્રણજીત સિંહ રોયે વિધાનસભામાં 32,423.44 કરોડ રૂપિયાનું બજેટ રજૂ કર્યું હતું. બજેટ સત્ર દરમિયાન, નાણાકીય ફાળવણી, વિકાસ યોજનાઓ અને નીતિ વિષયક નિર્ણયો અંગે વિગતવાર ચર્ચા થવાની આશા છે. નાણાકીય વર્ષ 2025-26 માટે તેરમી ત્રિપુરા વિધાનસભાનું બજેટ સત્ર 1 એપ્રિલ સુધી ચાલશે. માનવામાં આવે છે કે આ સમયગાળા દરમિયાન રાજ્યના બજેટ અને મુખ્ય વિધાનસભ્ય બાબતો પર ચર્ચા થશે. સત્રની બરાબર પહેલા, મંગળવારે સ્પીકર વિશ્વ બંધુ સેનીની અધ્યક્ષતામાં વ્યવસાય સલાહકાર સમિતિની બેઠક યોજાઈ હતી. ટ્રેઝરી બેંચના મંત્રીઓ સાથે વિપક્ષના ધારાસભ્યો, ચીફ વ્હીપ કલ્યાણી સાહા રોય અને વિપક્ષી નેતા જીતેન્દ્ર ચૌધરી પણ આ બેઠકમાં હાજર રહ્યા હતા.

# સોના-ચાંદીમાં તેજીના વળતા પાણી રૂપિયા સામે ડોલર ફરી વધ્યાના નિર્દેશો

(એજન્સી) મુંબઈ | તા 23

મુંબઈ ઝવેરીબજારમાં આજે શનિવારના કારણે બુલીયન બજાર સત્તાવાર બંધ રહી હતી. જોકે બંધ બજારે સોના- ચાંદીના ભાવ વિશ્વબજાર પાછળ વધુ ઘટાડા પર રહ્યાના નિર્દેશો મળ્યા હતા. વિશ્વબજારમાં ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ ઉંચકાતાં વૈશ્વિક સોનામાં ફંડોની વેચવાલી વધ્યાના સમાચાર મળ્યા હતા. બજારમાં સોનાના ભાવ ઔંશના ૩૦૩૪થી ૩૦૩૫ વાળા નીચામાં ૨૯૯૯થી ૩૦૦૦ થઈ છેલ્લે ભાવ સપ્તાહના અંતે ૩૦૨૨થી ૩૦૨૩ ડોલર રહ્યા હતા. વિશ્વબજાર પાછળ ઘરઆંગણે આજે અમદાવાદ ઝવેરીબજારમાં સોનાના ભાવ ૧૦ ગ્રામના વધુ રૂ.૨૦૦ ઘટી ૯૯૫ના રૂ.૯૦૫૦૦ તથા ૯૯૯ના રૂ.૯૦૮૦૦ બોલાતા થયા હતા. અમદાવાદ ચાંદીના ભાવ કિલોના રૂ.૯૮૫૦૦ રહ્યા હતા. વિશ્વબજારમાં સોના પાછળ ચાંદીના ભાવ પણ ઘટાડા પર રહ્યા હતા. વૈશ્વિક ચાંદીના ભાવ ઔંશના ૩૩.૨૩થી ૩૩.૨૪ વાળા નીચામાં ૩૨.૬૬થી ૩૨.૬૭ થઈ છેલ્લે ભાવ ૩૩.૦૩થી ૩૩.૦૪ ડોલર રહ્યા હતા. દરમિયાન, મુંબઈ બુલીયન બજારમાં આજે બંધ બજારે સોનાના ભાવ જીએસટી વગર ૯૯૫ના રૂ.૮૭૮૧૬ વાળારૂ.૮૭૬૫૦ તથા ૯૯૯ના રૂ.૮૮૧૬૯ વાળા રૂ.૮૮૦૦૦ રહ્યા હતા. જ્યારે મુંબઈ ચાંદીના ભાવ જીએસટી વગર રૂ.૯૭૬૨૦ વાળા રૂ.૯૭૧૫૦ રહ્યા હતા. મુંબઈ સોના- ચાંદીમાં જીએસટી સાથેના ભાવ આ ભાવથી ત્રણ ટકા ઉંચા રહ્યા હતા. નવી માગ ધીમી હતી. વિશ્વબજારમાં પ્લેટીનમના ભાવ નીચામાં ૯૭૪થી ૯૭૫ તથા ઉંચામાં ૯૮૯થી ૯૯૦ થઈ છેલ્લે ભાવ ૯૭૯થી ૯૮૦ ડોલર રહ્યા હતા જ્યારે પેલેડીયમના ભાવ નીચામાં ૯૪૬થી ૯૪૭ તથા ઉંચામાં ૯૬૩થી ૯૬૪ થઈ છેલ્લે ભાવ ૯૫૯થી ૯૬૦ ડોલર રહ્યાના નિર્દેશો હતા. વૈશ્વિક કોપરના ભાવ આંચકા પચાવી ફરી વધી છેલ્લે સપ્તાહના અંતે ધીમો સુધારો બતાવી રહ્યા હતા. જોકે લંડન બજારની સરખામણીએ ન્યુયોર્ક કોપરના ફયુચર પ્રિમિયમો વધી રેકોર્ડ ઉંચી સપાટીએ પહોંચ્યાના વાવડ હતા. વિશ્વબજારમાં ડોલર ઈન્ડેક્સ વધી ઉંચામાં ૧૦૪.૨૨ થઈ ૧૦૪.૧૫ રહ્યાના નિર્દેશો હતા. વિશ્વબજાર પાછળ મુંબઈ કરન્સી બજારમાં આજે બંધ બજારે રૂપિયા સામે ડોલરના ભાવ ઘટતા અટકી રૂ.૮૫.૯૮થી વધી રૂ.૮૬ પાર કરી રૂ.૮૬.૦૨થી ૮૬.૦૩ બોલાઈ રહ્યાના નિર્દેશો મળ્યા હતા. અમેરિકામાં બેરોજગારીના દાવા ૨૦૦૦ વધી ૨ લાખ ૨૩ હજાર આવ્યાના સમાચાર હતા. આના પગલે ત્યાં જોબમાર્કેટમાં નબળાઈ દેખાયાની ચર્ચા વિશ્વબજારમાં સંભળાઈ હતી. દરમિયાન, વિશ્વબજારમાં ક્રૂડતેલના ભાવમાં ધીમો સુધારો દેખાયો હતો. બ્રેન્ટક્રૂડના ભાવ બેરલના ૭૧.૮૧ વાળા ઉંચામાં ૭૨.૫૧ થઈ છેલ્લે ભાવ ૭૨.૧૬ ડોલર રહ્યા હતા. યુએસ ક્રૂડ ઉંચામાં ૬૮.૬૫ થઈ ૬૮.૨૧ ડોલર રહ્યું હતું.

# Twitterની બ્લૂ ચકલી આટલા લાખમાં વેંચાઈ ગઈ

(એજન્સી) મુંબઈ | તા 23

ટ્વિટર બ્લુ બર્ડને નવો માલિક મળ્યો છે. એલોન મસ્કે બ્લુ બર્ડને કાઢીને તેના સ્થાને X લીધું હતું. હવે બ્લુ બર્ડની પણ હરાજી કરવામાં આવી છે. આ પક્ષી 34 હજાર 375 ડોલર (લગભગ 30 લાખ રૂપિયા) માં વેચવામાં આવ્યું છે. આજે પણ ઘણા લોકો ટ્વિટરને બ્લુ બર્ડના નામથી જાણે છે. પરંતુ જ્યારથી એલોન મસ્કે આ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ સંભાળ્યું છે ત્યારથી તેણે તેના પર ઘણા મોટા ફેરફારો કર્યા છે. મસ્ક દ્વારા ટ્વિટરના નામ અને લોકો પણ બદલાયા હતા. તેનું નામ બદલીને X કરવામાં આવ્યું હતું. હવે અમેરિકાના સાન ફ્રાન્સિસ્કો હેડક્વાર્ટરમાં બ્લુ બર્ડના આઈકોનિક લોગોની પણ હરાજી કરવામાં આવી છે. હરાજી કરનાર કંપનીના પીઆર અનુસાર, બ્લુ બર્ડની 34 હજાર 375 ડોલર (લગભગ 30 લાખ રૂપિયા)માં હરાજી કરવામાં આવી છે. આ વાદળી પક્ષીનું વજન લગભગ 254 કિલો છે. આ 12 ફૂટ ઊંચું, 9 ફૂટ પહોળું આઈકન છે. હાલમાં આ પક્ષી ખરીદનારની ઓળખ જાહેર કરવામાં આવી નથી. બ્લુ બર્ડની હરાજી સિવાય Apple-1 કોમ્પ્યુટરની લગભગ રૂ. 3.22 કરોડ ($3.75 લાખ)માં હરાજી કરવામાં આવી છે, સ્ટીલ જોબ્સ દ્વારા હસ્તાક્ષર કરાયેલ એપલ ચેકની લગભગ રૂ. 96.3 લાખ ($1,12,054)માં હરાજી કરવામાં આવી છે. ફર્સ્ટ જનરેશન સીલ્ડ પેક 4GB iPhone 87 હજાર 514 ડોલરમાં વેચાયો હતો. બ્લુ બર્ડ લોગો હવે માઈક્રો-બ્લોગિંગ વેબસાઈટ X નો ભાગ નથી, પરંતુ એપલ અથવા નાઈકીની જેમ સોશિયલ મીડિયામાં એક ઓળખ બની રહે છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2081, ફાગણ વદ-10

# મહરંગ બલુચિસ્તાનની આઝાદીની લડતમાં સક્રિય



બલુચિસ્તાનની આઝાદીની લડતને હબાવી દેવા માટે પાકિસ્તાનની આર્મી-આઈએસઆઈ બેફામ અત્યાચારો કરે છે. બલુચિસ્તાનની આઝાદીની લડત સાથે સંકલાયેલાં લોકોને ઉઠાવી જાય છે અને હત્યાઓ કરી દે છે. બલુચિસ્તાનની આઝાદી માટે લડતા હજારો કાર્યકરો એવા છે કે, આર્મી તેમને લઈ ગઈ પછી જ નથી આવ્યા. એ લોકો આર્મીની જેલોમાં બધ છે કે પછી તેમને પતાવી દેવાય છે એ જ ખબર નથી, આવા પુરૂષોના પરિવારની મહિલાઓને મહરંગે બલુચિસ્તાનની આઝાદીની લડતમાં સક્રિય કરી છે. મહરંગ તેમની મદદથી બલુચિસ્તાનની આઝાદીની લડતને ચલાવી રહી છે. પાકિસ્તાનમાં બલોચ લિબરેશન આર્મી (બીએલએએ) ટ્રેનને હાઈજેક કરીને પાકિસ્તાન આર્મીના ૯૦ સૈનિકોને ઢાળી દેતાં ધૂંધવાયેલી આર્મી અલગ બલૂચિસ્તાનની માગણી કરી રહેલા કાર્યકરો પર તૂટી પડી છે. બલોચ લિબરેશન આર્મી (બીએલએએ) સામે નમાલી પુરવાર થયેલી પાકિસ્તાન આર્મી હવે અહિંસક દેખાવો કરી રહેલા કાર્યકરો પર ખિજ ઉતારી રહી છે અને બલોચ નેતાઓને પકડીને જેલમાં ધકેલી રહી છે. તેના ભાગરૂપે મહરંગ બલોચને જેલમાં ધકેલી દેવાયાં છે. શુક્રવારે ક્વેટામાં દેખાવો કરી રહેલા બલોચ કાર્યકરો પર પાકિસ્તાની આર્મીએ કરેલા ગોળીબારમાં એકનું મોત થયેલું ને સંખ્યાબંધ લોકો ઘાયલ થયેલાં. મહરંગ બલોચે પાકિસ્તાન આર્મીના આ અત્યાચારો સામે ક્વેટામાં જ દેખાવોનું એલાન કર્યું તેમાં તો પાકિસ્તાન આર્મીની ફેં ફાટી ગઈ તેથી મહરંગને ઉઠાવીને જેલમાં નાંખી દેવાયાં. જો કે મહરંગ બલોચની ધરપકડથી બહુ ફરક પડયો નથી કેમ કે મહરંગના એલાનના પગલે બલૂચિસ્તાનમાં હજારો લોકો રસ્તા પર ઉતરી આવ્યાં છે. ક્વેટા અને ગ્વાદર બલૂચિસ્તાનનાં મુખ્ય શહેર છે. આ બંને શહેરોમાં દેખાવો કરી રહેલા બલોચ કાર્યકરોને રોકવાનું આર્મી-પોલીસનું ગજું નથી તેથી જવાનો ભાગી રહ્યા છે. બલુચિસ્તાનમાં અત્યારે આંતરિક વિગ્રહ જેવી સ્થિતી છે. તેના કારણે મહરંગ બલોચ આખી દુનિયામાં જાણીતું નામ થઈ ગઈ છે. પાકિસ્તાનની સરકારને હંફાવનારી મહરંગ માત્ર ૩૨ વર્ષની છે પણ પાકિસ્તાન આર્મી અને સરકારને ફીણ પડાવી દીધું છે. બલુચિસ્તાનમાં પાકિસ્તાન વિરોધી માહોલ પેદા કરવાનો યશ મહરંગને અપાય છે. એક સમયે બલુચિસ્તાનની આઝાદીની લડતનું નેતૃત્વ બુગતી પરિવારના હાથમાં હતું. બલોચ રીપબ્લિકન પાર્ટી પર બુગતી પરિવારનું વર્ચસ્વ હતું. બુગતીનો બલોચ કબિલો પાકિસ્તાનમાં સૌથી શક્તિશાળી કબિલાઓમાં એક છે. પાકિસ્તાને બુગતીને દબાવવા બલોચ રીપબ્લિકન આર્મીને આતંકવાદી સંગઠન જાહેર કરીને તેના નેતા બ્રહુમદાગ બુગતીને મોસ્ટ વોન્ટેડ આતંકવાદી જાહેર કરી દીધો. આર્મી બુગતીને પતાવી જ દેવા માગતી હતી તેથી શાણપણ વાપરીને બુગતી પાકિસ્તાન છોડીને છૂ થઈ ગયો છે. બુગતી સ્વિત્ઝરલેન્ડમાં હોવાનું કહેવાય છે. બુગતી જતાં બલુચિસ્તાનની આઝાદીની લડત નબળી પડી જશે એવું મનાતું પણ મહરંગે મોરચો સાચવ્યો છે. મહરંગ છેલ્લાં ૧૬ વર્ષથી પાકિસ્તાન આર્મી, આઈએસઆઈ અને સરકાર સામે લડે છે. તેના પિતા અબ્દુ ગફ્ફાર પણ બલુચિસ્તાનની આઝાદી અને પાકિસ્તાન આર્મીના અત્યાચારો સામે લડતા હતા. તેની કિંમત તેમણે પોતાનો જીવ આપીને ચૂકવી પણ તેના કારણે મહરંગનો જુસ્સો તૂટયો નથી. મહરંગ અને તેના ભાઈએ બલુચિસ્તાનના આઝાદીનો જંગ ચાલુ રાખ્યો છે. બલુચિસ્તાનની આઝાદીની લડતને હબાવી દેવા માટે પાકિસ્તાનની આર્મી-આઈએસઆઈ બેફામ અત્યાચારો કરે છે. બલુચિસ્તાનની આઝાદીની લડત સાથે સંકલાયેલાં લોકોને ઉઠાવી જાય છે અને હત્યાઓ કરી દે છે. બલુચિસ્તાનની આઝાદી માટે લડતા હજારો કાર્યકરો એવા છે કે, આર્મી તેમને લઈ ગઈ પછી જ નથી આવ્યા. એ લોકો આર્મીની જેલોમાં રૂંબંધ છે કે પછી તેમને પતાવી દેવાય છે એ જ ખબર નથી, આવા પુરૂષોના પરિવારની મહિલાઓને મહરંગે બલુચિસ્તાનની આઝાદીની લડતમાં સક્રિય કરી છે. મહરંગ તેમની મદદથી બલુચિસ્તાનની આઝાદીની લડતને ચલાવી રહી છે. મહરંગે બલુચિસ્તાનમાં આર્મીના જવાનો રહેણાંક વિસ્તારોમાં ઘૂસી જ ના શકે એ માટે કમિટીઓ બનાવીને મહિલાઓની સુરક્ષા માટે જોરદાર કિલ્લેબંધી કરી દીધી છે. મહરંગ સોશિયલ મીડિયા પર અત્યંત સક્રિય છે.

# ગુજરાત અર્ધલશ્કરી સંગઠનની બેઠકમાં નર્મદા જિલ્લાના પ્રમુખ તરીકે ગૌતમ પટેલની નિયુક્તિ

## ગૌતમભાઈ પટેલ વિશ્વ હિન્દુ પરિષદ, નર્મદા મા સેવા આપી રહ્યા છે અને હાલમાં વીએચપીમાં મહામંત્રીની જવાબદારી સંભાળે છે

ભરત શાહ । નર્મદા



ગાંધીનગર સ્વામિનારાયણ ઓડીટોરિયમ માં મળેલી ગુજરાત અર્ધલશ્કરી સંગઠનની બેઠક માં દિપેશભાઈ, અર્ધલશ્કરી સંગઠનના રાષ્ટ્રીય પ્રમુખ અર્ધલશ્કરી સંગઠનની અધ્યક્ષતામાં યોજાઈ હતી, ગુજરાત અર્ધલશ્કરી સંગઠનને મજબૂત બનાવવા માટે હોદ્દેદારો ની નિમણૂક કરવામાં આવી જેમાં કનુભાઈને ગુજરાત પ્રદેશ પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા, આ સાથે વીરભાઈ અને રતાભાઈને કાર્યકારી ગુજરાત પ્રદેશ પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા, રમેશભાઈને ઝોન પ્રમુખ તરીકે, જયંતિભાઈને ગુજરાત રાજ્ય મહાસચિવ તરીકે જ્યારે નર્મદા જિલ્લા વીએચપી માં મહામંત્રી ની જવાબદારી નિષ્ઠાપૂર્વક સંભાળતા ગૌતમભાઈ પટેલ ને અર્ધ લશ્કરી સંગઠન માં નર્મદા જિલ્લા પ્રમુખ તરીકે ની જવાબદારી સોંપવામાં આવી છે, મંજુલાબેનને ગુજરાત રાજ્ય મહિલા પ્રમુખ તરીકે, મનીષા બેનને ગાંધીનગર જિલ્લા પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. તુલસીભાઈને રાષ્ટ્રીય મહામંત્રી, જયંતિભાઈને મુખ્ય સંયોજક, નર્મદાબેનને રાષ્ટ્રીય મહિલા પ્રમુખ અને રમણભાઈને રાષ્ટ્રીય સંયુક્ત સચિવ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. આજની બેઠકમાં ગુજરાતના તમામ જિલ્લાઓના અધિકારીઓએ ભાગ લીધો હતો અને લેવાયેલો નિર્ણય બધાની સર્વ સંમતિથી લેવામાં આવ્યો હતો.

# બનાસકાંઠાની ITIમાં વિદ્યાર્થીઓ માટે ધ્યાન કાર્યક્રમનું આયોજન કરાશે

## ગુજરાત સરકાર અને હાર્ટફુલનેસ સંસ્થાના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓને સંતુલિત જીવન માટે ધ્યાનની તાલીમ આપવામાં આવશે


(માહિતી બ્યુરો,પાલનપુર)

બનાસકાંઠા જિલ્લાના અલગ અલગ તાલુકાઓમાં આવેલ 14 જેટલી ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઈ.ટી.આઈ.)માં ત્રિદિવસીય ધ્યાન સત્રનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તા. 24 માર્ચથી 15 એપ્રિલ સુધી જિલ્લાની તમામ 14 આઈ.ટી.આઈ.માં વિદ્યાર્થીઓ તેમજ ફેકલ્ટી મેમ્બર્સને ગુજરાત સરકાર દ્વારા હાર્ટફુલનેસ સંસ્થાના સહયોગથી ધ્યાન શીખવવામાં આવશે. હાર્ટફુલનેસ સંસ્થાના સર્ટિફાઇડ ટ્રેનર્સ દ્વારા વિદ્યાર્થીઓમાં સંતુલિત જીવન માટે આધ્યાત્મિક વિકાસ સાથે નૈતિક મૂલ્યોનું સિંચન થાય એ ઉદ્દેશ્યથી હૃદય આધારિત ધ્યાન પદ્ધતિની તાલીમ આપવામાં આવશે. દરેક આઈ.ટી.આઈ.માં ત્રણ દિવસ માટે આયોજિત થનાર આ સત્રોમાં વિદ્યાર્થીઓને ધ્યાન પદ્ધતિ સાથે વિઝડમ નોલેજ અને બાયો-ચાર આધારિત ખેતી પદ્ધતિનું જ્ઞાન પણ આપવામાં આવશે. બનાસકાંઠા જિલ્લાની ભાભર, દિયોદર, કાંકરેજ, સુઈગામ, વાવ, થરાદ, લાખણી, ધાનેરા, ડીસા, દાંતીવાડા, પાલનપુર, અમીરગઢ, વડગામ અને કુંભારીયા ખાતે આવેલ આઈ.ટી.આઈ.માં ગુજરાત સરકાર અને હાર્ટફુલનેસ સંસ્થા દ્વારા સંયુક્ત રીતે દૈનિક જીવનમાં ઉપયોગી એવા ધ્યાન પદ્ધતિની સમજ પ્રાયોગિક તાલીમ આપવામાં આવશે.

# એકતાનગર ખાતે આવેલા એકતા ઓડિટોરીયમ અંદરથી સાઉન્ડ સિસ્ટમની વસ્તુઓની ચોરી

## બારીમાંથી ઘૂસી એમ્પ્લીફાયર, રીસીવર, પોડીયમ માઇક , વાયર માઇક, વાયરલેસ માઇક અને કેમેરાના ડીવી.ર જેવી વસ્તુઓની ચોરી

ભરત શાહ । નર્મદા



નર્મદા જિલ્લામાં એકતાનગર માં આવેલા સ્ટેચ્યુ ઓફ યુનિટી પાસે ના એકતા ઓડિટોરીયમ માંથી રૂ.૧૧,૧૯,૭૨૨ ની સાઉન્ડ સિસ્ટમ ના વસ્તુઓ ની ચોરી થતા પોલીસ ફરિયાદ નોંધાઈ છે પ્રાપ્ત માહિતી અનુસાર આસી. એન્જિનિયર અભયકુમાર છોટેલાલ યાદવ, રહે-હાલ એકતાનગર કોલોની નવી બિલ્ડીંગ ગેસ મંડળી ની બાજુમા બ્લોક નં-ડી-૧, રૂમ નં-૫૦૨ તા.ગરૂડેશ્વર જિ.નર્મદા નાઓ એ આપેલી ફરિયાદ મુજબ તેમની દેખરેખના હેઠળના એકતા ઓડિટોરીયમાં લગાડેલ સાઉન્ડ સિસ્ટમ જેમાં એમ્પ્લીફાયર નંગ-૫ જેમા ત્રણ મોટા અને બે નાના જેમાંથી એક મોટા એમ્પ્લીફાયરની કી.રૂ.૨,૬૭,૮૯૪/- તથા ત્રણ મોટા એમ્પ્લીફાયરની કુલ કિ.રૂ.૮,૦૩,૬૮૨/-તથા નાના એમ્પ્લીફાયરની કિ.રૂ. ૨૪.૫૦૨/- તથા બીજા નાના એમ્પ્લીફાયરની કિ.રૂ. ૭૧,૦૭૧/- તથા પાંચ રીસીવરની કી.રૂ.૧,૫૮,૬૬૪/- તેમજ ગ્રાઉન્ડ ફ્લોર ઉપરના સ્ટેજ પરના બે પોડીયમ માઇક જેની કિ.રૂ.૩૯,૩૫૨/- તથા એક વાયર માઇક કી.રૂ.૩૪૧૩/- તથા વાયરલેસ માઇક કિ.રૂ.૬૫૩૮/- તથા મેઈન કંટ્રોલ રૂમમા સી.સી.ટી.વીનું ૧૬ કેમેરાનુ ડી.વી.આર ની કિ.રૂ.૧૨,૫૦૦/- ની મળી કુલ કિંમત રૂ. ૧૧,૧૯,૭૨૨/- ની મત્તાની કોઇ અજાણ્યો ઈસમ બારીમાંથી પ્રવેશ કરી કરી ચોરી કરી લઇ જઇ ગુનો કરતા એકતાનગર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# ધનસુરા ખાતે જિલ્લા શાળા સંચાલક મંડળનું દ્વિતીય અધિવેશન સંપન્ન : વિશિષ્ટ સન્માનીય મહાનુભવોનું સન્માન કરાયું

રાકેશ મહેતા । ધનસુરા



અરવલ્લી જિલ્લા શાળા સંચાલક મંડળનું દ્વિતીય અધિવેશન રાજ્ય મહામંડળ ના પ્રમુખ શંકરસિંહ રાણા,દિલીપભાઈ ચૌધરી,મનુભાઈ રાવલ,બોર્ડ સદસ્ય જે.વી.પટેલ,ધારાસભ્ય ધવલસિંહ ઝાલા,મોહનભાઈ પટેલ,એન.કે.ત્રિવેદી, નવનીત એજ્યુ.ના માર્કેટિંગ ડાયરેકટર અચિંતભાઈ ઝાલા,વિવિધ જિલ્લા સંઘોના પ્રમુખો એન.ડી.પટેલ, અશોકભાઈ પટેલ,રાકેશભાઈ પટેલ,કૌશિકકુમાર સોની , મહામંત્રી શૈકેશભાઈ પંડ્યા, ડિરેકટર શામળભાઈ પટેલ, કાંતિભાઈ પટેલ સહિતની ઉપસ્થિતિ માં યોજાયું હતું.આ પ્રસંગે વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર મહાનુભવોનું સન્માન કરાયું હતું,જિલ્લાની શાળાઓના સંચાલકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.અધિવેશનના શાળા સંચાલકોને વિવિધ પડતર પ્રશ્નો અંગે ચર્ચા કરાઈ હતી.શાળાઓમાં ફાયર સેફ્ટી,કર્મચારીઓની ખાલી જગ્યાઓ ભરવી સહિતની વિવિધ માંગણીઓ સરકાર પાસે પડતર છે તેનો ઝડપી નિકાલ આવે તેવી રાજ્ય મહામંડળને રજુઆત કરી હતી.કાર્યક્રમને સફળ બનાવવા શાળાના આચાર્ય પ્રકાશભાઈ દેસાઈ,મણિલાલ પટેલ સહિતે ભારે જહેમત ઉઠાવી હતી.અધિવેશનના દાતા ત્રિલોકભાઈ શાહ,ઉમેશ જૈનનું સન્માન કરાયું હતું.

# શ્રી કટલરી કરિયાણા મર્ચન્ટ એસોસિએશન મોડાસાના સુવર્ણજયંતી વર્ષ નિમિત્તે આનંદનો ગરબો યોજાયો

રાકેશ મહેતા । ધનસુરા



શ્રી કટલરી કરિયાણા મર્ચન્ટ એસોસિએશન મોડાસા નીત નવા કાર્યક્રમ નું આયોજન કરે છે. અને સમાજના દરેક વર્ગને પ્રોત્સાહિત કરવાનું પણ કામ કરે છે. એસોસિએશનના સુવર્ણ જયંતી વર્ષ નિમિત્તે આનંદનો ગરબો નું આયોજન સોમનાથ મહાદેવ મંદિર, માણેકબાગ સોસાયટી કોમન પ્લોટ, મોડાસા માં યોજવામાં આવ્યો હતો જેને ખૂબ સુંદર સફળતા મળી હતી આશરે 250 થી પણ વધુ ભક્તજનો એ આનંદનો ગરબો નો લાભ લીધો હતો. આ પ્રસંગે આંતર રાષ્ટ્રીય ચકલી દિવસને ધ્યાને લઈ ચકલી ઘર નું વિતરણ ગજાનંદ ફૂડ્સ પ્રા. લિ અમદાવાદ ના સૌજન્ય થી અને મયુરભાઈ બૂટાલાના સહકારથી કરવામાં આવ્યું હતું. અંતે ભક્તજનો માટે નાસ્તાની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. આ પ્રસંગે મંડળી ના ચેરમેન પંકજભાઈ બુટાલા, એસોસિએશનના પ્રમુખ રમણભાઈ પ્રજાપતિ, મંત્રી મુકુન્દભાઈ શાહ, ઉપપ્રમુખ નરેન્દ્રભાઈ શાહ તેમજ પ્રવીણભાઈ પટેલ, સહમંત્રી મનીષભાઈ ભાવસાર અને નયનભાઈ કોઠારી, ખજાનચી જ્યેશભાઈ ગાંધી, સોવેનિયર કમિટી ચેરમેન જગદીશભાઈ ભાવસાર, પ્રોજેક્ટ કમિટી ચેરમેન મયુરભાઈ બુટાલા તેમજ મંડળીના મેનેજર નરેશભાઈ શાહ અને સ્ટાફ મિત્રો તેમજ કારોબારી સભ્યો અને સામાન્ય સભ્યશ્રીઓ, માણેકબા સોસાયટીના સિનિયર સિટીઝન સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# એમ.એન.જાડેજાએ રાજપીપળા જીલ્લા જેલ અધિક્ષકનો હવાલો સંભાળ્યો





ભરત શાહ । નર્મદા

પોલીસ મહાનિદેશક, ડૉ.કે.એલ.એન.રાવ, જેલ અને સુધારાત્મક વહિવટની કચેરી, ગુજરાત રાજ્ય અમદાવાદ નાઓ દ્વારા રાજપીપળા જીલ્લા જેલના ઇ.ચા.અધિક્ષક એ.બી.પરમાર નાઓની જાહેર હિતાર્થે અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે બદલી કરતાં તેઓ તા.૨૩/૦૩/ ૨૦૨૫ ના રોજ કચેરી સમય દરમ્યાન રાજપીપળા જીલ્લા જેલ ખાતેથી છુટા થતાં તેઓના રાજપીપળા જીલ્લા જેલના હસ્તક અધિક્ષકનો ચાર્જ એમ.એન. જાડેજા એ સંભાળેલ છે. તેમજ એ.બી.પરમારનાઓને રાજપીપળા જીલ્લા જેલ ખાતેથી વિદાય આપી હતી.

# રામપુરા ધનેશ્વર મંદિર ને લઈને તંત્ર નિર્ણય લેતું નથી જેમાં ભક્તો મુશ્કેલીમાં મુકાય છે

## બે સાધુઓની તકરાર માં પોલીસે બંદોબસ્ત ગોઠવી દેતા હવે મંદિરે દર્શને આવનારા ભક્તો પોલીસ ને જોઈ ડરે છે.

ભરત શાહ, । નર્મદા



રામપુરા ગામના નર્મદા કિનારે આવેલા ધનેશ્વર મંદિર ના વર્ષો જૂનો વિવાદ અંત ક્યારે આવશે ખબર નથી , પણ તંત્ર આ બાબતે કોઈ પણ જવાબદાર ગ્રામજનો ની સહમતિ થી વચલો માર્ગ કાઢે તો વિવાદ નો અંત આવે એમ છે. નર્મદા પંચકોષી પરિક્રમા નો પ્રારંભ થવાને ગણતરી ના દિવસો બાકી છે અને પરિક્રમા માં મોટી સંખ્યામામાં ભક્તો ધનેશ્વર મંદિર દર્શન કરવા આવતા હોય છે. એટલુજ નહીં ધનેશ્વર મંદિર ખાતેના આશ્રમમાં રોકાતા પણ હોય છે.ત્યારે ત્યાં પોલીસ ની હાજરી અને દર્શને આવતા ભક્તો ની પૂછપરછ થી ભક્તો ફફડાટ અનુભવે છે. જેથી મંદિરે દર્શને આવવાનું ટાળે છે.તો ધનેશ્વર મંદિર પાસેથી પોલીસ પ્રોટેક્શન હટાવી લે એવી સ્થાનિક સંત ભક્તો ની માંગ છે. માંગરોળ ધનેશ્વર મહાદેવ મંદિર નો પ્રશ્ન ખૂબ જ સંવેદનશીલ અને અતિ ગંભીર પ્રશ્ન છે તો તત્કાળ આ પ્રશ્નોનું નિરાકરણ થાય તે દિશામાં જીલ્લા કલેક્ટર પોલીસ અધીક્ષક ઉચીત કાર્યવાહી કરે એવું આવેદન કલેકટર નર્મદાને આપવામાંવ્યુ છે. આવેદનમાં જણાવ્યા મુજબ સમસ્ત ગ્રામજનોની ભક્તોની આશા અપેક્ષા છે કે ગેરકાયદેસર કબજો કરીને અશાંતિ ઉભી કરતા કોઈપણ પ્રકારનો હક હિસ્સો નથી ત્યારે આ દિશામાં જિલ્લા વહીવટી તંત્ર કડક હાથે કામગીરી કરે તે જન હિતમાં છે અનેકવાર આવેદનપત્ર આપવામાં આવ્યા છે નર્મદા જિલ્લાના સ્થાનિક તમામ નેતાઓએ મૌખિક અનેકવાર રજૂઆત કરી છે છેલ્લા બે મહિનાથી 24 કલાક પોલીસ પ્રોટકશન છે ગંભીર સ્થિતિ નું નિર્માણ ન થાય તે માટે ગેરકાયદેસર કબજો કરીને બેઠેલ પરિવાર જતીનભાઈ શર્મા ઉર્ફે જાનકીદાસ સામે કડક હાથે કાર્યવાહી કરવામાં આવે તે જન હિતમાં છે નર્મદા મૈયાની યાત્રા માં મોટી સંખ્યામાં ભક્તો આવતા હોય છે માટે તત્કાલ પ્રશ્નોનું નિરાકરણ થાય તે ખૂબ જરૂરી છે ઘણા સમયથી સ્થાનિક લોકો દર્શન કરવા જતા ડરે છે આ પરિસ્થિતિનું નિર્માણ થયું છે ત્યારે જિલ્લા વહીવટી તંત્ર તાત્કાલિક નિર્ણય લે તે ખૂબ જરૂરી છે. સમસ્ત માંગરોળ ગામ જિલ્લા સમિતિ, વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા અનેકવાર રજૂઆત થઈ છે.

24 માર્ચ, વિશ્વ ટીબી દિવસ

# નીતિ આયોગના ટીબી નાબૂદી લક્ષ્યાંકના 95% હાંસલ કરીને અગ્રેસર રાજ્ય બન્યું ગુજરાત

## 100 દિવસીય સઘન ટીબી નાબૂદી અભિયાનના અમલીકરણમાં ગુજરાત સૌથી આગળ

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

2025 સુધીમાં ભારતને ટીબી મુક્ત કરવાના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના લક્ષ્યને સાકાર કરવાની દિશામાં ગુજરાતે 2024માં નોંધનીય પ્રગતિ કરી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે ટીબી નોંધણી અને સફળ સારવાર મામલે નીતિ આયોગ દ્વારા નિર્ધારિત લક્ષ્યના 95% હાંસલ કર્યા છે, જ્યારે સારવાર પૂર્ણ થવાનો દર 91% નોંધાયો છે. ગુજરાતને 2024માં 1,45,000 ટીબી દર્દીઓની ઓળખ અને નોંધણીનો લક્ષ્યાંક આપવામાં આવ્યો હતો, જેની સાપેક્ષમાં 1,37,929 ટીબી દર્દીઓની સફળતાપૂર્વક ઓળખ અને નોંધણી કરવામાં આવી હતી. આ સાથે જ, 1,24,581 દર્દીઓની સફળતાપૂર્વક સારવાર થઈ હતી, જેથી સારવાર પૂર્ણ થવાનો દર 90.52% નોંધાયો હતો. આ ઉપરાંત, નોંધાયેલા ટીબી દર્દીઓમાંથી 1,31,501 દર્દીઓને પણ સારવારની સુવિધા પૂરી પાડવામાં આવી છે.

### 2024માં ટીબીના દર્દીઓની સારવાર માટે આપવામાં આવી ₹43.9 કરોડની આર્થિક સહાય

ટીબીના દર્દીઓ તેમની નિયમિત સારવાર કરાવવા માટે પ્રેરાય અને પૈસાના અભાવે તેમની સારવારમાં કોઈ મુશ્કેલી ન આવે તે માટે ગુજરાત સરકાર દ્વારા નિક્ષય પોષણ યોજના હેઠળ દવાના ખર્ચ માટે ટીબીના દર્દી દીઠ 500ની નાણાંકીય સહાય પૂરી પાડવામાં આવી રહી છે. વર્ષ 2024માં 1,18,984 ટીબીના દર્દીઓને 43.9 કરોડની સહાય આપવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, ટીબીના દર્દીઓને આપવામાં આવતી આ આર્થિક સહાયને કેન્દ્ર સરકારે 1 નવેમ્બર, 2024થી વધારીને 1000 કરી છે.

### 10,682 નિક્ષય મિત્રોનો સહયોગ, 3.49 લાખ પોષણ કિટનું વિતરણ

પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન હેઠળ, ગુજરાતે નિક્ષય પોર્ટલ પર 10,682 નિક્ષય મિત્રોની નોંધણી કરી અને તેમના માધ્યમથી 3,49,534 પોષણ કિટનું વિતરણ કર્યું. રાજ્ય સરકારની આ પહેલ ટીબીના દર્દીઓને માત્ર દવાઓ જ નહીં, યોગ્ય પોષણ પણ મળે તે સુનિશ્ચિત કરે છે. આ ક્ષેત્રમાં ગુજરાત સમગ્ર દેશમાં સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરનારું રાજ્ય બન્યું છે.

### 100 દિવસીય સઘન ટીબી નાબૂદી અભિયાનના અમલીકરણમાં ગુજરાત અગ્રેસર

ટીબીના કેસોની વહેલી તકે તપાસ અને સારવાર માટે ભારત સરકારે 7 ડિસેમ્બર 2024ના રોજ '100-દિવસીય સઘન ટીબી નાબૂદી અભિયાન' શરૂ કર્યું છે. ગુજરાતે આ અભિયાન હેઠળ અત્યારસુધીમાં 16 જિલ્લાઓ અને 4 મ્યુનિસિપલ કોર્પોરેશનનો સમાવેશ કર્યો છે. 20 માર્ચ 2025 સુધીમાં આ અભિયાન હેઠળ 35.75 લાખ લોકોનું ટીબી પરીક્ષણ કરવામાં આવ્યું છે. આ વ્યાપક પરીક્ષણના પરિણામે, 16,758 નવા ટીબી દર્દીઓની ઓળખ કરવામાં આવી છે અને તેમની સારવાર પણ શરૂ કરવામાં આવી છે.

### ટીબીના દર્દીઓની વધુ સારી સુવિધા માટે લાયન્સ ક્લબ્સ ઇન્ટરનેશનલ સાથે એમઓયુ

રાજ્યના તમામ ટીબી દર્દીઓને સારવાર દરમિયાન દર મહિને પોષણ કિટ ઉપલબ્ધ કરાવવાના ઉદ્દેશથી ગુજરાત સરકારે તાજેતરમાં 6 માર્ચ 2025ના રોજ લાયન્સ ક્લબ્સ ઇન્ટરનેશનલ સાથે એક મહત્વપૂર્ણ સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર કર્યા છે. આ અંતર્ગત, ટીબીના દર્દીઓને દત્તક લઈને તેમને ન્યુટ્રિશન સપોર્ટ પ્રદાન કરવામાં આવશે. રાજ્યભરમાં દર્દીઓને પોષણ સહાય પૂરી પાડવામાં લાયન્સ ક્લબ ઇન્ટરનેશનલ સક્રિય ભૂમિકા ભજવશે. રાજ્ય સરકારને આશા છે કે આ પ્રકારના પ્રયાસોથી ટીબીના દર્દીઓના રિકવરી રેટમાં વધુ ઝડપી સુધારો થશે.

લાયન્સ ક્લબ ઇન્ટરનેશનલ દ્વારા 2024 25 એવોર્ડ સેમીનારમાં

# ઇન્ટરનેશનલ લેવલે બ્રોન્ઝ મેડલ મેળવનાર રાજપીપળાના પ્રીતિ વસાવાને સન્માનિત કરાયા

ભરત શાહ । નર્મદા



ઇન્ટરનેશનલ ગેમ્સમાં બ્રોન્ઝ મેડલ મેળવનાર રાજપીપળા ના પ્રીતિ વસાવાને લાયન્સ ક્લબ ઇન્ટરનેશનલ બરોડા દ્વારા સન્માનિત કરવામાં આવ્યા રાજપીપલા ના પ્રીતિબેન વસાવા એ યોજાયેલી 38મી રાષ્ટ્રીય ખેલ સ્પર્ધામાં ગુજરાતની આ દીકરી એ ઈતિહાસ રચ્યો હતો, રાજપીપલા ના રીક્ષા ચાલકની પુત્રી પ્રીતિબેન મહેશભાઈ વસાવા એ જીનમાંસ્ટીકની ટ્રેમ્પોલીન ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ મેળવી નર્મદા જિલ્લા તેમજ ગુજરાતનું નામ રોશન કર્યું છે અને હાલમાં બરોડા ખાતે લાયન્સ ક્લબ ઇન્ટરનેશનલ દ્વારા 2024 25 એવોર્ડ સેમિનારમાં તેમનું સ્વાગત સાથે પ્રમાણપત્ર આપીને સન્માન કરવામાં આવ્યું હતું.

પ. પૂ. ધુ. ધુ. શ્રી 1008 આચાર્ય શ્રી અજેન્દ્ર પ્રસાદ મહારાજ શ્રી ની પ્રેરણા

# સંખેડા સ્વામિનારાયણ મંદિર ખાતે શહીદ દિવસ નિમિત્તે મહા રક્તદાન કેમ્પનું આયોજન કરાયું

કમલેશ પટેલ । સંખેડા



જેમાં સંખેડા સ્વામિનારાયણ મંદિરના પટાંગણ મા કેન્સર પીડિત તેમજ થેલેસેમિયા ગ્રસ્ત દર્દીઓનો લાભ અર્થ મહારક્તદાન કેમ્પનું આયોજન કરાતા આજુબાજુ ગામના હરિભક્તો દ્વારા મહા રક્તદાન કેમ્પમાં ભાગ લીધો હતો અને બરોડા ઈન્દુ બ્લડ બેન્ક ના ઉપક્રમે બોડેલી શાખા દ્વારા ડોક્ટરની ટીમ દ્વારા 50થી વધુ યુનિટ બ્લડ એકત્ર થયું હતું જેમાં હરિભક્તો ખૂબ મોટી સંખ્યામાં ઉત્સાહ ભેર શહીદ દિવસની અનોખી રીતે બ્લડ આપી મહારક્તદાનની ઉજવણી કરવામાં આવી હતી.



# ઉનાળામાં દહીંને ખાટું થતું અટકાવવાની જોરદાર ટ્રિક્સ

**દહીં સ્વાસ્થ્ય માટે દરેક રીતે ફાયદાકારક છે. તેને ખાવાથી જ નહીં પરંતુ ત્વચા પર લગાવવાથી પણ ઘણા ફાયદા થાય છે. કેટલાક લોકો બજારમાંથી દહીં ખરીદીને ખાય છે તો કેટલાક લોકો પોતાના હાથે ઘરે દહીં જમાવવાનું પસંદ કરે છે. બજારમાં મળતું દહીં પણ ભેળસેળયુક્ત હોઈ શકે છે. સાથે જ તે મોંઘુ પણ છે. ઘણી વખત તો ખબર પણ પડતી નથી કે તે દહીં તાજું છે કે વાસી. આથી મોટાભાગના લોકો દહીં ઘરે જમાવવાનું પસંદ કરે છે. પરંતુ ઉનાળામાં દહીં જલ્દીથી ખાટું થઇ જતું હોય છે. એવામાં આજે જાણીએ કે ઉનાળામાં દહીંને લાંબા સમય સુધી ખાટું થતું કેમ અટકાવી શકાય.**

## બજાર જેવું દહીં કેવી રીતે જમાવવું?



સેટ કરવા માટે પહેલા દૂધને સારી રીતે ઉકાળો. આ પછી તેને ઠંડુ થવા દો. દૂધ થોડું ઠંડુ થાય એટલે તેમાં મેરવણ ઉમેરી દો. હંમેશા એક વાતનું ધ્યાન રાખો કે દહીં સેટ કરવા માટે દૂધનું તાપમાન બરાબર હોવું જોઈએ. જો દહીંને ખૂબ ગરમ દૂધમાં સેટ કરવામાં આવે તો દૂધ જલ્દી ફાટી જાય છે અને ખાટું બનશે.

### દહીં જમાવવા માટે તાજા દૂધનો ઉપયોગ કરો

દહીં જમાવતી વખતે બને તો તાજા જ દૂધનો ઉપયોગ કરો. જેથી દહીં ખાટું ન થાય. એવામાં જો તમે તાજા દૂધના બદલે એક દિવસ વાસી દૂધનો ઉપયોગ કરો છો તો પણ દહીં કોઈપણ સંજોગોમાં થઈ જ જશે.

## આ ભૂલના કારણે પણ દહીં ખાટું બને છે

મોટાભાગની સ્ત્રીઓ દહીં જમાવવા માટે તે ઘરમાં રાખેલા દહીંનો જ મેરવણ તરીકે ઉપયોગ કરે છે. પણ તમારે એક વાત ધ્યાનમાં રાખવી જોઈએ. તમે દૂધમાં જે મેરવણ ઉમેરો છો તે પહેલાથી જો ખાટું હોય તો જામેલા દહીંનો સ્વાદ પણ ખાટો લાગશે. તેથી ધ્યાન રાખો કે દૂધમાં જે મેરવણ ઉમેરવામાં આવે છે તે પણ તાજું હોય.

## ઉનાળામાં દહીં બહાર ન રાખવું

ઉનાળામાં દહીં ખાટું ન થાય તે માટે તમારે કેટલીક બાબતોનું ધ્યાન રાખવું જોઈએ. તમારું દહીં તૈયાર થતાં જ તેને તરત જ ફ્રીઝ કરો. આમ કરવાથી તમે તેને લાંબા સમય સુધી સ્ટોર કરી શકશો. આ સાથે, તે ખાટા થવાની સંભાવના પણ ઓછી થશે. સામાન્ય રીતે દહીંને સેટ થવામાં 6 થી 8 કલાક લાગે છે. જ્યારે તમારું દહીં સેટ થઈ જાય એટલે તેને રેફ્રિજરેટરમાં રાખો દો.

# શૂઝની દુર્ગંધ દૂર કરવાની 5 સરળ રીતો

**ઉનાળામાં પગમાં વધુ પડતો પરસેવો થવો સામાન્ય બાબત છે, પરંતુ જ્યારે આ શૂઝમાં આવતી દુર્ગંધનું કારણ બને છે ત્યારે સમસ્યા સર્જાય છે. શૂઝમાંથી આવતી દુર્ગંધ માત્ર તમને અસ્વસ્થતાનો જ અનુભવ નથી કરાવતી પણ તમારી આસપાસના લોકો માટે પણ મુશ્કેલી ઊભી કરી શકે છે. આ સમસ્યાથી છુટકારો મેળવવા માટે તમારે મોંઘા સ્પ્રે કે પરફ્યુમની પર પૈસા ખર્ચવાની જરૂર નથી, કારણ કે કેટલાક સરળ ઘરેલું ઉપાયથી આ સમસ્યાને દૂર કરી શકાય છે.**



**1. બેકિંગ સોડા |** બેકિંગ સોડા એક કુદરતી ડીઓડોરાઈઝર છે. જે પગના ભેજને શોષવાની સાથે શૂઝમાંથી આવતી દુર્ગંધને પણ દૂર કરે છે. આ માટે રાત્રે શૂઝની અંદર થોડો બેકિંગ સોડા છાંટવો અને સવારે તે કાઢી નાખો. તે પરસેવાના કારણે સર્જાયેલી ભેજને શોષી લેશે એટલું જ નહીં, પરંતુ દુર્ગંધને પણ દૂર કરશે. જો શૂઝની ગંધ તીવ્ર હોય તો તમે અઠવાડિયામાં બે વાર બેકિંગ સોડાનો ઉપયોગ કરી શકો છો.

**2. અસેન્શિયલ ઓઈલ |** જો તમે ઈચ્છો છો કે તમારા શૂઝ હંમેશા સુગંધિત રહે, તો તમે અસેન્શિયલ ઓઈલનો પણ ઉપયોગ કરી શકો છો. આ માટે તમે લવંડર, ટી ટ્રી અથવા મિન્ટ ઓઈલનો ઉપયોગ કરવો જોઈએ. આ ઓઈલ બેક્ટેરિયાને ખતમ કરવાની સાથે સાથે સુગંધ પણ આપે છે. જ્યારે પણ તમને સમય મળે, ત્યારે કોટન સ્વેબમાં અસેન્શિયલ ઓઈલના થોડા ટીપાં લો અને તેને આખી રાત શૂઝમાં રાખો. જેથી દુર્ગંધ દૂર થઈ જશે.

**3. શૂઝને તડકામાં રાખો |** ઉનાળામાં, પરસેવાના કારણે, શૂઝમાં ભેજ રહે છે, જે બેક્ટેરિયલ અને ફંગલ ઈન્ફેક્શનનું કારણ બની શકે છે. તેનાથી બચવા માટે અઠવાડિયામાં ઓછામાં ઓછા બે વખત તમારા શૂઝને તડકામાં રાખો. જેનાથી શૂઝ ફરીથી સ્વચ્છ અને ફ્રેશ લાગે છે. શૂઝને ઓછામાં ઓછા 3-4 કલાક માટે ખુલ્લી હવા અને સૂર્યપ્રકાશમાં રાખવાનો પ્રયાસ કરો.

**4. ટી બેગ્સ |** શૂઝની અંદર વપરાયેલી ડ્રાય ટી બેગ મૂકીને પણ દુર્ગંધ દૂર કરી શકાય છે. ચામાં હાજર ટેનીન ભેજ અને ગંધને શોષી લે છે. જો તમારા શૂઝમાં દુર્ગંધ આવતી હોય તો ગ્રીન ટી બેગનો ઉપયોગ કરો કારણ કે તેમાં એન્ટીબેક્ટેરિયલ ગુણ હોય છે.

**5. વિનેગર |** વ્હાઈટ વિનેગર કુદરતી જંતુનાશક છે. તે બેક્ટેરિયા અને ફૂગને મારવામાં મદદ કરે છે. સ્વચ્છ સુતરાઉ કાપડને વિનેગરમાં પલાળી રાખો અને શૂઝની અંદરના ભાગને સારી રીતે સાફ કરો અને પછી તેને સૂકવવા માટે છોડી દો. આનાથી શૂઝની દુર્ગંધ તો દૂર થશે જ પરંતુ બેક્ટેરિયા પણ દૂર થશે.

# વાળ અને ત્વચાની ચમક વધારે છે પૃથ્વી મુદ્રા, જાણો તેને કરવાની રીત અને થતા શાનદાર ફાયદાઓ

આજકાલ ઘણા લોકો વાળ ખરવા, નબળી રોગપ્રતિકારક શક્તિ અને વજન ઘટવા જેવી સમસ્યાઓથી પીડાઈ રહ્યા છે. જો તમે પણ આ સમસ્યાનો સામનો કરી રહ્યા છો, તો પૃથ્વી મુદ્રા તમને આમાં મદદ કરી શકે છે. હાથ મુદ્રાઓમાં પૃથ્વી મુદ્રાનું વિશેષ મહત્વ છે. આ મુદ્રા મનુષ્યમાં રહેલા પૃથ્વી તત્વને મજબૂત બનાવે છે અને અગ્નિ તત્વનો નાશ કરે છે. આ કારણોસર, તેને અગ્નિ શામક મુદ્રા તરીકે પણ ઓળખવામાં આવે છે. આ મુદ્રા કરવા માટે પહેલા આરામદાયક જગ્યાએ પદ્માસન અથવા સુખાસન મુદ્રામાં બેસો. આ પછી તમારા હથેળીઓને તમારા ઘૂંટણ પર રાખો અને તમારા અંગૂઠાથી અનામિકા આંગળીને સ્પર્શ કરો. બાકીની આંગળીઓ સીધી રાખો. અંગૂઠા વડે રીંગ ફિંગરને દબાવો. વધારે દબાણ ન કરો. હવે તમારી આંખો બંધ કરો અને તમારા શ્વાસ પર ધ્યાન કેન્દ્રિત કરો. શરૂઆતમાં તમારે 10 મિનિટ પ્રેક્ટિસ કરવી જોઈએ પરંતુ પછીથી તમે તેને 30 મિનિટ સુધી વધારી શકો છો.પૃથ્વી મુદ્રાના ફાયદા: પૃથ્વી મુદ્રા શરીરના હાડકાં અને સ્નાયુઓને મજબૂત બનાવે છે. તેથી જેઓ નબળા અને દુર્બળ છે તેઓએ આ મુદ્રા અવશ્ય કરવી જોઈએ. પૃથ્વી મુદ્રા ઊંચાઈ અને વજન બંને વધારવામાં મદદરૂપ થાય છે. આ મુદ્રા શરીરમાં ઉર્જા, તેજ અને ક્રાંતિ વધારે છે. ચહેરો ચમકતો બને છે. આ મુદ્રા પાચનમાં સુધારો કરે છે જે શરીરને મજબૂત અને પોષણ આપવામાં મદદ કરે છે. આ આસન મગજને વધુ એક્ટિવ બનાવે છે, જેનાથી કાર્યક્ષમતા વધે છે. પૃથ્વી મુદ્રા શરીરની રોગપ્રતિકારક શક્તિને પણ મજબૂત બનાવે છે. અંગૂઠાની જેમ અનામિકા આંગળીમાં પણ એક ખાસ વિદ્યુત પ્રવાહ હોય છે. આ જ કારણ છે કે આ આંગળીથી કપાળ પર તિલક લગાવવામાં આવે છે. આ યોગથી આ બંને



આંગળીઓની ઉર્જા એક્ટિવ થાય છે. પૃથ્વી તત્વ મૂળધર ચક્ર સાથે સંબંધિત છે. પૃથ્વી મુદ્રા મૂલાધાર ચક્રને એક્ટિવ કરે છે અને તેની સાથે જોડાયેલા અંગો સ્વસ્થ બને છે. પૃથ્વી ચક્ર દ્વારા હર્નિયા પણ મટાડવામાં આવે છે અને આ મુદ્રા વાળ અને નખ માટે પણ ફાયદાકારક છે. આ મુદ્રા વાળના અકાળ સફેદ થવા અને હાઈ બ્લડ પ્રેશરમાં પણ રાહત આપે છે. પૃથ્વી મુદ્રા એકાગ્રતામાં પણ વધારો કરે છે અને આધ્યાત્મિક લેવલ પણ વધારે છે.

પૃથ્વી મુદ્રા કરતી વખતે આ સાવચેતીઓ રાખવી જોઈએ: જો તમને કફ દોષ છે, તો આ મુદ્રા લાંબા સમય સુધી ન કરો અથવા કોઈ નિષ્ણાતની સલાહ ન લો. જો તમને અસ્થમા હોય કે શ્વાસ લેવામાં કોઈ તકલીફ હોય તો પણ નિષ્ણાત વિના આ ન કરો. આ આસન લાંબા સમય સુધી ન કરો. એકવાર તમને આ આસનથી ફાયદો થઈ જાય પછી તેને કરવાનું બંધ કરો. કારણ કે આ આસન નર્વસ સિસ્ટમને નિયંત્રિત કરી શકે છે.



# ચંદન ચાવલ બેલે કી પતિયા શિવજી કે માથે ધરોને, રે ભોળાનાથ દિગમ્બર યે દુઃખ મેરા હરો ને..



વૈદ્યનાથ જ્યોતિર્લિંગ

- રુપાલી દવે

ભગવાન સદાશિવ ના બાર જ્યોતિર્લિંગની જીવન પર્યંત યાત્રા અવશ્ય કરવી જોઈએ.ભારતીય સંસ્કૃતિ અનુસાર હિન્દુ એ લાઈફ માં બારે બાર જ્યોતિર્લિંગની યાત્રા પૂર્ણ કરવી જરૂરી હોય છે.ખરેખર બારે જ્યોતિર્લિંગ ની યાત્રા કરનાર ને ભાગ્યશાળી માનવામાં આવે છે. ભગવાન ભોળાનાથના પવિત્ર સ્થાન બાર જ્યોતિર્લિંગ માંનું પાંચમુ વૈદ્યનાથ જ્યોતિર્લિંગ એ ઝારખંડ માં દેવધર માં આવેલું છે. મત્સ્ય પુરાણ અનુસાર વૈદ્યનાથ જ્યોતિર્લિંગ ને આરોગ્ય વૈદ્યનાથી પણ કહેવામાં આવ્યું છે. આ પાછળ એક ખાસ કારણ છે આ સ્થાન પર કાવડ દ્વારા લવાયેલું પાણી વૈદ્યનાથ જ્યોતિર્લિંગ પર ચડે છે ને એ ચડાવેલું પાણી નદી ના પાણીમાં ભળે છે.ત્યાંના જળવાયું ના પ્રભાવ થી અસાધ્ય બીમારીઓથી પીડાતા,રક્તપિત ના દર્દીઓ વગેરે નદી માં સ્નાન કરતા જ સાજા થઈ જાય છે એટલે વૈદ્યનાથ જ્યોતિર્લિંગ ની યાત્રા એ આવનાર યાત્રાળુ કાવડ માં નદી નું પાણી પ્રસાદ રૂપે લઈ જતા હોય છે. ઝારખંડ ના દેવધર નો આખો વિસ્તાર ગૌધર રાજાઓના શાસન હેઠળ હતો એટલે વૈદ્યનાથ મંદિર ની સેવા થી લઈને વહીવટી કાર્ય રાજા નો પરિવાર પરંપરા થી સાંભળતો હતો. ૧૭૮૮ માં પ્લાસી ના યુદ્ધ બાદ ભારત પર ઈસ્ટ ઈન્ડિયા કંપની નો અધિકાર સ્થાપિત થતા. વિરભૂમિ ના પ્રથમ અંગ્રેજ કલેક્ટર કીટીંગ એ વૈદનાથ મંદિરની દેખરેખ થી લઈને વહીવટ નું કાર્ય સાંભળવા એના સહાયક હેસલિંગ ને પ્રસાદ અને નાણાંકીય વહીવટ માટે દેવધર મોકલ્યા હતા. વૈદ્યનાથ મંદિર ની કલેક્ટર કીટીંગ એ જ્યારે પ્રથમ મુલાકાત કરી ત્યારે ભગવાન ભોળાનાથ ના વૈદ્યનાથ બાબાના સ્વરૂપ ના દર્શન કરતાં જ પોતાની ભૂલ સમજાતા ખુદની દખલગીરી છોડીને એણે વૈદ્યનાથ ધામ નો સંપૂર્ણ કારભાર એ વખતના પૂજારીને હસ્તગત કરી દીધો હતો.

પુરાણ અનુસાર રાવણ એ ભગવાન શિવ ના આત્મલિંગ ને લંકામાં સ્થાપિત કરવા માટે એણે હિમાલય ના પર્વત પર જઈ ને ઊગ્ર તપશ્ચર્યા કરી હતી. રાવણ ની ઉગ્ર તપશ્ચર્યા બાદ પણ ભગવાન શિવજી પ્રસન્ન ના થયા એટલે રાવણ એ ભગવાન સદાશિવ ને પ્રસન્ન કરવા પોતાના દસ માથા કાપીને ભગવાન શિવને ચડાવવાનું નક્કી કર્યું. રાવણ એ એક પછી એક એમ નવ મસ્તક કાપ્યા ને ભગવાન સદાશિવ ને ચડાવ્યા. જેવું એ એનું દસમુ માથું કાપવા તલવાર ઉપાડી એ ભેગા ભગવાન ભોળાનાથ પ્રગટ થયા ને રાવણ ને વરદાન માંગવાનું સૂચવ્યું. રાવણ એ નત મસ્તક વિનમ્રતા પૂર્વક ભગવાન શિવ ની સ્તુતિ કરતા કીધું કે પ્રભુ, આપના આત્મ લિંગ ને લંકામાં સ્થાપવાની કામના છે. ભગવાન ભોળાનાથ એના ભક્ત ની નાનકડી ભક્તિ, સેવા કે પૂજાથી જલ્દી પ્રસન્ન થઇ જાય છે એની સામે કોણ ઊભું છે એના કરતા ભક્ત નું મન ન દુભાય એની વિશેષ પરવા કરતા હોય છે. ભગવાન સદાશિવ એ ગુસ્સે થઈ જાય તો તાંડવ મચાવી ને પૃથ્વી ને પ્રલય ના પ્રવાહ માં ડૂબાડી મુકે છે. ભક્ત ની ભક્તિ થી પ્રસન્ન થઈ જાય તો ભક્ત ની બધી મનોકામના તુરંત પૂર્ણ કરી દેતા હોય છે.

ભગવાન સદાશિવ ની એ પ્રસન્નતા પૂર્વક રાવણ ને આત્મ લિંગ આપ્યું ને સૂચના આપી કે જો ભૂલથી પણ આત્મ લિંગ ને ભૂમિ પર મૂકશે તો આત્મલિંગ ત્યાજ સ્થાપિત થઇ જશે. દેવો એકઠા થઈને બધા ભગવાન વિષ્ણુ પાસે ગયા ને ભગવાન સદાશિવ એ ક્રૂર રાવણ ને આત્મ લિંગ આપ્યું ના સમાચાર આપ્યા.આ આત્મલિંગ ની જે વ્યક્તિ પૂરી શ્રદ્ધા ભક્તિ થી સો વર્ષ સુધી નિરાહાર પૂજા અર્ચના કરે તો મોક્ષ પ્રાપ્ત થઈ જાય છે જો રાવણ ને મોક્ષ મળશે તો અનર્થ થઈ જશે. કંઈક કરો? ભગવાન વિષ્ણુ એ સૂર્યનારાયણ ને સંધ્યા સમય લાવવા સૂચવ્યું ને ખુદ એ બૈજુ ગાદરિયા નામના ભરવાડ નું રૂપ ધારણ કરીને ને નદી કિનારે ગાયો ચરાવવા લાગ્યા. રાવણ ભગવાન ના આત્મ લિંગ ને પોતાના ખેસ માં ઢાંકી ને ઉતાવળે લંકા તરફ જઈ રહ્યો હતો ત્યાં અચાનક સંધ્યા સમય થતા એને થયું કે જો આ સમયે નિયમ અનુસાર સંધ્યા કરશે નહી તો દોષ લાગશે. નદી કિનારા આગળ ઊભા રહીને આસપાસ નજર કરતા એની નજર ગોવાળ પર પડતા એણે એને આત્મ લિંગ આપતા કહ્યું કે હું હમણાં નદી માં સ્નાન બાદ સંધ્યા કરીને આવું છું ત્યાં સુધી તું સંભાળ,ભૂલથી પણ શિવલિંગ ને નીચે ન મૂકતો. ગોવાળ ના રૂપમાં ભગવાન વિષ્ણુ એ રાવણ ને કીધું કે હું ત્રણ ગણું ત્યાં સુધીમાં આવી જજો,ત્રણ પૂરા થતાંજ શિવલિંગ ને જમીન પર મૂકી દઈશ.

સંધ્યા પૂજા માં વ્યસ્ત રાવણ ને નિહાળતા જ ગોવાળ એ એક,બે અને ત્રણ બોલીને શિવલિંગ ને જમીન પર મૂકી દીધું. ભગવાન સદાશિવ એ રાવણ ને કીધું હતું કે શિવલિંગ જમીન પર મૂકીશ તો એ યુગો ના યુગો એજ સ્થાન પર સ્થાપિત થઈ જશે એને ત્યાંથી હલાવી પણ શકશે નહી. રાવણ એ આત્મ લિંગ ને ભૂમિ થી અલગ કરવા અથાગ પ્રયત્ન કર્યા પરંતુ નિષ્ફળ થતા એ લંકા તરફ આગળ વધ્યો. ત્યારબાદ બ્રહ્માજી,વિષ્ણુ અને અન્ય દેવી દેવતાઓ દ્વારા હવન પાઠ દ્વારા શિવલિંગ ની વિધિવત પૂજા અર્ચના કરી ને વૈદ્યનાથ જ્યોતિર્લિંગ ની સ્થાપના કરીને મંદિર નું નિર્માણ કર્યું હતું. બાબા ધામ નું હવન કુંડ મંદિર એ વર્ષમાં માત્ર એકવાર જ ખુલે છે નવરાત્રી ના ઉત્સવ સાથે વિશેષ પરંપરા અનુસાર ખાસ પૂજા થતી હોય છે.

પરલ્યાં વૈદ્યનાથં ચ”

બાર જ્યોતિર્લિંગ માં વૈદ્યનાથ જ્યોતિર્લિંગને માતાજી નું હદય પીઠ પણ કહેવામાં આવે છે કેમકે ભારત ના ૫૧ શક્તિપીઠ માનું એક વૈદ્યનાથ માં સતી નું હૃદય પડ્યું હતું. આમ તો મહારાષ્ટ્ર ના પરલી અને હિમાચલ ના કાંગડા માં વૈદ્યનાથ જ્યોતિર્લિંગ ના દાવા ઘણા થયા છે પરંતુ દેવતાઓ ના પ્રિય સ્થળ દેવધર માં જ ભગવાન સદાશિવ નુ સંપૂર્ણ કામનાઓ પૂર્ણ કરતું કામના લિંગ એટલે વૈદ્યનાથ જ્યોતિર્લિંગ સ્થાપિત છે. માન્યતા અનુસાર ભક્તો ના ભવેભવ ના પાપ કર્મો ભગવાન વૈદ્યનાથ જ્યોતિર્લિંગ ના દર્શન માત્ર થી નાશ પામે છે. વૈદ્યનાથ ધામ ના દર્શન એ જવાનું થાય ત્યારે વૈદ્યનાથ ધામ ની આસપાસ આવેલા તિરકુટ પર્વત પર આવેલા ડોલમંચ,કુંડેશ્વરી મંદિર,નૌલખા મંદિર, વાસુકિ નાગ મંદિર,બૈજુ મંદિર વગેરે સ્થળોના દર્શન કરવાનો પણ આનંદ પ્રાપ્ત થશે.

- ક્રમશ...

AHMEDABAD EXPRESS
AHMEDABAD • અમદાવાદ

અમદાવાદ એક્સપ્રેસ
MONDAY • 24-03-2025

# હું દેવદાસ બની ગયો, એકજ દિવસમાં હું..આમીર ખાન


## બીજા લગ્ન પછી આપી 5 સુપરહિટ ફિલ્મ, હવે ત્રીજા નિકાહની ઉડી અફવા

(એજન્સી) મુંબઈ | તા.23

બોલિવૂડ અભિનેતા આમિર ખાને પોતાના 37 વર્ષના કરિયરમાં ઘણી શાનદાર ફિલ્મો બનાવી છે. પોતાની પહેલી ફિલ્મ ‘કયામત સે કયામત તક’થી ફિલ્મ જગતમાં પોતાની ઓળખ બનાવનાર આમિર ખાન હજુ પણ બોલિવૂડમાં મુખ્ય અભિનેતા તરીકે કામ કરી રહ્યો છે. દંગલ, પીકે, 3 ઈડિયટ્સ, દિલ ચાહતા હૈ સહિતની ઘણી ફિલ્મોથી દર્શકોના દિલ જીતી લેનાર આમિરે પોતાના અંગત જીવનને લઈને વધુ એકવાર લાઈમલાઈટમાં છે.

**60મો જન્મદિવસ ઉજવ્યો |** આમીરે ખાને હમણા જ પોતાનો 60મો જન્મદિવસ ઉજવ્યો. આમિરે તેની ગર્લફ્રેન્ડ ગૌરી સ્પ્રેટનો પરિચય પણ દુનિયાને કરાવ્યો. આમિર ખાને પહેલા પણ બે લગ્ન કર્યા છે અને બંને લગ્ન અસફળ રહ્યા હતા. તેમના પહેલા લગ્ન રીના દત્તા સાથે થયા હતા પરંતુ બાદમાં તેમના છૂટાછેડા થઈ ગયા. રીનાથી અલગ થયા પછી આમિર ખાન દારૂની આદત પડી ગઈ હતી. અને ઊંડા ડિપ્રેશનમાં હતો. આમિરે તાજેતરના એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે જ્યારે તે નશામાં હતો ત્યારે તે પોતાને દેવદાસ ફિલ્મમાં શાહરૂખ ખાનનું જે કેરેક્ટર છે તે પોતાને સમજવા લાગ્યો હતો.

**રીના સાથે છૂટાછેડા પછી મે...** આમિર ખાને એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું કે તેણે રીના સાથે છૂટાછેડા લીધા પછી દોઢ વર્ષ સુધી દારૂ પીધો. આમિરે કહ્યું કે જ્યારે રીના અને મારું બ્રેકઅપ થયું, ત્યારે હું બે થી ત્રણ વર્ષ સુધી શોકમાં હતો. હું કામ કરી શકતો ન હતો. મેં સ્ક્રિપ્ટ પણ સાંભળી ન હતી. હું બિલકુલ કામ કરતો ન હતો. હું ઘરે એકલો રહેતો હતો. હું બે વર્ષ સુધી એકલો રહેતો હતો. દોઢ વર્ષ સુધી મેં ફક્ત દારૂ પીધો હતો. મે ક્યારેય આલ્કોહોલને હાથ પણ લગાડ્યો ન હતો પરંતુ જ્યારે અમે અલગ થયા ત્યારે રાત્રે મને સમજ ન આવી કે મારે શું કરવું તેથી મે દારૂ પીવાનું શરૂ કર્યું.



### મે ક્યારેય આલ્કોહોલને હાથ નહોતો લગાડ્યો

અભિનેતાએ આગળ કહ્યું કે જે માણસ બિલકુલ દારૂ પીતો ન હતો. તેણે બીજા જ દિવસે આખી બોટલ પીવાનું શરૂ કર્યું. દેવદાસ છેને ફિલ્મમાં, હું દેવદાસ હતો. જે માણસ પોતાને બરબાદ કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો, હું ખૂબ દારૂ પીતો હતો. મેં દોઢ વર્ષ સુધી આવું કર્યું. હું રાત્રે ઊંઘી શકતો ન હતો અને દારૂ પીવો એ તેનો એકમાત્ર ઉકેલ લાગતો હતો. હું ડ્રિપ્રેશનમાં જતો રહ્યો હતો.

### આમિર અને રીનાના લગ્ન 1986માં થયા

મહત્વનું છે કે આમિરે 1986માં રીના દત્તા સાથે લગ્ન કર્યા હતા. લગ્ન પછી બંને પુત્રી આયરા ખાન અને પુત્ર જુનૈદ ખાનના માતા-પિતા બન્યા. પરંતુ બંનેના 2002 માં છૂટાછેડા થઈ ગયા. આ પછી આમિરે વર્ષ 2005 માં કિરણ રાવ સાથે બીજા લગ્ન કર્યા. બંનેને એક પુત્ર હતો, આઝાદ રાવ ખાન. પરંતુ 2021 માં આમિરે કિરણને પણ છૂટાછેડા આપી દીધા. બોલિવૂડ એક્ટર આમિર ખાને પોતાના 37 વર્ષના કરિયરમાં ઘણી શાનદાર ફિલ્મો બનાવી છે. પોતાની ડેબ્યૂ ફિલ્મ ‘કયામત સે કયામત તક’થી ફિલ્મી દુનિયામાં ફેમસ બનેલો આમિર ખાન આજે પણ બોલિવૂડમાં લીડ એક્ટર તરીકે કામ કરી રહ્યા છે. દંગલ, પીકે, 3 ઈડિયટ્સ, દિલ ચાહતા હૈ અને બીજી ઘણી ફિલ્મોથી દર્શકોના દિલ જીતી લીધા છે. તેમની પર્સનલ લાઈફ પણ ખૂબ ચર્ચામાં રહી છે. તાજેતરમાં, તેના 60માં જન્મદિવસ પર, આમિરે તેની ગર્લફ્રેન્ડ ગૌરી સ્પ્રેટને દુનિયા સાથે પરિચય કરાવ્યો. આમિર ખાને આ પહેલા બે લગ્ન કર્યા છે અને તેના બંને લગ્ન નિષ્ફળ ગયા હતા. તેમના પ્રથમ લગ્ન રીના દત્તા સાથે થયા હતા, પરંતુ બાદમાં છૂટાછેડા થઈ ગયા હતા. રીનાથી અલગ થયા બાદ આમિર ખાનને દારૂની લત લાગી ગઈ હતી અને તે ડીપ્રેશનમાં ડૂબી ગયો હતો. આમિરે તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે દારૂના નશામાં તે પોતાને દેવદાસ (શાહરુખ ખાનની ફિલ્મ દેવદાસમાં તેનું પાત્ર) સમજવા લાગ્યો હતો. તેણે દોઢ વર્ષ સુધી દારૂ પીધો હતો અને ઘરમાં એકલો સમય પસાર કર્યો હતો.ઈન્સ્ટન્ટ બોલિવૂડને આપેલા એક ઈન્ટરવ્યુમાં તેણે જણાવ્યું કે રીનાથી છૂટાછેડા બાદ તે નશામાં ધૂત થઈ ગયો અને દોઢ વર્ષ સુધી આમિરે કહ્યું, “જ્યારે હું અને રીનાનું બ્રેકઅપ થયું ત્યારે હું બે-ત્રણ વર્ષ સુધી શોકમાં હતો. હું કામ કરી શક્યો ન હતો. મેં સ્ક્રિપ્ટ પણ સાંભળી ન હતી. મેં બિલકુલ કામ કર્યું નથી. હું ઘરે એકલો રહેતો હતો. હું બે વર્ષ એકલો રહ્યો. દોઢ વર્ષ સુધી હું માત્ર દારૂ પીતો હતો, મેં દારૂને અડક્યો ન હતો,

# હીના ખાન પહેલી વખત વીગ પહેર્યા વગર ઈવેન્ટમાં પહોંચી



(એજન્સી) મુંબઈ | તા.23

હિના ખાન ટીવી ઈન્ડસ્ટ્રીની જાણીતી એક્ટ્રેસ છે. આ દિવસોમાં એક્ટ્રેસ સ્ટેજ થ્રી બ્રેસ્ટ કેન્સરની પીડામાંથી પસાર થઈ રહી છે. પરંતુ આ સ્થિતિમાં પણ તેનો ચાર્મ ઓછો થયો નથી. ગત રાત્રે અભિનેત્રી એક કાર્યક્રમમાં પહોંચી હતી. જ્યાં તેની તસવીરો ઈન્ટરનેટ પર વાયરલ થઈ રહી છે.હિના ખાનના આ ફોટાઓ ગઈકાલે રાત્રે મુંબઈમાં યોજાયેલી ઈવેન્ટના છે. જ્યાં એક્ટ્રેસ ખૂબ જ સુંદર અને ગ્લેમરસ અંદાજમાં પહોંચી હતી.

આ ઈવેન્ટમાં હિના ખાને બ્લેક શોર્ટ શિમરી ડ્રેસમાં પોતાની સુંદરતા બતાવી હતી. જેના ફોટા સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહ્યા છે.જેવી હિના રેડ કાર્પેટ પર આવી. બધાની નજર તેના પર અટકી ગઈ. વાસ્તવમાં અભિનેત્રી પહેલીવાર વિગ પહેર્યા વગર જોવા મળી હતી.રેડ કાર્પેટ પર પોઝ આપતી વખતે હીના ખાને પાપારાઝીને કહ્યું, ‘આ મારા વાસ્તવિક વાળ છે, આ હમણાં જ આવ્યા છે. હું કેવી દેખાઉં છું?’ આના પર પેપ્સે એક્ટ્રેસને ઈનસ્પાયર કરતા કહ્યું કે ‘ તું ગોલ્ડન ગર્લ છે.’

# કરીના કપૂર આ રાજકીય નેતાને ડેટ કરવા ઈચ્છતી હતી, કર્યો ખૂલાસો




(એજન્સી) મુંબઈ | તા.23

કરીના કપૂર ખાને પોતાના કરિયરમાં ઘણી બ્લોકબાસ્ટર ફિલ્મો આપી છે. કરીનાએ અભિનેતા સૈફ અલી ખાન સાથે લગ્ન કર્યાં છે અને આ કપલને બે પુત્ર તૈમૂર અને જેહ છે. પરંતુ શું તમે જાણો છો કે કરીના કપૂર, જ્યારે ઈન્ડસ્ટ્રીમાં નવી હતી તો તે એક રાજનેતાને ડેટ કરવા ઈચ્છતી હતી. આખરે કોણ છે તે રાજનેતા જેના પર કરીના કપૂર ફિદા હતી.સિમી ગરેવાલની સાથે એક જૂનાઈન્ટરવ્યુના એપિસોડમાં કરીના કપૂરને જ્યારે પૂછવામાં આવ્યુ કે તેને દુનિયામાં કોઈને ડેટ કરવાની તક મળે તો તે કોને પસંદ કરશે, તો કરીના કપૂરે કહ્યું, ‘શું મારે કહેવું જોઈએ, મને નથી ખબર આ કહેવું જોઈએ કે નહીં, આ થોડું વિવાદાસ્પદ છે પરંતુ હું રાહુલ ગાંધીને જાણવા ઈચ્છીશ.’ હું તેમના જોતી રહું છું અને વિચારુ છું કે તેને જાણવા રસપ્રદ હશે. હું એક ફિલ્મી પરિવારમાંથી આવું છે અને તેઓ રાજકીય પરિવારમાંથી આવે છે, તેથી તે એક શાનદાર વાતચીત હશે.તો વર્ષો બાદ જ્યારે કરીના કપૂરને તેની ડેટિંગ કોમેન્ટ વિશે પૂછવામાં આવ્યું તો તેણે કહ્યું- આ ખૂબ જૂનું છે અને મેં એટલા માટે કહ્યું કારણ કે અમારી સરનેમ પોપ્યુલર છે.કરીના કપૂર 2007 સુધી શાહીદ કપૂરને ડેટ કરી રહી હતી. કરીના કપૂરની ત્યારબાદ ટશનના સેટ પર સૈફ અલી ખાન સાથે મુલાકાત થઈ અને પ્રેમ થઈ ગયો. આખરે આ બંનેએ 2012માં લગ્ન કર્યાં હતા. બંનેને બે પુત્રો પણ છે.

# વિરાટ કોહલીને શાહરૂખ ખાને કરાવ્યો ડાન્સ, સ્ટેજ પર મચાવી ધૂમ

(એજન્સી) મુંબઈ | તા.23

આઈપીએલ ઓપનિંગ સેરેમનીમાં શાહરૂખ ખાને આરસીબી ખેલાડી વિરાટ કોહલી સાથે ‘ઝૂમે જો પઠાણ’ ગીત પર ડાન્સ કર્યો હતો. વિરાટે ડાન્સમાં કિંગ ખાનને જોરદાર ટક્કર આપી. જ્યારે તે બંને સ્ટેજ પર ડાન્સ કરી રહ્યા હતા, ત્યારે સ્ટેડિયમમાં અવાજનું સ્તર સૌથી વધુ હતું. આઈપીએલની ઓપનિંગ સેરેમનીની શરૂઆત શાહરૂખ ખાનની સ્પીચથી થઈ, તે હોસ્ટની ભૂમિકામાં હતો. બધા કલાકારોના પર્ફોર્મન્સ પછી, શાહરૂખ ખાને RCB ટીમના વિરાટ કોહલી અને KKR ટીમના રિંકુ સિંહને સ્ટેજ પર બોલાવ્યા. પહેલા તેને રિંકુ સિંહ સાથે ડાન્સ કર્યો.વિરાટ કોહલી સાથે ડાન્સ કરતા પહેલા શાહરૂખ ખાને કહ્યું કે ‘જ્યારે RCBના ખેલાડીઓ સિક્સર ફટકારે છે અને મેચ જીતે છે ત્યારે તે તેમની કેટલી પ્રશંસા કરે છે.’ હું કોહલીને મારા ગીત પર ડાન્સ કરવા વિનંતી કરું છું. કોહલી પણ સંમત થયો અને પછી તેની સાથે ‘ઝૂમ જો પઠાણ’ ગીત પર ડાન્સ કર્યો.વિરાટ કોહલી પહેલા શાહરૂખ ખાને રિંકુ સિંહ



સાથે ડાન્સ કર્યો હતો. બંનેએ ‘લુટ પુટ ગયા’ ગીત પર ડાન્સ કર્યો. આ દરમિયાન સ્ટેજ પર ઉભેલા વિરાટ કોહલી પોતાનું હાસ્ય કાબૂમાં રાખી શક્યો નહીં, તે ખૂબ જ જોરથી હસ્યો. આ પછી, શાહરૂખ ખાને વિરાટ કોહલીને ડાન્સ માટે કહ્યું અને કિંગ કોહલી સંમત થયા.મેચ પહેલા વિરાટ કોહલીનું સન્માન કરવામાં આવ્યું. કોહલીને BCCI તરફથી સ્મૃતિચિહ્ન આપવામાં આવ્યું. મેચ વિશે વાત કરીએ તો, રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરના કેપ્ટન રજત પાટીદારે ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો.

# શત્રુઘ્ન સિંહાએ પોતાની સરખામણી કાર્તિક આર્યન સાથે કરી


(એજન્સી) મુંબઈ | તા.23

પીઢ અભિનેતા શત્રુઘ્ન સિંહાએ તાજેતરમાં કાર્તિક આર્યન સાથે કામ કરવા અને ઉદ્યોગમાં તેમની સફળતા વિશે વાત કરી હતી. તેમણે કહ્યું કે કાર્તિક ખૂબ જ પ્રામાણિક અને મહેનતુ છોકરો છે. કાર્તિક જે સફળતા મેળવી રહ્યો છે તે તેના હકદાર છે. ચંદુ ચેમ્પિયનમાં તે ખૂબ જ સમર્પિત અને ભાવનાશીલ છે. શત્રુઘ્ને કહ્યું કે બાળકને એક જુસ્સો હોય છે, કૃપા કરીને તેને મારા વતી શુભેચ્છા આપો.આ ઉપરાંત શત્રુઘ્ને પોતાની અને કાર્તિકની તુલના પણ કરી અને કહ્યું કે મારી જેમ કાર્તિક પણ બહારનો વ્યક્તિ છે. તેણે કહ્યું કે જ્યારે હું આવ્યો ત્યારે હું બહાર હતો. મારો ઉદ્યોગ સાથે કોઈ સંબંધ નહોતો. અમિતાભ બચ્ચન ઈન્દિરા ગાંધીનો ભલામણ પત્ર લઈને આવ્યા હતા. મારી પાસે કંઈ નહોતું અને જો કંઈ હતું તો તે મારો આત્મવિશ્વાસ હતો.શું શત્રુઘ્ન કાર્તિક સાથે કામ કરશે?



તેમણે આગળ કહ્યું કે ન તો હું કાર્તિક જેવો ન્યાયી હતો અને ન તો તે સમયના લોકપ્રિય સ્ટાર્સ જેવો ન્યાયી હતો. દર દસ વર્ષે ફિલ્મ ઉદ્યોગને એક બહારનો વ્યક્તિ મળે છે જે આ ઉદ્યોગ પર કબજો જમાવે છે. અક્ષય કુમાર પછી, હવે કાર્તિક આર્યન છે. આ પછી, જ્યારે પીઢ અભિનેતાને પૂછવામાં આવ્યું કે શું તે કાર્તિક આર્યન સાથે સ્ક્રીન શેર કરવા માંગે છે? તો આનો જવાબ આપતાં, શત્રુઘ્ન સિંહાએ કહ્યું હા, બિલકુલ. શત્રુઘ્ને કહ્યું કે જો કોઈ ફિલ્મ નિર્માતાઓ અમને સાથે કાસ્ટ કરે તો હું તૈયાર છું.

# સલમાન ખાન સ્ટારર ફિલ્મ સિકંદર જોરદાર એક્શન અને જબરદસ્ત સ્વેગથી ભરપૂર, ટ્રેલર રિલીઝ....




(એજન્સી) મુંબઈ | તા.23

સલમાન ખાનની બહુપ્રતિક્ષિત એક્શન થ્રિલર ‘સિકંદર‘ નું ધમાકેદાર ટ્રેલર આખરે રિલીઝ થયું, અને ચાહકો જેની અપેક્ષા રાખતા હતા તે બરાબર થયું અને તેનાથી પણ વધુ! ડિરેક્ટર એ.આર. મુરુગાદોસ અને નિર્માતા સાજિદ નડિયાદવાલાની આ ફિલ્મ એક ભવ્ય ફિલ્મ જેવી લાગે છે જે દર્શકોને તેમની સીટ પર જકડી રાખશે. આ ૩ મિનિટ ૩૯ સેકન્ડના ટ્રેલરમાં, સલમાન ખાન ‘સિકંદર‘ ની ભૂમિકામાં જોવા મળે છે, જે એક મિશન પર છે, જેનાથી દુશ્મનો માટે બચવું અશક્ય લાગે છે અને આ જ આ ફિલ્મને એક જબરદસ્ત સિનેમેટિક અનુભવ બનાવવાનું વચન આપે છે.

ટ્રેલરની શરૂઆતથી જ, શક્તિશાળી એક્શન સિક્વન્સ, શક્તિશાળી સંવાદો અને રંગબેરંગી ડાન્સ નંબરો સંપૂર્ણપણે ધ્યાન ખેંચે છે. પરંતુ સિકંદરમાં ખરો શો ચોર સલમાન ખાન છે. પોતાના કરિશ્મા અને શક્તિશાળી શૈલી માટે જાણીતા સલમાને ફિલ્મમાં કંઈક નવું લાવ્યા છે. એક્શન દ્રશ્યોમાં તેની આંખોની તીવ્રતા હોય કે ભાવનાત્મક ક્ષણોમાં તેની સ્વેગ, દરેક ફ્રેમમાં સલમાન ખાનની હાજરી સ્ક્રીન પર એક અલગ જ ચમક લાવે છે.

સિકંદરમાં સલમાન ખાનની શૈલી જેટલી કાચી છે તેટલી જ શક્તિશાળી પણ છે. આ પાત્રમાં તેમનો ટ્રેડમાર્ક લાર્જર-ધેન-લાઈફ સ્વેગ બદલો, પ્રેમ અને ન્યાય માટેની લડાઈની આગ સાથે સંપૂર્ણ રીતે ભળી જાય છે. ચાહકો માટે આ કોઈ ટ્રીટથી ઓછું નથી કારણ કે ટ્રેલરમાં કેટલાક અદ્ભુત એક્શન સિક્વન્સ છે જે સલમાનના સમર્પણને સાબિત કરે છે. ટ્રેલરમાં ઉચ્ચ કક્ષાના નાટક, હૃદયસ્પર્શી લાગણીઓ અને તીવ્ર એક્શનનું સંપૂર્ણ સંતુલન જોવા મળે છે. સલમાન ખાન તેના દરેક અવતારમાં ધમાકેદાર છે - પછી ભલે તે કર્કશ વન-લાઈનર્સ હોય કે તીવ્ર લડાઈના દ્રશ્યો, તે દરેક દ્રશ્યમાં સંપૂર્ણ ફોર્મમાં છે. આ ટ્રેલર સ્પષ્ટપણે જણાવે છે કે સિકંદર એક માસ એન્ટરટેઈનર છે, જે બોક્સ ઓફિસ પર ધૂમ મચાવશે. તે જ સમયે, રશ્મિકા મંડન્ના પણ ટ્રેલર પર સંપૂર્ણપણે પ્રભુત્વ ધરાવે છે. તેમનો સરળ આકર્ષણ અને જબરદસ્ત સ્ક્રીન હાજરી તેમને દરેક દ્રશ્યમાં હેડ-ટર્નર બનાવે છે. સુંદર દ્રશ્યો સાથે તેનું કુદરતી સૌંદર્ય આ ફિલ્મમાં એક અલગ જ ચમક લાવે છે. તેણી તેના પાત્રમાં ઊંડાણ લાવે છે, જે ચાહકો માટે તેની ભૂમિકાને વધુ રોમાંચક બનાવે છે.

સિકંદરમાં ફેમિલી ડ્રામા, રોમાન્સ, એક્શન અને સસ્પેન્સનું જબરદસ્ત મિશ્રણ છે, જે દરેક પ્રકારના દર્શકોને ગમશે. સલમાનનો દમદાર અભિનય, સાજિદ નડિયાદવાલાના મસાલા મનોરંજન સ્પર્શ અને એ.આર. મુરુગાદોસની ઉચ્ચ-તીવ્રતાવાળી દિગ્દર્શન, આ ત્રણેય મળીને સિકંદરને બ્લોકબસ્ટર બનાવવા માટે સંપૂર્ણ ફોર્મ્યુલા ધરાવે છે.

2025ની ઈદ પર મોટા પડદા પર ધમાકો થવાનો છે! સલમાન ખાન ફરી એકવાર જબરદસ્ત અંદાજમાં પરત ફરી રહ્યો છે, તેની સાથે સુંદર રશ્મિકા મંદન્ના હશે. સિકંદર ફિલ્મનું નિર્માણ સ્વપ્નદ્રષ્ટા સાજિદ નડિયાદવાલા દ્વારા કરવામાં આવ્યું છે અને દિગ્દર્શન માસ્ટર સ્ટોરીટેલર એ. આર. મુરુગાદોસ દ્વારા. આ જબરદસ્ત ફિલ્મ ૩૦ માર્ચ ૨૦૨૫ ના રોજ રિલીઝ થવા જઈ રહી છે.

# એકમાત્ર અભિનેત્રી, જેણે છૂટાછેડા પર ઠુકરાવી 200 કરોડની એલિમની ! એક પૈસો પણ લેવાની ના પાડી

**યુઝવેન્દ્ર તેની પત્ની ધનશ્રીને 4 કરોડ રૂપિયાથી વધુની એલિમની આપી રહ્યો છે. આ દરમિયાન, એક ભારતીય અભિનેત્રીની ખૂબ પ્રશંસા કરવામાં આવી રહી છે જેણે 200 કરોડની Alimonyને ઠુકરાવી દીધી હતી અને 1 રુપિયો પણ લેવાનો ઈન્કાર કરી દીધો હતો.ધનશ્રી છૂટાછેડા લીધા બાદ ઘણી ટ્રોલ થઈ રહી છે. યુઝવેન્દ્ર તેને 4 કરોડ રૂપિયાથી વધુનું એલિમની આપી રહ્યો છે. આ દરમિયાન, એક ભારતીય અભિનેત્રીની ખૂબ પ્રશંસા કરવામાં આવી રહી છે જેણે 200 કરોડની Alimonyને ઠુકરાવી દીધી હતી અને 1 રુપિયો પણ લેવાનો ઈન્કાર કરી દીધો હતો.**









અમે જે અભિનેત્રી વિશે વાત કરી રહ્યા છીએ તે બીજું કોઈ નહીં પણ સાઉથની ફેમસ એક્ટ્રેસ સામંથા રૂથ પ્રભુ છે. સામંથા અને નાગા ચૈતન્યના લગ્ન 2017માં થયા હતા. લગ્નના ચાર વર્ષ બાદ આ કપલે અલગ થવાનો નિર્ણય કર્યો. સામંથા અને નાગાએ 2021માં છૂટાછેડાની જાહેરાત કરીને બધાને ચોંકાવી દીધા હતા. તેણે ફેન્સ માટે સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરી છે. અહેવાલો અનુસાર, નાગા ચૈતન્યએ છૂટાછેડા પછી સામંથાને 200 કરોડ રૂપિયાની એલિમોની ઓફર કરી હતી. પરંતુ અભિનેત્રીએ તેને લેવાનો સ્પષ્ટ ઈનકાર કર્યો હતો.થોડા સમય પછી ફરી રિપોર્ટ આવ્યો કે નાગાએ હવે 50 કરોડ રૂપિયાની ઓફર કરી હતી પરંતુ સામંથાએ તે પણ રુપિયા સ્વિકારવાની ના પાડી દીધી હતી.અહેવાલો અનુસાર, છૂટાછેડા પછી સામંથા ઈમોશનલી ટૂટી ગઈ હતી અને તે બાદ તે ખુબ જ બિમાર પણ પડી ગઈ હતી. તે સમયે તેને પૈસા નહીં પણ માત્ર પ્રેમ જોઈતો હતો.છૂટાછેડા પછી સામંથાની હાલ ખુબ જ ગંભીર થઈ ગઈ હતી. તેને ઓટો ઈમ્યુન ડિસીઝ હોવાનું સામે આવ્યું હતું, ત્યારબાદ તેણે સારવાર માટે એક્ટિંગમાંથી બ્રેક લીધો હતો. થોડા સમય બાદ સામંથા કામ પર પરત ફરી છે. હાલમાં જ તે વરુણ ધવન સાથે સિટાડેલ હની બન્નીમાં જોવા મળી હતી.ત્યારે ધનશ્રી ચહલના છૂટાછેડાના સમાચાર બાદ એલિમનીને લઈને પણ ખુબ ચર્ચા થઈ રહી છે ત્યારે સામંથાની પણ વાત સામે આવી છે જેણે 200 કરોડની એલિમની ઠુકરાવી દીધી, જેના આ કામથી લોકો તેની ખુબ જ પ્રસંશા કરી રહ્યા છે અને કહી રહ્યા છે આ ખરેખર એક ઈન્ડિપેન્ડન્ટ વુમન છે, તે ખરેખર ખુબ સ્વમાની છે.






# IPL ઓપનિંગ સેરેમનીમાં શાહરૂખે ડાન્સ કર્યો

## આખું સ્ટેડિયમ 'કોહલી...કોહલી...' કરવા માંડ્યું; શ્રેયાએ 'મા તુજે સલામ અને વંદે માતરમ્' ગાયું

IPLની 18મી સીઝનની શરૂઆત ધમાકેદાર રીતે થઈ. શનિવારે કોલકાતાના ઇડન ગાર્ડન્સ સ્ટેડિયમમાં આયોજિત ઓપનિંગ સેરેમનીમાં બોલિવૂડ સ્ટાર્સ શાહરૂખ ખાન, વિરાટ કોહલી અને રિંકુ સિંહે સાથે ડાન્સ કર્યો. કોહલીએ 'ઝૂમે જો પઠાણ' પર ડાન્સ કર્યો અને રિંકુ સિંહે શાહરુખ સાથે મૈં લૂંટ-પૂટ ગયા... ગીત પર ડાન્સ કર્યો. આ સેરેમનીને હોસ્ટ બોલીવુડ સ્ટાર શાહરૂખ ખાને કર્યું હતું. તેણે ફિલ્મ પઠાણના સંવાદથી શરૂઆત કરી - 'જો તમે પઠાણના ઘરે પાર્ટીનું આયોજન કરશો... તો પઠાણ ચોક્કસપણે મહેમાનોનું સ્વાગત કરવા આવશે અને પોતાની સાથે ફટાકડા પણ લાવશે...'

## રોહિત શર્મા જેવો પુલ શોટ, 6 વર્ષની પાકિસ્તાની છોકરીની બેટિંગ પર ચાહકો ફીદા

(એજન્સી) પાકિસ્તાન તા 23



સોશિયલ મીડિયા પર એક 6 વર્ષની છોકરી પોતાના પુલ શોટ માટે ખૂબ વાયરલ થઈ રહી છે. આ 6 વર્ષની છોકરી પાકિસ્તાનની છે અને તેનું નામ સોનિયા ખાન છે. વીડિયોમાં સોનિયા ખૂબ જ શાનદાર અંદાજમાં શોટ્સ રમી રહી છે. હવે તેના પુલ શોટની તુલના ભારતીય બેટ્સમેન રોહિત શર્મા સાથે થઈ રહી છે. પ્લાસ્ટિક બોલથી રમતી આ છોકરીનો વીડિયો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર અંગ્રેજ ક્રિકેટ અમ્પાયર રિચર્ડ કેટલબોરોએ શેર કર્યો છે. જોત-જોતામાં આ વીડિયો વિશ્વભરના ક્રિકેટ ચાહકોમાં વાયરલ થઈ ગયો.


આ વાયરલ વીડિયોમાં નજર આવી રહ્યું છે કે, એક વ્યક્તિ સોનિયાને ક્રિકેટની પ્રેક્ટિસ કરાવી રહ્યો છે. તે ઘરના વરંડામાં છોકરીને પ્લાસ્ટિકના બોલ ફેંક રહી રહ્યો છે. આ બોલ પર સોનિયા શાનદાર અંદાજમાં શોટ્સ લગાવી રહી છે. ખાસ કરીને તેનો પુલ શોટ રમવાનો અંદાજ ખૂબ જ સાહસિક છે. હવે સોનિયાને આટલા શાનદાર અંદાજમાં પુલ શોટ રમતી જોઈ સોશિયલ મીડિયા પર લોકો તેની તુલના રોહિત શર્મા સાથે કરી રહ્યા છે. તમને જણાવી દઈએ કે, પુલ શોટ રમવા માટે ટેક્નિકની સાથે-સાથે સટીક ટાઈમિંગ પણ ખૂબ જ જરૂરી છે. વીડિયોમાં આ છોકરી આ તમામ માપદંડોને પૂરા કરતી નજર આવી રહી છે.

## આઈપીએલમાં બેંગલુરુએ કોલકાતાને 3 વર્ષ પછી હરાવ્યું

### ઓપનિંગ મેચ 7 વિકેટથી જીતી; કોહલી-સોલ્ટે ફિફ્ટી ફટકારી, કૃણાલે 3 વિકેટ લીધી

(એજન્સી) કોલકત્તા તા 23

રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB)એ IPL-18ની ઓપનિંગ મેચ જીતી લીધી છે. ટીમે ડિફેન્ડિંગ ચેમ્પિયન કોલકાતા નાઈટ રાઈડર્સને 7 વિકેટથી હરાવ્યું. RCBએ 3 વર્ષ પછી KKRને હરાવ્યું. ટીમને સતત 4 મેચ હાર બાદ જીત મળી. ઈડન ગાર્ડન્સ સ્ટેડિયમમાં બેંગલુરુ 16.2 ઓવરમાં 175 રનના ટાર્ગેટને ચેઝ કર્યો. વિરાટ કોહલી 59 રન બનાવીને અણનમ પરત ફર્યો. કેપ્ટન રજત પાટીદારે 34 અને ફિલ સોલ્ટે 56 રન બનાવ્યા. કોલકાતા તરફથી વરુણ ચક્રવર્તી, સુનીલ નારાયણ અને વૈભવ અરોરાને 1-1 વિકેટ મળી. ટૉસ હારીને પહેલા બેટિંગ કરવા ઉતર્યા બાદ કોલકાતાએ 8 વિકેટ ગુમાવીને 174 રન બનાવ્યા હતા. કેપ્ટન અજિંક્ય રહાણે (56 રન)એ અડધી સદી ફટકારી. જ્યારે સુનીલ નારાયણે 44 રન અને અંગક્રિશ રઘુવંશીએ 30 રનનું યોગદાન આપ્યું હતું. બેંગલુરુ તરફથી કૃણાલ પંડ્યાએ 3 વિકેટ લીધી. જોશ હેઝલવુડે 2 વિકેટ લીધી. યશ દયાલ, રાસિખ સલામ અને સુયશ શર્માને 1-1 વિકેટ મળી. RCBએ IPL-18ની પહેલી મેચ જીતી લીધી છે. ટીમે ડિફેન્ડિંગ ચેમ્પિયન કોલકાતા નાઈટ રાઈડર્સને 7 વિકેટથી હરાવ્યું. લિયામ લિવિંગસ્ટને 17મી ઓવરના બીજા બોલ પર ફોર ફટકારીને ટીમને જીત અપાવી. 16મી ઓવરમાં બેંગલુરુએ પોતાની ત્રીજી વિકેટ ગુમાવી દીધી. અહીં રજત પાટીદાર 34 રન બનાવીને આઉટ થયો હતો. વૈભવ અરોરાના બોલ પર રિંકુ સિંહે તેનો કેચ આઉટ કર્યો.



## મેચ દરમિયાન મેદાનમાં ઘૂસ્યો ફેન, કોહલીને પગે લાગ્યો

IPLની પહેલી મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુએ (RCB) કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) ને 7 વિકેટે હરાવ્યું. શનિવારે કેપ્ટન અજિંક્ય રહાણેના પચાસ રનની મદદથી KKR એ RCB ને 175 રનનો ટાર્ગેટ આપ્યો. જવાબમાં વિરાટ કોહલીએ અણનમ 59 રન બનાવીને 22 બોલ બાકી રહેતા પોતાની ટીમને વિજય અપાવ્યો. ઈડન ગાર્ડન્સ સ્ટેડિયમમાં ઘણી મોમેન્ટ્સ અને રેકોર્ડ જોવા મળ્યા. આ મેચ સાથે કોહલીએ તેની T20 કારકિર્દીમાં 400 મેચ પૂર્ણ કરી. આ માટે BCCI એ કોહલીને મોમેન્ટો આપીને સન્માનિત કર્યા.

## આર્જેન્ટિનાએ ઉરુગ્વેને 1-0થી હરાવ્યું



મોન્ટેવિડિયો | મેસ્સી અને અન્ય ટોચના ખેલાડીઓની ગેરહાજરીમાં આર્જેન્ટિનાએ ફિફા વર્લ્ડ કપ ક્વોલિફાયરમાં ઉરુગ્વેને 1-0થી હરાવ્યું. મેચનો એકમાત્ર ગોલ 68મી મિનિટે થિયાગો અલ્માડાએ કર્યો. આ જીત સાથે આર્જેન્ટિના 28 પોઈન્ટ્સ સાથે ટોચના ક્રમે છે. ફિફાનું ડિફેન્ડિંગ ચેમ્પિયન આર્જેન્ટિના આગામી મેચમાં બ્રાઝિલ સામે ડ્રો રમી સીધું ક્વોલિફાઈ થઈ શકે છે. અન્ય મેચમાં ઈક્વાડોર એ વેનેજુએલાને 2-1થી હરાવી બીજું સ્થાન મેળવ્યું.

## IPLમાં હવે નહીં હોય અનલિમિટેડ સુપર ઓવર, આવ્યો નવો નિયમ

(એજન્સી) કોલકત્તા તા 23



IPL 2025 Super Over New Rules Explained: આઈપીએલમાં હાલના નિયમ પ્રમાણે જો કોઈ મેચમાં ટાઈ પડે તો વિજેતા ટીમ નક્કી કરવા માટે સુપર ઓવરનો ઉપયોગ કરવામાં આવતો હતો. પરંતુ હવે આ સુપર ઓવરની સંખ્યા અનંત નહીં હોઈ શકે. જોકે વિજેતા ન મળે ત્યાં સુધી સુપર ઓવર ચાલુ રહેશે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) ને આશા છે કે સુપર ઓવર શરૂ થયાના એક કલાકમાં જ ટાઈ થયેલી મેચનું પરિણામ બદલાઈ જશે. સુપર ઓવર દરમિયાન અસફળ DRSની પણ મંજુરી મળે છે. ક્રિકબઝના કહેવા પ્રમાણે બીસીસીઆઈએ હાલમાં જ કેપ્ટનોની બેઠક કરી હતી, જે પછી ફ્રેંચાઈઝીને જાણ કરી હતી. મુખ્ય મેચ સમાપ્ત થયાના એક કલાક પછી વિજેતા નક્કી થાય ત્યાં સુધી ઇચ્છિત સુપર ઓવર રમી શકાય છે.

પહેલા સુપર ઓવર મુખ્ય મેચ પુરી થયા પછી 10 મિનિટની અંદર શરુ થવી જોઈએ. જો પહેલા સુપર ઓવર ટાઈ થાય છે, તો બીજી સુપર ઓવર પુરી થયાના પાંચ મિનિટ પછી શરુ થવી જોઈએ. પરંતુ જો મેચ રેફરીને લાગે કે 1 કલાકના સમયગાળામાં પુરી થવાની છે, તો કેપ્ટનોને જાણ કરશે કે કઈ છેલ્લી ઓવર હશે. મુખ્ય મેચમાં દરેક ખેલાડીઓને મળેલી વોર્નિંગના સમય અને વધુમાં વધુ સમયને સુપર ઓવરમાં આગળ લઈ જવામાં આવશે. સુપર ઓવરમાં દરેક ટીમે છ બોલની એક ઓવર રમવાની હોય છે, અને વિજેતા તે ટીમ બનશે જે વધુ રન બનાવશે, પછી ભલે ગમે તેટલી વિકેટ ગુમાવી હોય. જો કોઈ ટીમ એક ઓવરમાં બે વિકેટ ગુમાવે છે, તો ટીમની એક ઓવરની ઈનિંગ્સ પુરી થાય છે. જો સુપર ઓવર બરાબર પર રહે છે, તો વિજેતા નક્કી ન થાય ત્યાં સુધી પછીની સુપર ઓવર રમાશે. પરિણામ નક્કી કરવા માટે અમર્યાદિત સુપર ઓવર રમી શકાય છે.હવામાન પરિસ્થિતિઓને આધીન સુપર ઓવર મેચના નિર્ધારિત દિવસે આઈપીએલ મેચ રેફરી દ્વારા નક્કી કરાયેલા સમયે થશે. સામાન્ય પરિસ્થિતિઓમાં તે મેચ સમાપ્ત થયાના 10 મિનિટ પછી શરૂ થશે.

## ગુવાહાટીને BCCI તરફથી મળી મોટી ભેટ

(એજન્સી) મુંબઈ તા 23

મુંબઈમાં યોજાયેલી BCCI એપેક્સ કાઉન્સિલની બેઠકમાં ભારતીય ક્રિકેટને લઈને ઘણા મોટા નિર્ણયો લેવામાં આવ્યા, જેમાંથી એક ગુવાહાટીના બારસાપારા ક્રિકેટ સ્ટેડિયમ વિશે પણ છે. ગુવાહાટીને પહેલીવાર ટેસ્ટ ક્રિકેટનું આયોજન આપવામાં આવ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ટેસ્ટ શ્રેણીની બીજી મેચ અહીં રમાશે. દક્ષિણ આફ્રિકાની ટીમ આ વર્ષે નવેમ્બરમાં સંપૂર્ણ શ્રેણી માટે ભારતનો પ્રવાસ કરશે.

ગુવાહાટીમાં પહેલીવાર ટેસ્ટ મેચ રમાશે ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચેની પહેલી ટેસ્ટ દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં રમાશે. જ્યારે બીજી ટેસ્ટ 22 થી 26 નવેમ્બર દરમિયાન ગુવાહાટીમાં રમાશે. ટેસ્ટ શ્રેણી પછી, દક્ષિણ આફ્રિકાની ટીમ ભારતમાં 3-વનડે શ્રેણી પણ રમશે. આ મેચો ૩૦ નવેમ્બર, ૩ ડિસેમ્બર અને ૬ ડિસેમ્બરે રાંચી, રાયપુર અને વિઝાગમાં રમાશે. ODI શ્રેણી સમાપ્ત થયા પછી, ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે 9 થી 19 ડિસેમ્બર દરમિયાન 5 T20 મેચની શ્રેણી પણ રમાશે. ટી20 મેચ કટક, નાગપુર, ધર્મશાળા, લખનૌ અને અમદાવાદમાં રમાશે. દક્ષિણ આફ્રિકા નવેમ્બરમાં ભારતનો પ્રવાસ કરશે. જ્યારે તે પહેલાં વેસ્ટ ઈન્ડિઝની ટીમ ભારતની મુલાકાતે આવી શકે છે. પ્રાપ્ત માહિતી અનુસાર, વેસ્ટ ઈન્ડીઝ ઓક્ટોબરના પહેલા અઠવાડિયામાં ભારત આવશે. ભારત અને વેસ્ટ ઈન્ડીઝ વચ્ચેની પહેલી ટેસ્ટ મોહાલીમાં રમાશે. જ્યારે અહેવાલો અનુસાર, કોલકાતાના ઇડન ગાર્ડન્સમાં 10 થી 14 ઓક્ટોબર દરમિયાન બીજી ટેસ્ટ રમાશે.

## હરાજીમાં કરોડો મેળવતા IPLના ખેલાડીઓએ ભરવો પડે છે જંગી ટેક્સ

(એજન્સી) નવી દિલ્હી તા 23

IPL 2025 Mega Auction: ભારતીય ક્રિકેટ ટીમના ખેલાડી ઋષભ પંતે આઈપીએલ ઈતિહાસમાં સૌથી મોંઘી ખરીદીનો ઈતિહાસ રચી દીધો છે. મેગા ઓક્શનમાં લખનૌ સુપર જાયન્ટ્સે તેને 27 કરોડ રૂપિયામાં ખરીદ્યો છે.

આ રીતે ઓસ્ટ્રેલિયન ઝડપી બોલર મિશેલ સ્ટાર્કને સાઉદી અરેબિયાના જેદ્દામાં આઈપીએલ 2025ના ઓક્શન દરમિયાન મોટી રકમ મળી. સ્ટાર્કને દિલ્હી કેપિટલ્સ (ડીસી) એ 11.75 કરોડ રૂપિયામાં ખરીદ્યો. આઈપીએલમાં મળનારી રકમમાંથી ખેલાડીઓને કેટલો ટેક્સ આપવો પડે છે. ભારતીય ખેલાડીઓને 10% અને વિદેશી ખેલાડીઓને 20% TDS કાપ્યા બાદ IPLના પૈસા મળે છે. ખેલાડીઓએ વળતર મળ્યા પહેલા બીસીસીઆઇ અને ફ્રેંચાઇઝી બંનેની સાથે એક કરાર સાઇન કરવાનો હોય છે. જો કોઈ ફ્રેંચાઇઝી વળતર



નથી આપતી તો બીસીસીઆઇ વળતર આપશે અને ફ્રેંચાઇઝીની કેન્દ્રીય આવકથી તે રકમ કાપી લેશે. એક સીએના જણાવ્યા અનુસાર આઈપીએલ ફ્રેંચાઇઝી ભારતીય ખેલાડીઓને એક નક્કી રકમ આપે છે, જેને વ્યવસાયિક આવક માનવામાં આવે છે. આઈપીએલથી મળેલી આવકને તેમની વર્ષની કુલ આવકમાં જોડીને આવક સ્લેબના હિસાબે ટેક્સ લગાવવામાં આવે છે. જે ખેલાડીઓની વધુ રકમ હોય છે, જેમ કે ઋષભ પંત અને શ્રેયસ અય્યર તેને સરચાર્જ અને સેસની સાથે 30% ટેક્સ પણ આપવો પડશે. આવકવેરા અધિનિયમ 1961ની કલમ 115BBA હેઠળ, જે વિદેશી ખેલાડી ભારતીય નાગરિક નથી અને ભારતના રહેવાસી નથી, તેની પર વિશેષ ટેક્સ નિયમ લાગુ થાય છે. આ નિયમો હેઠળ જો તે ભારતમાં કોઈ છે કે રમતથી જોડાયેલા લેખ ભારતીય અખબારો, પત્રિકાઓ કે જર્નલ્સમાં લખે છે.

## ગુજરાત ટાઈટન્સ આવ્યા પછી ભાવુક થયો સિરાજ, કોહલી અંગે જુઓ શું કહ્યું

(એજન્સી) અમદાવાદ તા 23

IPL 2025 : મોહમ્મદ સિરાજ 7 વર્ષો સુધી આઈપીએલમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ માટે રમ્યો પરંતુ આ સીઝન માટે ટીમે તેને રિટેન કર્યો નહીં અને ઓક્શનમાં તેને ખરીદ્યો નહીં. આ વખતે તે ગુજરાત ટાઈટન્સ માટે રમશે જેને તેને 12.25 કરોડ રૂપિયાની બોલી લગાવીને ખરીદ્યો છે. આરસીબી દ્વારા સિરાજને રિટેન ન કરવો ચાહકો માટે પણ ચોંકાવનારું હતું કેમકે આરસીબીના ચાહકો સિરાજને ખૂબ પસંદ કરતાં હતાં. હવે સીઝન શરૂ થયા પહેલા થયેલી પ્રેસ કોન્ફરન્સમાં તેણે આ અંગે વાત કરી. મોહમ્મદ સિરાજે આઈપીએલમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ માટે 87 મેચોમાં 83 વિકેટ લીધી છે. તે આ ટીમ માટે સૌથી વધુ વિકેટ લેનાર ત્રીજો બોલર છે. સિરાજે સીઝન શરૂ થયા પહેલા આરસીબીથી અલગ થવાને લઈને કહ્યું કે હું ત્યારે ભાવુક થઈ ગયો હતો. મોહમ્મદ સિરાજે આઈપીએલ 18મી સીઝન શરૂ થયા પહેલા પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું, 'જ્યારે હું આરસીબીથી અલગ થયો તો હું ખૂબ ભાવુક થઈ ગયો હતો. જ્યારે હું 2018-19 માં પોતાના સૌથી ખરાબ સમયથી પસાર થઈ રહ્યો હતો તો વિરાટ ભૈયા (વિરાટ કોહલી) એ મને ખૂબ સપોર્ટ કર્યો હતો. મને રિટેન કરવાનો



નિર્ણય કર્યો હતો. તે બાદ મારું પ્રદર્શન પણ સારું થયું ગયું અને મારું કરિયર ઊંચાઈઓ પર ગયુ. ગુજરાત ટાઈટન્સ 2 એપ્રિલે આરસીબી વિરુદ્ધ રમશે અને હું આ મેચને લઈને ઉત્સુક છું. સિરાજને પ્રેસ કોન્ફરન્સમાં ઈમ્પેક્ટ પ્લેયર નિયમને લઈને પણ પૂછવામાં આવ્યું તો તે તેના વિરુદ્ધ નજર આવ્યો. તેણે કહ્યું, 'બોલર તરીકે મને આ નિયમ અનફેર લાગે છે. પહેલા જલ્દી 1-2 વિકેટ લેવાથી મોમેન્ટમ બોલિંગ વાળી ટીમની તરફ શિફ્ટ થતો હતો. હવે જલ્દી વિકેટ પડ્યા બાદ પણ બેટ્સમેન ખૂબ હિટ મારવાનું ચાલુ રાખે છે. વિકેટ ફ્લેટ છે અને ઓસનું ફેક્ટર પણ બોલર માટે મુશ્કેલી પેદા કરે છે.' હવે સીઝન શરૂ થયા પહેલા થયેલી પ્રેસ કોન્ફરન્સમાં તેણે આ અંગે વાત કરી. મોહમ્મદ સિરાજે આઈપીએલમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ માટે 87 મેચોમાં 83 વિકેટ લીધી છે. તે આ ટીમ માટે સૌથી વધુ વિકેટ લેનાર ત્રીજો બોલર છે. સિરાજે સીઝન શરૂ થયા પહેલા આરસીબીથી અલગ થવાને લઈને કહ્યું કે હું ત્યારે ભાવુક થઈ ગયો હતો. મોહમ્મદ સિરાજે આઈપીએલ 18મી સીઝન શરૂ થયા પહેલા પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું, 'જ્યારે હું આરસીબીથી અલગ થયો

## દિશા પટણીનો ડાન્સ અધવચ્ચે જ બંધ થઈ ગયો

(એજન્સી) કોલકત્તા તા 23

IPL 2025 ના ઉદ્ઘાટન સમારોહમાં દિશા પટણીના ડાન્સ પરફોર્મન્સે સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી દીધી. જોકે, JioHotstar અને Star Sports એ તેમના ડાન્સ દરમિયાન લાઈવ ટેલિકાસ્ટ અચાનક બંધ કરી દીધું, જેના કારણે દર્શકોમાં રોષ ફેલાયો. IPL 2025 Opening Ceremony માં થઈ ચીટિંગ ! દિશા પટણીનો ડાન્સ અધવચ્ચે જ બંધ થઈ ગયો, સોશિયલ મીડિયા પર પ્રતિક્રિયાઓ વાયરલ દિશાએ ઉદ્ઘાટન સમારોહમાં ગ્લેમર ઉમેર્યું. તેણે પોતાના અદ્ભુત નૃત્યથી ચાહકોના દિલ જીતી લીધા. જોકે, JioHotstar અને Star Sportsનું લાઈવ ટેલિકાસ્ટ અધવચ્ચે જ બંધ કરી દેવામાં આવ્યું હતું જેના કારણે ચાહકો ગુસ્સે ભરાયા હતા. IPLની 18મી સીઝન રંગીન રીતે શરૂ થઈ ગઈ છે. શનિવારે કોલકાતાના ઇડન ગાર્ડન્સ ખાતે એક ભવ્ય ઉદ્ઘાટન સમારોહ યોજાયો હતો જેમાં પ્રખ્યાત બોલિવૂડ ગાયિકા શ્રેયા ઘોષાલે પોતાના અવાજના જાદુથી દર્શકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આ પછી, ફિલ્મ અભિનેત્રી દિશા પટણીએ પોતાના ડાન્સથી શો ચોરી



લીધો, જેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. દિશાએ ઉદ્ઘાટન સમારોહમાં ગ્લેમર ઉમેર્યું. તેણે પોતાના અદ્ભુત નૃત્યથી ચાહકોના દિલ જીતી લીધા. જોકે, JioHotstar અને Star Sportsનું લાઈવ ટેલિકાસ્ટ અધવચ્ચે જ બંધ કરી દેવામાં આવ્યું હતું જેના કારણે ચાહકો ગુસ્સે ભરાયા હતા. સમારોહની શરૂઆત શ્રેયા ઘોષાલે કરી હતી. તેમણે "મેરે ઢોલના" ગીતથી શરૂઆત કરી. આ પછી, શ્રેયાએ પુષ્પા-2 ના ગીતો વડે કોલકાતાના લોકોને નાચવા મજબૂર કર્યા. તેમણે 15 મિનિટથી વધુ સમય સુધી પ્રદર્શન કર્યું અને પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરી દીધા. શ્રેયાએ મા તુઝે સલામ અને વંદે માતરમ સાથે પોતાના પ્રદર્શનનો અંત કર્યો.

## કોમેન્ટ્રી પેનલમાંથી ઈરફાન પઠાણ બહાર

(એજન્સી) કોલકત્તા તા 23

ક્રિકેટમાં, ખેલાડીઓની સાથે, કોમેન્ટેટર્સ પણ તેમની કોમેન્ટ્રી દ્વારા મેચનો ઉત્સાહ વધારે છે. IPL 2025 માટે એક મોટી કોમેન્ટ્રી પેનલની પણ જાહેરાત કરવામાં આવી છે. પરંતુ આ વખતે ભૂતપૂર્વ ઓલરાઉન્ડર ઈરફાન પઠાણ કોમેન્ટ્રી પેનલનો ભાગ નથી. છેલ્લા ઘણા વર્ષોથી તેમને દરેક મોટી ક્રિકેટ ઈવેન્ટમાં કોમેન્ટેટર તરીકે જોવામાં આવે છે. પરંતુ આ વખતે યાદીમાં તેમનું નામ ન જોઈને બધાને આશ્ચર્ય થયું છે. બધાના મનમાં એક જ પ્રશ્ન છે કે આ વખતે આઈપીએલમાં ઈરફાન પઠાણ કોમેન્ટ્રી કેમ નહીં કરે? આ અંગે એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. ક્રિકેટમાં, ખેલાડીઓની સાથે, કોમેન્ટેટર્સ પણ તેમની કોમેન્ટ્રી દ્વારા મેચનો ઉત્સાહ વધારે છે. IPL 2025 માટે એક મોટી કોમેન્ટ્રી પેનલની પણ જાહેરાત કરવામાં આવી છે. પરંતુ આ વખતે ભૂતપૂર્વ ઓલરાઉન્ડર ઈરફાન પઠાણ કોમેન્ટ્રી પેનલનો ભાગ નથી. છેલ્લા ઘણા વર્ષોથી તેમને દરેક મોટી ક્રિકેટ ઈવેન્ટમાં કોમેન્ટેટર તરીકે જોવામાં આવે છે. પરંતુ આ વખતે યાદીમાં તેમનું નામ ન જોઈને બધાને આશ્ચર્ય થયું છે. બધાના મનમાં એક જ પ્રશ્ન છે કે આ વખતે આઈપીએલમાં ઈરફાન પઠાણ કોમેન્ટ્રી કેમ નહીં કરે? આ અંગે એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, કેટલાક ભારતીય ખેલાડીઓ વિરુદ્ધ બોલવાના કારણે ઈરફાન પઠાણને કોમેન્ટ્રી પેનલમાંથી બાકાત રાખવામાં આવ્યો છે. કેટલાક ખેલાડીઓએ પઠાણની કોમેન્ટ્રી અંગે ફરિયાદ કરી હતી. આ ખેલાડીઓએ આરોપ લગાવ્યો હતો કે ઈરફાન તેમના વિશે વ્યક્તિગત ટિપ્પણી કરી રહ્યો હતો.

## 81 લાખ પગાર સિવાય ₹1.22 લાખ ઓવરટાઇમના મળશે

# ટ્રમ્પ પોતાના ખિસ્સામાંથી સુનિતા વિલિયમ્સને પગાર આપશે

(એજન્સી) વોશિંગ્ટન ડીસી તા 23

યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે શનિવારે નાસાના અવકાશયાત્રીઓ સુનિતા વિલિયમ્સ અને બુચ વિલ્મોરને ઓવરટાઇમ પગાર આપવાની વાત કરી હતી. બંને અવકાશયાત્રીઓ 5 જૂન, 2024ના રોજ નાસાના સંયુક્ત 'ક્રૂ ફ્લાઈટ ટેસ્ટ મિશન' પર ગયા હતા. આ મિશન 8 દિવસનું હતું, પરંતુ અવકાશયાનના થ્રસ્ટર્સમાં સમસ્યાને કારણે, તે 9 મહિના સુધી આંતરરાષ્ટ્રીય અવકાશ મથક (ISS) પર અટવાયેલા રહ્યા. ઈલોન મસ્કના અવકાશયાનની મદદથી, તેમને 19 માર્ચે પાછા લાવવામાં આવ્યા. આ અંગે ટ્રમ્પને પૂછવામાં આવ્યું કે શું તેઓ આ ઓવરટાઈમ માટે બંને અવકાશયાત્રીઓને વધારાનો પગાર આપશે? આ અંગે ટ્રમ્પે કહ્યું- આ વિશે કોઈએ મારી સાથે ક્યારેય વાત કરી નથી. જો મારે ખર્ચ કરવો પડશે તો હું મારા ખિસ્સામાંથી તેનો ખર્ચ કરીશ. તેમને જે સહન કરવું પડ્યું તેના કરતાં તે વધારે નથી. નાસાના અવકાશયાત્રીઓને સરકારી કર્મચારી ગણવામાં આવે છે. તેમને અન્ય સરકારી કર્મચારીઓની જેમ પગાર મળે છે. એક્સટેન્ડેડ મિશન માટે કોઈ વધારાનો પગાર નથી - જેમાં ઓવરટાઈમ, સપ્તાહના અંતે અથવા રજાઓનો સમાવેશ થાય છે. અવકાશયાત્રીઓના પ્રવાસ, રહેવા અને ભોજનનો ખર્ચ નાસા ઉઠાવે છે. આ ઉપરાંત, તે નાના દૈનિક ખર્ચ માટે વધારાના 5 ડોલર (430 રૂપિયા) પણ આપે છે. સુનિતા વિલિયમ્સ અને બુચ વિલ્મોરનો પગાર અનુક્રમે $94,998 (રૂ. 81.69 લાખ) અને $123,152 (રૂ. 1.05 કરોડ) છે. આ ઉપરાંત, તેમને અવકાશમાં કુલ 286 દિવસ વિતાવવા બદલ $1,430 (રૂ. 1,22,980) મળશે.



### નાસા અવકાશયાત્રીઓને દૈનિક ખર્ચ માટે દરરોજ 5 ડોલર આપે છે

નાસાના અવકાશયાત્રીઓને સરકારી કર્મચારી ગણવામાં આવે છે. તેમને અન્ય સરકારી કર્મચારીઓની જેમ પગાર મળે છે. એક્સટેન્ડેડ મિશન માટે કોઈ વધારાનો પગાર નથી - જેમાં ઓવરટાઈમ, સપ્તાહના અંતે અથવા રજાઓનો સમાવેશ થાય છે. અવકાશયાત્રીઓના પ્રવાસ, રહેવા અને ભોજનનો ખર્ચ નાસા ઉઠાવે છે. આ ઉપરાંત, તે નાના દૈનિક ખર્ચ માટે વધારાના 5 ડોલર (430 રૂપિયા) પણ આપે છે. સુનિતા વિલિયમ્સ અને બુચ વિલ્મોરનો પગાર અનુક્રમે $94,998 (રૂ. 81.69 લાખ) અને $123,152 (રૂ. 1.05 કરોડ) છે. આ ઉપરાંત, તેમને અવકાશમાં કુલ 286 દિવસ વિતાવવા બદલ $1,430 (રૂ. 1,22,980) મળશે.

### અવકાશયાત્રીઓના પાછા ફરવા બદલ મસ્કનો આભાર માન્યો

ટ્રમ્પે શનિવારે નાસાના અવકાશયાત્રીઓને પાછા લાવવા બદલ ઈલોન મસ્કનો આભાર માન્યો. તેમણે કહ્યું કે જો આપણી પાસે મસ્ક ન હોત, તો અવકાશયાત્રીઓ લાંબા સમય સુધી ત્યાં ફસાયેલા હોત. તે (ઈલોન મસ્ક) હાલમાં ઘણી મુશ્કેલીઓમાંથી પસાર થઈ રહ્યા છે. તમને જણાવી દઈએ કે સોમવારે મસ્કની ટેસ્લા કંપનીના શેરમાં 15%નો ઘટાડો થયો હતો, જેના કારણે કંપનીનું માર્કેટ કેપ 4 લાખ કરોડ રૂપિયા ઘટ્યું હતું. સપ્ટેમ્બર 2020 પછી કંપનીનું આ એક દિવસનું સૌથી મોટું નુકસાન છે. સુનિતાનું 8 દિવસનું મિશન 9 મહિનામાં કેવી રીતે ફેરવાયું?:આટલા મહિના સ્પેસ સ્ટેશનમાં શું કર્યું? 7 સવાલ-જવાબમાં જાણો આખું મિશન

**પેરાશૂટ ખૂલ્યા; લેન્ડિંગ થયું અને બહાર આવતાં જ હસવા લાગ્યા એસ્ટ્રોનોટ્સ :** ભારતીય મૂળના અમેરિકન અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ અને બચ વિલ્મોર 9 મહિના અને 14 દિવસ પછી પૃથ્વી પર પાછા ફર્યા છે. તેમનું ડ્રેગન ફ્રીડમ અવકાશયાન 19 માર્ચે ભારતીય સમય મુજબ સવારે 3:27 વાગ્યે ફ્લોરિડાના કિનારે લેન્ડ થયું

### સુનિતા 19 માર્ચે આંતરરાષ્ટ્રીય અવકાશ મથકથી પરત ફર્યાં હતાં

ભારતીય મૂળના અમેરિકન અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ મંગળવારે રાત્રે 3:27 વાગ્યે તેમના ચાર સાથીદારો સાથે પૃથ્વી પર પાછા ફર્યા. તે 9 મહિના મથકથી પૃથ્વી પર પાછા ફરવામાં 17 કલાક લાગ્યા. જ્યારે અવકાશયાન પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશ્યું ત્યારે તેનું તાપમાન 1650 ડિગ્રી સેલ્સિયસને વટાવી ગયું.

## અમેરિકામાં ફરી અંધાધૂંધ ગોળીબાર, ન્યૂ મેક્સિકોના લા ક્રુએસમાં એક કાર્યક્રમ પર હુમલો

(એજન્સી) અમેરિકા તા 23



અમેરિકાનાં દક્ષિણનાં રાજ્ય ન્યૂ મેક્સિકોનાં લા'ક્રુએસ શહેરનાં યંગપાર્કમાં રાત્રે ચાલતા એક કાર્યક્રમ સમયે એક બંદૂકધારીએ અચાનક અંધાધૂંધ ગોળીબાર કરતાં ત્રણના મોત નીપજ્યા છે અને 14ને ઈજા થઈ છે. આ ગોળીબાર કરનાર એક જ વ્યક્તિ હોવા સંભવ છે. છતાં એકથી વધુ વ્યક્તિઓ પણ હોઈ શકે તેમ પોલીસનું માનવું છે. જો કે અંધારાનો લાભ લઈ ગોળીબાર કરનાર નાસી છૂટયો હતો. પોલીસ તેઓની તપાસ કરી રહી છે. આ ઘટના 850 સાઉથ વોલનટ સ્ટ્રીટ પર આવેલાં યંગ પાર્કનાં પાર્કીંગ પ્લોટ પાસે બની હતી. આ સમાચાર જાણી પોલીસ તુરંત જ તે સ્થળે પહોંચી ગઈ હતી, પરંતુ ગોળીબાર કરનારા નાસી છૂટયા હતા. પોલીસ પહોંચી ત્યારે ત્યાં અનેક ઈજાગ્રસ્તો તેણે જોયા. તેઓને તુર્ત જ સ્થાનિક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા. પોલીસે તુર્ત જ એમ્બ્યલન્સો બોલાવી ઈજાગ્રસ્તોને સ્થાનિક હોસ્પિટલમાં પહોંચાડયા પરંતુ કેટલાકને ભારે ઈજાઓ થઈ હતી તેથી તેમને ટેક્સાસનાં અલ-પાસોની હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાં પડયાં હતાં. ઈજાગ્રસ્તો તો સાજા થઈ જશે. ગોળીબાર કરનારો કે કરનારા પકડાઈ પણ જશે. પરંતુ તે પ્રશ્ન સતત અનુત્તર રહે છે કે અમેરિકાનું ગન કલ્ચર ક્યારે જશે ?

# ટેસ્લા કાર તોડનારાઓને ટ્રમ્પ જેલમાં ધકેલશે કહ્યું- આ કેપિટલ હિલ હિંસા કરતાં પણ ખરાબ

(એજન્સી) વોશિંગ્ટન ડીસી તા 23

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે ટેસ્લા કારમાં તોડફોડ કરનારાઓને ચેતવણી આપી હતી. તેમણે કહ્યું કે જે કોઈ પણ આવું કરતા પકડાય તેને અલ સાલ્વાડોરની જેલમાં ધકેલવા જોઈએ. ટ્રમ્પે તેમના સત્તાવાર સોશિયલ મીડિયા હેન્ડલ ટ્રુથ પર લખ્યું - હું ટેસ્લાની મિલકતોને નુકસાન પહોંચાડનારા બીમાર આતંકવાદી ગુંડાઓને 20 વર્ષની જેલની સજા મળતા જોવા માંગુ છું. કદાચ તેમને અલ સાલ્વાડોરની કુખ્યાત જેલની સજા ફટકારવામાં આવશે. બીજી પોસ્ટમાં આતંકી કૃત્ય છે, જે 6 જાન્યુઆરી, 2021ના રોજ યુએસ કેપિટલ હિલ (સંસદ) પર થયેલા ઘાતક રમખાણો કરતાં પણ ખરાબ છે. અલ સાલ્વાડોરમાં વિશ્વની સૌથી મોટી અને સૌથી ખતરનાક જેલ છે. અલ સાલ્વાડોરના રાષ્ટ્રપતિ નાયબ બુકેલેએ 2023માં ગુનેગારોને ડરાવવા માટે આ જેલ બનાવી હતી.



### મસ્કે ડાબેરી નેતાઓને જવાબદાર ગણાવ્યા

ટ્રમ્પના નિવેદન પહેલા, ગુરુવારે યુએસ એટર્ની જનરલ પામ બોન્ડીએ પણ ચેતવણી આપી હતી. તેમણે કહ્યું હતું કે હવે અમેરિકામાં ગુના કરનારાના દિવસો પૂરા થઈ ગયા છે. જો તમે ટેસ્લાની મિલકતને નુકસાન પહોંચાડશો તો તમને જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવશે.

**ટ્રમ્પે લાલ રંગની ટેસ્લા કાર ખરીદી, કહ્યું- આ દુનિયાની શ્રેષ્ઠ કંપની છે :** ટ્રમ્પે 11 માર્ચે લાલ રંગની 'ટેસ્લા મોડેલ એસ' કાર ખરીદીને તેનું સમર્થન કર્યુ હતું. આ દરમિયાન તેમણે કહ્યું કે આ કાર ખૂબ જ સુંદર છે અને તેમણે તેને કોઈપણ ડિસ્કાઉન્ટ વિના સંપૂર્ણ કિંમત (80 હજાર ડોલર)માં ખરીદી છે. ટ્રમ્પે કારનું પરિક્ષણ કર્યુ ન હતું અને સ્પષ્ટ કર્યું હતું કે તેઓ ટેસ્લા નહીં ચલાવે કારણ કે તેમને ડ્રાઈવ કરવાની મંજુરી નથી.

**ટ્રમ્પે કહ્યું- ટેસ્લા કંપની મસ્ક માટે બાળક જેવી છે :** મસ્કની પ્રશંસા કરતા ટ્રમ્પે કહ્યું કે તેમણે ખૂબ સારું કામ કર્યુ છે. તેઓ દેશની સેવા માટે બધું જ દાવ પર લગાવી રહ્યા છે. ટ્રમ્પે કહ્યું કે ટેસ્લા વિશ્વની શ્રેષ્ઠ કંપનીઓમાંની એક છે અને મસ્ક માટે તે 'બાળક' જેવી છે. જે લોકો પડદા પાછળથી આ ગુનેગારોને ટેકો અને ફંડિંગ કરી રહ્યા છે.

## એલોન મસ્ક: પુત્રીના ખુલાસા બાદ પરિવાર સાથેના સંબંધો આવ્યા સામે

(એજન્સી) અમેરિકા તા 23

ઉદ્યોગપતિ એલોન મસ્ક મોટા ભાગે ચર્ચામાં જ રહે છે. તાજેતરમાં, એલોન મસ્કની ટ્રાન્સ પુત્રી વિવિયન જેના વિલ્સને એક ઈન્ટરવ્યુ આપ્યો છે. આ ઈન્ટરવ્યુમાં, વિવિયને જણાવ્યું કે તેના પિતા મસ્ક સાથે તેના સંબંધો કેવા છે. મસ્ક હાલમાં તેના પરિવારને લઈને વિવાદોમાં ઘેરાયેલા છે. તેમના સંબંધો અને બાળકો અંગે અવનવી માહિતી સામે આવતી હોય છે. ત્યારે તેમની પુત્રીએ એક ખુલાસો કરીને સૌ કોઈને ચોંકાવી દિધા છે. ઉદ્યોગપતિ એલોન મસ્કની પુત્રી વિવિયનએ તાજેતરમાં તેમના વંશાવળી પર ટિપ્પણી કરી. જ્યારે મસ્કની ટ્રાન્સ પુત્રી વિવિયન જેના વિલ્સનને તેના ભાઈ-બહેનો વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેણે કહ્યું, મને ખબર નથી કે મારા કેટલા ભાઈ-બહેન છે. તેણે એમ પણ કહ્યું કે તેણે છેલ્લા પાંચ વર્ષથી તેના પિતા સાથે વાત કરી નથી. લેખિકા પૂછવામાં આવ્યું ત્યારે તેણે કહ્યું, મને પોતે વિવિયન વિલ્સન એલોન મસ્ક અને તેમની ભૂતપૂર્વ પત્ની જસ્ટિન વિલ્સનનું પહેલું સંતાન છે.

## અફઘાનિસ્તાનમાં છોકરીઓના શિક્ષણ પરનો પ્રતિબંધ હટાવવા યુનિસેફે તાલિબાનને કરી અપીલ

(એજન્સી) અફઘાનિસ્તાન તા 23

શિક્ષણ પ્રતિબંધ અફઘાન-છોકરીઓના ભવિષ્યને બગાડશે યુનિસેફે તાલિબાનને અફઘાનિસ્તાનમાં છોકરીઓના શિક્ષણ પરનો પ્રતિબંધ હટાવવાની અપીલ કરી છે. યુનિસેફે આ અપીલ એવા સમયે કરી છે જ્યારે અફઘાનિસ્તાનમાં નવું શૈક્ષણિક વર્ષ શરૂ થઈ ગયું છે. એજન્સીએ કહ્યું કે આ પ્રતિબંધને કારણે 4 લાખ વધુ છોકરીઓ તેમના શિક્ષણના અધિકારથી વંચિત રહી ગઈ છે. આ સાથે જ એવી છોકરીઓની કુલ સંખ્યા વધીને 22 લાખ થઈ ગઈ છે જે છઠ્ઠા ધોરણ પછી ભણી શકી નથી. યુનિસેફે અફઘાનિસ્તાનના તાલિબાન શાસકોને અપીલ કરી છે કે તેઓ 2021માં તાલિબાન સત્તામાં આવ્યા બાદથી શિક્ષણના અધિકારથી વંચિત રહી ગયેલી લાખો છોકરીઓના ભવિષ્યને બચાવવા માટે કન્યા શિક્ષણ પરનો પ્રતિબંધ તાત્કાલિક હટાવે. એજન્સીએ કહ્યું કે તેણે કહ્યું કે આ પ્રતિબંધ લાખો અફઘાન છોકરીઓના ભવિષ્યને નુકસાન પહોંચાડશે. યુનિસેફના કાર્યકારી નિર્દેશક કેથરીન રસેલે એક નિવેદનમાં કહ્યું કે અફઘાનિસ્તાનમાં ત્રણ વર્ષથી વધુ સમયથી છોકરીઓના અધિકારોનું ઉલ્લંઘન થઈ રહ્યું છે. હવે બધી છોકરીઓને શાળાએ પાછા ફરવાની છૂટ આપવી જોઈએ. જો આ પ્રતિભાશાળી છોકરીઓ શિક્ષણથી વંચિત રહી જશે તો તેનું પરિણામ પેઢીઓ સુધી રહેશે. તેમણે કહ્યું કે જો પ્રતિબંધ 2030 સુધી ચાલુ રહેશે તો 40 લાખથી વધુ છોકરીઓ પ્રાથમિક શાળા સિવાયના તેમના શિક્ષણના અધિકારથી વંચિત રહેશે. આના વિનાશક પરિણામો આવશે. અફઘાનિસ્તાન વિશ્વનો એકમાત્ર એવો દેશ છે જ્યાં છોકરીઓના માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ પર પ્રતિબંધ છે. તાલિબાનનું કહેવું છે કે શિક્ષણ પ્રણાલી શરિયા કે ઈસ્લામિક કાયદા અનુસાર નથી.યુનિસેફે અફઘાનિસ્તાનના તાલિબાન શાસકોને અપીલ કરી છે કે તેઓ 2021માં તાલિબાન સત્તામાં આવ્યા બાદથી શિક્ષણના અધિકારથી વંચિત રહી ગયેલી લાખો છોકરીઓના ભવિષ્યને બચાવવા માટે કન્યા શિક્ષણ પરનો પ્રતિબંધ તાત્કાલિક હટાવે.

## અમેરિકામાંજે ગ્રીન કાર્ડ માટે લગ્ન કરશે તેને થશે જેલ, ટ્રમ્પનો નિર્ણય

(એજન્સી) અમેરિકા તા 23

અમેરિકામાં ગ્રીન કાર્ડ મેળવવું એટલે કે ત્યાંની નાગરીકતા મેળવવી ખૂબ અઘરી છે. નાગરિકતા મેળવવાનો એક મુખ્ય રસ્તો લગ્ન છે, પરંતુ ઘણી વખત લોકો આ માર્ગનો દુરુપયોગ કરે છે. કેટલાક કિસ્સાઓમાં, અમેરિકન નાગરિકો પૈસા માટે અન્ય દેશોના નાગરિકો સાથે લગ્ન કરે છે, અને પછી લગ્ન પછી છૂટાછેડા લે છે. ટ્રમ્પ વહીવટીતંત્રે આ પ્રકારની છેતરપિંડી અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. યુએસ સિટિઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસીસ (USCIS) એ આ પ્રકારના લગ્નને ફેડરલ ગુનો જાહેર કર્યો છે, અને ચેતવણી આપી છે કે તેના પરિણામો ગંભીર હોઈ શકે છે.આ સંદર્ભમાં, ટ્રમ્પ વહીવટીતંત્રે ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ પર કાર્યવાહી કરવા માટે ઘણા કડક પગલાં લીધાં છે, જેમાં એવા ઈમિગ્રન્ટ્સને નિશાન બનાવવાનો સમાવેશ થાય છે જેઓ ગ્રીન કાર્ડ મેળવવા માટે યુએસ નાગરિકો સાથે છેતરપિંડીથી લગ્ન કરે છે. USCIS એ સ્પષ્ટતા કરી છે.

### ડોનાલ્ડ ટ્રમ્પની સખ્તાઈ વચ્ચે ભારતે પોતાના વિદ્યાર્થીઓને આપી સલાહ

## અમેરિકામાં અભ્યાસ કરતા ભારતીય વિદ્યાર્થીઓ માટે સરકારની ગાઈડલાઈન

(એજન્સી) અમેરિકા તા 23

અમેરિકામાં ભારતીય વિદ્યાર્થી બદર ખાન સૂરીની ધરપકડ અને વિદ્યાર્થી રંજિની શ્રીનિવાસનને કેનેડામાં ડિપોર્ટ કર્યા બાદ સરકારે આ ગાઈડલાઈન જાહેર કરી છે. ભારત સરકારે અમેરિકામાં ભણતા વિદ્યાર્થીઓને અમેરિકન કાયદાઓનું પાલન કરવાની સલાહ આપી છે. જ્યોર્જટાઉન યુનિવર્સિટીના પોસ્ટડોક્ટરલ ફેલો બદર ખાન સૂરી પર યુએસ અધિકારીઓએ 'હમાસનો પ્રોપેગેંડા' ફેલાવવાનો યુનિવર્સિટીના વિદ્યાર્થી રંજિની શ્રીનિવાસનના વિઝા પેલેસ્ટાઈન તરફી વિરોધમાં ભાગ લેવા બદલ રદ કરવામાં આવ્યા હતા. તેમણે સૂચવ્યું કે અમેરિકાને આવી આંતરિક બાબતો પર નિર્ણય લેવાનો અધિકાર છે.

### વિદ્યાર્થીઓને અમેરિકન કાયદાઓનું પાલન કરવાની સલાહ

ભારતે વિદ્યાર્થીઓને આશ્વાસન પણ આપ્યું કે જો તેઓને કોઈ મુશ્કેલીનો સામનો કરવો પડશે તો યુએસમાં ભારતીય દૂતાવાસ તેમને મદદ કરશે. તેમણે કહ્યું કે અમેરિકન યુનિવર્સિટીઓમાં મોટી સંખ્યામાં ભારતીયો અભ્યાસ કરી રહ્યા છે અને સરકાર અમેરિકા સાથે શૈક્ષણિક સંબંધો મજબૂત કરવા માંગે છે.

### તેમણે વધુમાં કહ્યું, "અમે અપેક્ષા રાખીએ છીએ

જ્યારે વિદેશી નાગરિકો ભારતમાં આવે છે, ત્યારે તેઓ અમારા કાયદા અને નિયમોનું પાલન કરશે. તેવી જ રીતે અમે અપેક્ષા રાખીએ છીએ કે જ્યારે ભારતીય નાગરિકો વિદેશમાં હોય છે ત્યારે, તેઓએ સ્થાનિક કાયદા અને નિયમોનું પણ પાલન કરવું જોઈએ.

### "જો કોઈપણ ભારતીય વિદ્યાર્થીને કોઈ સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો

તો દૂતાવાસ તેમની સુરક્ષા અને સલામતી અંગેની મદદ કરવા માટે જ છે. જો કોઈ ભારતીય વિદ્યાર્થી મદદ માંગે છે તો અમે તેને મદદ કરીશું. " ભારત સરકારે અમેરિકામાં ભણતા વિદ્યાર્થીઓને અમેરિકન કાયદાઓનું પાલન કરવાની સલાહ આપી છે. ભારતીય વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે બંને ભારતીયોએ અમેરિકામાં ભારતીય દૂતાવાસનો કોઈ મદદ માટે સંપર્ક કર્યો નથી.

## સત્તા આગળ શાણપણ નક્કામું", ડૉનાલ્ડ ટ્રમ્પ અને કોલંબિયા યુનિવર્સિટી વચ્ચે વિવાદ

(એજન્સી) અમેરિકા તા 23

અમેરિકાના રાષ્ટ્રપતિ ડૉનાલ્ડ ટ્રમ્પ અને કોલંબિયા યુનિવર્સિટી વચ્ચેનો વિવાદ ફિલ્મી કહાની જેવો છે. 25 વર્ષ પહેલા ડૉનાલ્ડ ટ્રમ્પે કોલંબિયા યુનિવર્સિટી પર 400 મિલિયન ડૉલરની ડીલ કરવા માટે દબાણ કર્યુ હતુ. પરંતુ આ ડીલ કરવામાં ટ્રમ્પ અસફળ રહ્યા હતા. અને હવે જ્યારે ટ્રમ્પ અમેરિકામાં પોતાની સરકાર ચલાવી રહ્યા છે ત્યારે કોલંબિયા યુનિવર્સિટીને મળનારી સરકારી આર્થિક મદદ બંધ કરવામાં આવી છે. એક અબજોપતિ ઉદ્યોગપતિ જે પછીથી અમેરિકાના રાષ્ટ્રપતિ બન્યા અને સેંકડો નોબેલ પુરસ્કાર વિજેતાઓનું નિર્માણ કરનારી પ્રતિષ્ઠિત યુનિવર્સિટી વચ્ચેના સંઘર્ષની વાર્તા કોઈ ફિલ્મી નાટકથી ઓછી નથી લાગતી. 25 વર્ષ પહેલાં, ડોનાલ્ડ ટ્રમ્પે કોલંબિયા યુનિવર્સિટી પાસેથી 400 મિલિયન ડોલરની માંગણી કરી હતી. પરંતુ જ્યારે તેમની માંગણીઓ પૂર્ણ ન થઈ ત્યારે તેઓ ગુસ્સાથી મીટિંગ છોડીને ચાલ્યા ગયા હતા. આજે ઘણા વર્ષો પછી એ જ ટ્રમ્પ, સત્તામાં રહીને, કોલંબિયાને ઘૂંટણિયે પાડવાનો પ્રયાસ કરી રહ્યા છે. અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને કોલંબિયા યુનિવર્સિટી વચ્ચેનો વિવાદ નવો નથી. તેની શરૂઆત 25 વર્ષ પહેલાં થઈ હતી જ્યારે ટ્રમ્પે યુનિવર્સિટી પાસેથી $400 મિલિયનની માંગણી કરી હતી. ત્યારે તેમની માંગણીઓ પૂર્ણ ન થઈ તેઓ ગુસ્સાથી મીટિંગમાંથી બહાર નીકળી ગયા.

# ઈઝરાયેલએ લેબનાનમાં કર્યો મોટો પલટવાર, PM નેતન્યાહુના આદેશ બાદ કર્યો બોમ્બમારો



(એજન્સી) ઈઝરાયેલ તા 23

ઈઝરાયલે લેબનોનમાં જોરદાર વળતો હુમલો કર્યો છે. શનિવારે વહેલી સવારે કરવામાં આવેલા હવાઈ હુમલાના જવાબમાં ઈઝરાયલી સેનાએ દક્ષિણ લેબનોનમાં અનેક સ્થળોએ ભીષણ હુમલો કર્યો છે. આમાં ઘણા લોકોના મોત થયાના સમાચાર મળી રહ્યા છે. ઈઝરાયલી વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ સરહદ પારથી છોડવામાં આવેલા રોકેટના જવાબમાં ડઝનબંધ આતંકવાદી ઠેકાણાઓ પર હુમલા કરવાનો આદેશ આપ્યો હતો. ઈઝરાયલ તેના નાગરિકો અને તેના સાર્વભૌમત્વને કોઈ નુકસાન પહોંચાડવા દેશે નહીં

### ઈઝરાયલી સેનાએ એક નિવેદનમાં જણાવ્યું હતું

શનિવારે સવારે ઈઝરાયલ પર રોકેટ ફાયરિંગના જવાબમાં વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ અને સંરક્ષણ પ્રધાન ઈઝરાયલ કાત્ઝે લેબનોનમાં ડઝનબંધ આતંકવાદી ઠેકાણાઓ સામે કડક કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો છે.ઈઝરાયલ તેના નાગરિકો અને તેના સાર્વભૌમત્વને કોઈ નુકસાન પહોંચાડવા દેશે નહીં. અમે જાણીએ છીએ કે અમારી સુરક્ષા કેવી રીતે સુનિશ્ચિત કરવી.' આ પહેલા યમનથી ઈઝરાયલી શહેર જેરુસલેમ પર પણ મિસાઈલો છોડવામાં આવી હતી. ઈઝરાયલે દાવો કર્યો હતો કે તેણે તેના પ્રદેશ સુધી પહોંચતા પહેલા તેને રોકી દીધું હતું. યમનના હુથી બળવાખોરોએ આ હુમલાઓની જવાબદારી સ્વીકારી છે.

### ઈઝરાયલે ફરીથી ગાઝા પર બોમ્બમારો શરૂ કરી દીધો

તમને જણાવી દઈએ કે થોડા દિવસની શાંતિ બાદ, ઈઝરાયલે ફરીથી ગાઝા પર બોમ્બમારો શરૂ કરી દીધો છે. આ અઠવાડિયાની શરૂઆતથી થયેલા તાજા બોમ્બ ધડાકામાં સેંકડો પેલેસ્ટિનિયનો માર્યા ગયા છે અને ઘણા ઘાયલ થયા છે. ઈઝરાયલનો દાવો છે કે હમાસ યુદ્ધવિરામ કરારનું પાલન કરી રહ્યું નથી. આ કારણે તે ગાઝામાં લશ્કરી કાર્યવાહી કરી ઈનકાર કર્યો છે. વાસ્તવમાં, ઈઝરાયલ ઈચ્છે છે કે હમાસ તેના યુદ્ધવિરામના પ્રથમ તબક્કાના વિસ્તરણને સ્વીકારે જેથી વધુને વધુ બંધકોને મુક્ત કરી શકાય.

### ઈઝરાયલી સરકારને યુદ્ધવિરામનું પાલન કરવાની અપીલ કરી

બીજી તરફ, ગાઝામાં યુદ્ધનો વિરોધ કરી રહેલા હજારો વિરોધીઓએ ઈઝરાયલી વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂના કાર્યાલયને ઘેરી લીધું હતું. વરસાદ વચ્ચે, લોકો જેરુસલેમમાં પીએમ ઓફિસની બહાર એકઠા થયા હતા અને પીએમ નેતન્યાહૂ દ્વારા બંધક સંકટને સંભાળવા અને દેશના આંતરિક સુરક્ષા વડાને બરતરફ કરવાની તેમની યોજનાનો વિરોધ કર્યો હતો. આ સાથે પ્રદર્શનકારીઓએ ગાઝામાં બોમ્બમારો તાત્કાલિક બંધ કરવા અને ઈઝરાયલી સરકારને યુદ્ધવિરામનું પાલન કરવાની અપીલ કરી હતી.

## ટ્રેનમાં એક વર્ષ સુધી આ શખ્શે કરી મફત મુસાફરી

આ વ્યક્તિ ટ્રેનમાં મુસાફરી કરવા માટે એવું મગજ વાપર્યું કે મુસાફરી કરનાર દરેક વ્યક્તિ તેના વિશે જાણીને હેરાન છે અને તેની આ યુક્તિની પ્રશંસા કરી રહ્યું છે. તેમની આ યુક્તિ વિશે જાણ્યા પછી રેલવે પણ કંઈ કરી શક્યું નહીં. તો ચાલો તમને જણાવીએ તેની આ ખાસ ટ્રીક... આજે પણ રેલ્વે એ લોકોનું ફેવરીટ અને આર્થિક મુસાફરીનું સાધન છે. જો કોઈને દૂરના સ્થળે જવું હોય તો લોકો સૌથી પહેલા ટ્રેનની ટિકીટ ચેક કરે છે. જો કે ઘણા લોકો એવા છે જેઓ ટ્રેનમાં મુસાફરી કરે છે, પરંતુ તેમને ટિકિટ ખરીદવી ભારે લાગે છે. ઘણા લોકો ટિકીટ વિના મુસાફરી કરવાની મજા માણે છે પરંતુ ક્યારેક ટિકિટ ચેકિંગમાં ફસાઈ જાય તો તેને ભારે દંડ ભરવો પડે છે. બાય ધ વે, એક વ્યક્તિએ એવા જુગાડનો ઉપયોગ કર્યો કે જેના દ્વારા તે એક પણ રૂપિયો ખર્ચ્યા વિના એક વર્ષ સુધી ટ્રેનમાં મુસાફરી કરી શકે. આ સમયમાં તેણે આશરે રૂ. 1.06 લાખની ટ્રેનની ટિકીટની બચત કરી હતી. હદ તો એ છે કે તેના જુગાડ વિશે જાણ્યા પછી પણ રેલવે કંઈ કરી શકી નથી.29 વર્ષીનો એડવાઈઝ ફાઈનાન્સ લેખક છે. તેણે ટ્રેનના સમય અને વિલંબની પેટર્નનો ઝીણવટપૂર્વક અભ્યાસ કર્યો, જેનાથી તેને ખ્યાલ આવ્યો કે ટ્રેન ક્યારે મોડી થશે અને ક્યારે તેને સંપૂર્ણ રિફંડ મળી શકશે. ત્યારપછી તેણે પૂરા પ્લાનિંગ સાથે ટિકિટો બુક કરાવી જેથી તેને દરેક વખતે પૂરા પૈસા પાછા મળી શકે.આ પદ્ધતિનો ઉપયોગ કરીને, તેણે 2023 માં કરેલી તમામ ટ્રિપ્સના પૈસા પાછા મેળવ્યા. તેમની યોજનાએ તેમને માત્ર ત્રણ વર્ષમાં 1.06 લાખથી વધુની બચત કરવામાં મદદ કરી.

## નીતિશ કુમારને મોટો ઝટકો : જેડીયુએ કેન્દ્ર સરકાર દ્વારા લાવવામાં આવેલા વક્ફ સુધારા બિલને સમર્થન આપવાનો નિર્ણય કર્યો છે

# મુસ્લિમ ધાર્મિક સંગઠનોએ CMની ઈફ્તાર પાર્ટીનો બહિષ્કાર કર્યો

(એજન્સી) બિહાર । તા. 23

જેડીયુને વક્ફ સુધારા બિલનું સમર્થન કરવાનું ભારે પડ્યું હોવાના સંકેતો મળ્યા છે. મુસ્લિમ ધાર્મિક સંગઠનોએ નીતિશની ઈફ્તાર પાર્ટીનો બહિષ્કાર કર્યો છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે JDUના વક્ફ સુધારા બિલને સમર્થનના કારણે મુસ્લિમ સંગઠનો તેનાથી નારાજ છે અને પહેલીવાર નીતિશની ઈફ્તાર પાર્ટીનો બહિષ્કાર કર્યો છે. આ ઈફ્તાર પાર્ટી રવિવારે પટનામાં યોજાવા જઈ રહી છે. બિહારમાં જેડીયુના નેતૃત્વમાં એનડીએની સરકાર છે. BJP, LJP (R) અને હિન્દુસ્તાન આવામ મોરચા પણ આ સરકારનો હિસ્સો છે. કેન્દ્રની મોદી સરકાર વક્ફ (સુધારા) બિલ, 2024 લાવવાની તૈયારી કરી રહી છે. ફેબ્રુઆરી 2025માં મોદી કેબિનેટે સંસદની સંયુક્ત સમિતિ (JPC) દ્વારા પ્રસ્તાવિત 14 સુધારાઓને મંજૂરી આપી દીધી છે. આ સુધારાઓ વક્ફ મિલકતોની નોંધણી, વિવાદ પતાવટની પ્રક્રિયાઓ અને વક્ફ બોર્ડની રચના સાથે સંબંધિત છે. વિરોધ પક્ષોએ બિલની કેટલીક જોગવાઈઓ સામે વાંધો ઉઠાવ્યો છે. ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ (AIMPLB) અને AIMIMના વડા અસદુદ્દીન ઓવૈસીએ પણ આ બિલનો વિરોધ કર્યો છે.મુસ્લિમ સંગઠન જમિયત ઉલેમા-એ-હિંદ અને ઈમારત-એ-શરિયાએ વક્ફ (સુધારા) બિલ પર એનડીએના સહયોગી નીતિશ કુમાર, એન ચંદ્રબાબુ નાયડુ અને ચિરાગ પાસવાનના વલણને ધ્યાનમાં રાખીને મોટો નિર્ણય લીધો છે. તેમણે ઈફ્તાર, ઈદ મિલન અને અન્ય કાર્યક્રમોનો બહિષ્કાર કરવાનો નિર્ણય લીધો છે. મુસ્લિમ સંગઠનોથી અંતર જાળવવા પણ અપીલ કરવામાં આવી છે.



**બહિષ્કારનો નિર્ણય કેમ લેવાયો? |** ઈમારત-એ-શરિયાના જનરલ સેક્રેટરી મુફ્તી સૈદુર રહેમાને મીડિયાને જણાવ્યું હતું કે, અમારી ધાર્મિક સંસ્થાઓ નીતિશ કુમાર દ્વારા આપવામાં આવેલી ઈફ્તાર પાર્ટીમાં ભાગ લેશે નહીં. જેડીયુએ કેન્દ્ર સરકાર દ્વારા લાવવામાં આવેલા વક્ફ સુધારા બિલને સમર્થન આપવાનો નિર્ણય કર્યો છે, તે દૃષ્ટિકોણથી અમે મુખ્યમંત્રીની ઈફ્તાર પાર્ટીનો બહિષ્કાર કર્યો છે. જમિયતના વડા મૌલાના અરશદ મદનીએ એક નિવેદનમાં આરોપ મૂક્યો હતો કે, આ નેતાઓ સરકારના 'બંધારણ વિરોધી પગલાં'નું સમર્થન કરી રહ્યા છે.

**JDUએ શું આપ્યો જવાબ? |** જેડીયુના પ્રવક્તા નવલ શર્માએ કહ્યું કે, ધર્મનિરપેક્ષતાના રક્ષણ માટે નીતિશ કુમારની પ્રતિબદ્ધતા જાણીતી છે. છેલ્લાં 20 વર્ષમાં બિહારમાં લઘુમતીઓના સન્માન અને આજીવિકા માટે નીતિશ કુમારે ગંભીર ચિંતા દર્શાવી છે. નીતિશ કુમાર છેલ્લા ઘણા સમયથી ઈફ્તાર પાર્ટીઓ આપી રહ્યા છે. આ કોઈ નવી વાત નથી. પરંતુ પોતાના સમયમાં બિહારમાં કબ્રસ્તાનની જમીનો કબજે કરનાર, મદરેસા શિક્ષકોને ભૂખ્યા રાખનારા અને ભાગલપુર રમખાણોના આરોપીઓને બચાવનારી આરજેડી કયા મોઢેથી બોલે છે?

**આરજેડીએ શું કહ્યું? |** આરજેડીએ નીતિશ કુમારની ઈફ્તાર પાર્ટીના બહિષ્કારનો નિર્ણય સ્વીકાર્યો છે. આરજેડીના પ્રવક્તા એઝાઝ અહેમદે કહ્યું કે મુસ્લિમ સંગઠનોનો નિર્ણય યોગ્ય છે. જેડીયુ મુસ્લિમો સાથે બેવડું વલણ અપનાવી રહી છે. એક તરફ વક્ફ બિલ માટે સમર્થન અને બીજી તરફ ઈફ્તારની મહેફિલ બંને કામ નહીં કરે. જેડીયુ, ટીડીપી અને એલજેપી (આર) તમામ ભાજપના એજન્ડા સાથે છે.

**ભાજપ પર નિશાન સાધ્યું |** આરજેડીએ ભાજપ પર નિશાન સાધતા કહ્યું- અમે ઈફ્તારનું આયોજન કરીએ છીએ તો તેઓ અમને નિશાન બનાવે છે. જો નીતિશ કુમાર દ્વારા ઈફ્તાર પાર્ટીનું આયોજન કરવામાં આવે તો અમે મૌન રહીએ છીએ. અમે તિલક પણ કરીએ છીએ અને ટોપી પણ પહેરીએ છીએ. અમારા નેતા તેજસ્વી યાદવ મંદિરે જાય છે અને ઈફ્તારમાં પણ હાજરી આપે છે.

### ભાજપે આરજેડીને ઘેરી

ભાજપના પ્રવક્તા પ્રભાકર મિશ્રાએ કહ્યું કે, બહિષ્કારનો નિર્ણય નિંદનીય છે. વક્ફ સુધારા બિલને સમર્થન આપવાના કારણે આ નિર્ણય લેવામાં આવ્યો છે. આરજેડી દ્વારા આનો પ્રચાર કરવામાં આવી રહ્યો છે. વાસ્તવમાં, સુધારો બિલ વક્ફ બોર્ડની કરોડોની સંપત્તિ બચાવવા માટે અમલી બનાવવામાં આવી રહ્યો છે. આ મિલકતનો ગેરકાયદેસર કબજો અને દુરુપયોગની ફરિયાદો લાંબા સમયથી આવી રહી હતી. આ બિલ તેને બચાવવા માટે છે. તેથી મુસ્લિમોએ ચિંતા કરવાની જરૂર નથી. મુસ્લિમ સંગઠનોના લોકોને અપીલ છે કે તેઓ આરજેડીના ખોટા પ્રચાર અને લોકોને ગેરમાર્ગે દોરનારી વાતોથી દૂર રહે. તેમને માત્ર પોતાના વોટ બેન્કની જ ચિંતા છે.

## 'લોકો નહીં પણ નેતાઓ જાતિવાદી હોય છે...' નીતિન ગડકરીના નિવેદનથી રાજકારણમાં હડકંપ

(એજન્સી) નવી દિલ્હી । તા. 23



કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી તેમના બેબાક નિવેદનો માટે હંમેશા ચર્ચામાં રહે છે ત્યારે શનિવારે તેમણે કહ્યું હતું કે લોકો જાતિવાદી નથી હોતા, પરંતુ નેતાઓ પોતાના સ્વાર્થ માટે જાતિવાદી બની જાય છે. ગડકરીએ કહ્યું કે કોણ વધુ પછાત છે તે અંગે હરિફાઈ ચાલી રહી છે. સામાજિક અસમાનતા દૂર કરવાની જરૂર છે. જાતિગત ભેદભાવનો અંત લાવવો જોઈએ. આ પ્રક્રિયા "પોતાનાથી" શરૂ કરવી જોઈએ.

### જાતિના રાજકીય હથિયાર તરીકે ઉપયોગને વખોડ્યો

કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ જાતિના રાજકીય હથિયાર તરીકે ઉપયોગની આકરા શબ્દોમાં ટીકા કરી હતી અને દલીલ કરી હતી કે સાચા અર્થમાં સામાજિક ઉત્થાનની જગ્યાએ ચૂંટણી લાભ ખાટવા કૃત્રિમ રીતે વિભાજન પેદા કરવામાં આવેછે. અમરાવતીમાં ડૉ. પંજાબરાવ ઉર્ફે ભાઉસાહેબ દેશમુખ મેમોરિયલ એવોર્ડ સમારોહને સંબોધતા ગડકરીએ રાજકારણની ફરી વ્યાખ્યા કરવા માટે હાકલ કરી જે ઓળખ આધારિત વોટબેંક વ્યૂહરચનાઓ કરતાં વિકાસને પ્રાથમિકતા આપવામાં આવે છે. ગડકરીએ કહ્યું કે પછાતપણાની ચર્ચા રાજકીય વાટાઘાટોમાં સામાજિક ન્યાયથી હટીને સોદાબાજીનો વિષય બની ગઈ છે.

### સાચા નેતૃત્વને જાહેરાતોની જરૂર ન હોય...

ગડકરીએ ભારપૂર્વક કહ્યું કે સાચા નેતૃત્વને પોસ્ટરો કે જાહેરાતોની જરૂર નથી હોતી. રાજકારણ સ્વ-પ્રમોશન કરતાં સમાજ સેવા પર આધારિત હોવું જોઈએ. નેતાઓ ચૂંટણી લાભ માટે પોતાના સમુદાયોને વધુ પછાત સાબિત કરવા માટે સ્પર્ધા કરી રહ્યા છે. ગડકરીએ કહ્યું કે મેં ચૂંટણી લડી અને લોકોને સ્પષ્ટ કહ્યું કે હું મારી શરતો પર રાજકારણ કરીશ, ભલે તેઓ મને મત આપે કે ન આપે. મારી ફરજ એ છે કે હું કોઈપણ પક્ષપાત કે સમાધાન વિના બધાના વિકાસ માટે કામ કરું. તેમણે ચૂંટણીના વધતા વ્યવહારિક સ્વભાવ પર પણ શોક વ્યક્ત કર્યો અને પ્રચાર પર વધુ પડતા નાણાં ખર્ચવામાં આવતા હોવાનો ઉલ્લેખ કર્યો.

## 'તેણે મહારાષ્ટ્ર સાથે દગો કર્યો, પીઠમાં છરો ભોંક્યો...',

# શરદ પવાર-અજિત પવાર ની મુલાકાતથી અકળાયા દિગ્ગજ નેતા

## પાર્ટી તોડનારા સામે લડતા રહીશું અને તેમને પાઠ ભણાવીશું.'

(એજન્સી) નવી દિલ્હી । તા. 23

NCP (SP) અધ્યક્ષ શરદ પવારે શનિવારે પુણે સ્થિત વસંતદાદા સુગર ઈન્સ્ટીટ્યુટમાં પોતાના ભત્રીજા અને મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારની મુલાકાત લીધી હતી. આ મુલાકાત પર શિવસેના (યુબીટી) સાંસદ સંજય રાઉતે તીખી ટિપ્પણી કરી છે. રાઉતે કહ્યું કે, શિવસેના (યુબીટી) ના નેતા પાર્ટી છોડીને જાય છે તેવા લોકો સાથે કોઈ સંપર્ક નથી રાખતાં. તેમણે આરોપ લગાવ્યો કે, અજિત પવાર અને તેમના જૂથે મહારાષ્ટ્રને દગો આપ્યો છે. શિવસેના (યુબીટી) એનસીપી (એસપી) અને કોંગ્રેસ સાથે મહાવિકાસ અઘાડી ગઠબંધનનો ભાગ છે.

શરદ પવાર, તેમના પક્ષના પ્રદેશ પ્રમુખ જયંત પાટીલ અને હરીફ NCP નેતાઓ અજિત પવાર અને દિલીપ વાલસે પાટીલ સરકાર દ્વારા માન્ય સંશોધન સંસ્થા વસંતદાદા સુગર ઈન્સ્ટિટ્યૂટની ગવર્નિંગ કાઉન્સિલની બેઠકમાં હાજરી આપી હતી. આ બેઠક વસંતદાદા સુગર ઈન્સ્ટિટ્યૂટની ગવર્નિંગ કાઉન્સિલની બેઠકનો ભાગ હતી જ્યાં ખાંડ ઉદ્યોગ અને ખેડૂતોને લગતા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

સંજય રાઉતે નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેની આગેવાનીવાળી હરીફ શિવસેનાના




નેતાઓનો ઉલ્લેખ કરતા કહ્યું કે, 'તેમની વચ્ચે બધું બરાબર ચાલી રહ્યું છે... અમે શિવસેના છોડનારા કોઈ સાથે સંપર્ક કરવાનો પ્રયાસ પણ નથી કરતા. જે પ્રકારે તેમણે મહારાષ્ટ્રની જનતાને દગો આપ્યો છે અને પીઠમાં છરો ભોંક્યો... અમે તેમની નજીક પણ નહીં જઈએ.'


ગત મહિને પણ રાઉતે શરદ પવાર દ્વારા 2022માં શિવસેનાને વિભાજિત કરનારા શિંદેને સન્માનિત કરવા અને તેમની પ્રશંસા કરવા પર નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે, તેમની (એનસીપી જૂથના નેતા) પાસે વસંતદાદા સુગર ઈન્સ્ટીટ્યૂટ, વિદ્યા પ્રતિષ્ઠાન, રાયત શૈક્ષણિક સંસ્થા જેવી સંસ્થાઓ છે. અમારી પાસે એવું કંઈ નથી. અમે (પૂર્વ પાર્ટી સહયોગી સાથે) આવી બેઠકો નથી કરતાં અને આવી બેઠકની સંભાવના હોય તો અમે તેનાથી બચીએ છીએ. અમે રાજકીય સંવાદ કરવામાં વિશ્વાસ નથી કરતાં. અમે અમારી પાર્ટી તોડનારા સામે લડતા રહીશું અને તેમને પાઠ ભણાવીશું.'

આ દરમિયાન, પાર્ટીના સહયોગી જયંત પાટીલ અને તેમના પિતરાઈ ભાઈ અજિત પવાર વચ્ચે થયેલી બેઠક વચ્ચે પૂછવામાં આવ્યું, તો એનસીપી (એસપી) ની અધ્યક્ષ સુપ્રીયા સૂલેએ આ બેઠકને સામાન્ય બેઠક જણાવી. સૂલેએ કહ્યું કે, 'વસંતદાદા સુગર ઈન્સ્ટીટ્યુટ (વીએસઆઈ)માં તમામ પાર્ટીના લોકો સભ્ય છે. ગવર્નિંગ કાઉન્સિલની બેઠકમાં ખાંડ ઉદ્યોગ, ખેડૂત અને સંબંધિત વ્યવસાયો તેમજ નવી ટેક્નોલોજી સાથે જોડાવવા મુદ્દે ચર્ચા કરવામાં આવી. આ એક એકેડેમિક બેઠક છે, જેમાં કોઈ રાજકીય વિચારધારા પર ચર્ચા નથી કરવામાં આવતી.'

નોંધનીય છે કે, જયંત પાટીલના અજિત પવારના જૂથમાં સામેલ થવાની અટકળો લાંબા સમયથી લગાવવામાં આવી રહી છે. જોકે, પાટીલે આ અફવાઓનું ખંડન કર્યું છે. બીજીબાજું અજિત પવારે કહ્યું કે, 'અમે તમામ વીએસઆઈના સભ્ય છીએ અને અમે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ઉપયોગ જેવી ચીન સાથે જોડાયેલા વિવિધ મુદ્દા પર ચર્ચા કરવા માટે મુલાકાત કરી હતી.'

## 100 ફૂટ ઊંચો રથ પડતાં ઉત્સવ માતમમાં ફેરવાયો, એકનું મોત અનેક ઈજાગ્રસ્ત





(એજન્સી) બેંગ્લોર । તા. 23

અનેકલ (બેંગ્લોર ગ્રામીણ)માં ગ્રામીણ ઉત્સવ દરમિયાન 100 ફૂટ ઊંચો રથ પડતાં ઉત્સવ માતમમાં ફેરવાઈ ગયો છે. આ દુર્ઘટનામાં અનેક લોકો ઘાયલ થયા છે. ગ્રામીણ એસપીએ હોસ્પિટલમાં સારવાર દરમિયાન એક વ્યક્તિના મૃત્યુની પુષ્ટિ કરી છે. આ ઘટના શનિવારે સાંજે 6:00 વાગ્યાની આસપાસ બની હતી. આ ઘટનાનો એક વીડિયો સામે આવ્યો છે જેમાં જોઈ શકાય છે કે કેવી રીતે 100 ફૂટ ઊંચો રથ અચાનક ડગમગવા લાગે છે અને લોકોની ભીડ પર પડે છે.

### દુર્ઘટનામાં અનેક ઈજાગ્રસ્ત

પ્રાપ્ત માહિતી પ્રમાણે બેંગલુરુના અનેકલ નજીક હોસુરમાં ગામના એક મેળામાં મદુરમ્મા દેવી જાત્રે દરમિયાન દેવીની મૂર્તિને લઈ જતો 100 ફૂટ ઊંચો રથ ભીડ પર પડે છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે, શ્રદ્ધાળુઓ આ રથ ખેંચી રહ્યા હતા, ત્યારે જ એક જગ્યા પર જઈને આ 100 ફૂટ ઊંચો રથ લોકો પર પડી જાય છે. જેના કારણે તેના પર સવાર લોકો અને આસપાસ ચાલતા લોકોમાં અફરાતફરી મચી જાય છે. આ દુર્ઘટનામાં અનેક લોકો ઈજાગ્રસ્ત થયા છે, જેમાંથી એક વ્યક્તિનું મોત નીપજ્યું છે.

## સંભલ હિંસામાં જામા મસ્જિદના વડાની ધરપકડ, 4 કલાક સુધી પૂછપરછ કરાઈ

(એજન્સી) નવી દિલ્હી । તા. 23

સંભલ હિંસામાં પોલીસે જામા મસ્જિદના વડા ઝફર અલીની ધરપકડ કરી છે. રવિવારે સવારે 11 વાગ્યે પોલીસે તેને તેના ઘરેથી ઉઠાવી ગઈ હતી. પોલીસ સ્ટેશનમાં લગભગ 4 કલાક સુધી તેમની પૂછપરછ કરવામાં આવી. આ પછી તેની ધરપકડ કરવામાં આવી. ઝફર અલીને હવે કોર્ટમાં લઈ જવામાં આવશે ઝફર અલીનું ઘર મસ્જિદથી 100 મીટર દૂર છે. તણાવને ધ્યાનમાં રાખીને, વિસ્તારમાં 200 થી વધુ સૈનિકો તહેનાત કરવામાં આવ્યા છે. 5 પોલીસ સ્ટેશનની ફોર્સ પણ જામા મસ્જિદ વિસ્તારમાં પહોંચી ગઈ છે. પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે રમખાણો ભડકાવવાના કાવતરાના આરોપમાં તેની ધરપકડ કરવામાં આવી છે.

24 નવેમ્બરના રોજ સંભલમાં જામા મસ્જિદ સર્વે દરમિયાન હિંસા ફાટી નીકળી હતી. આ કેસમાં, SIT ઈન્ચાર્જ કુલદીપ સિંહ, ASP (ઉત્તર) શ્રીશચંદ્ર અને CO સંભલ અનૂપ ચૌધરીએ તેમની પૂછપરછ કરી. અગાઉ, હિંસાના એક દિવસ પછી, 25 નવેમ્બરના રોજ, પોલીસે ઝફરને પોલીસ સ્ટેશન લઈ જઈને પૂછપરછ કરી હતી. ઝફર અલીનો મોટો ભાઈ તાહિર અલી પણ પોલીસ સ્ટેશન પહોંચ્યો છે. તેમણે કહ્યું- ઈન્સ્પેક્ટર સાહેબ અને તપાસ અધિકારી સવારે લગભગ 11.30 વાગ્યે ઘરે પહોંચ્યા. પૂછવામાં આવતા તેમણે કહ્યું કે સીઓ કુલદીપ સિંહ વાત કરવા માંગે છે. તેમણે તપાસ પંચ સમક્ષ નિવેદન આપવું પડ્યું, તેથી પોલીસ તેમને જાણી જોઈને જેલમાં ધકેલી રહી છે, પણ તેનાથી કોઈ ફરક પડતો નથી.

## આઈટી એક્ટ, 2000ની કલમ 69 હેઠળ વિદેશથી ગેરકાયદે રીતે કાર્યરત

# ઓનલાઈન ગેમિંગ પર સરકારનો મોટો પ્રહાર, એકઝાટકે ગેરકાયદે પ્લેટફોર્મની 357 વેબસાઈટ બ્લોક

(એજન્સી) નવી દિલ્હી । તા. 23

કેન્દ્ર સરકારે વિદેશથી ગેરકાયદે રીતે સંચાલિત ઓનલાઈન મની ગેમિંગ પ્લેટફોર્મની 357 વેબસાઈટ અને URL (યુનિફોર્મ રિસોર્સ લોકેટર) બ્લોક કરી દીધા છે અને આવા 700 પ્લેટફોર્મ હાલમાં તપાસ હેઠળ છે.

### ઓનલાઈન ગેમિંગ પ્લેટફોર્મ સામે તેની કાર્યવાહીને વધુ તીવ્ર બનાવો

ડિરેક્ટોરેટ જનરલ ઑફ ગૂડ્સ એન્ડ સર્વિસ ટેક્સ ઈન્ટેલિજન્સ (DGGI)એ ઓનલાઈન ગેમિંગ પ્લેટફોર્મ સામે તેની કાર્યવાહી વધુ તીવ્ર બનાવી છે. આ ગેરકાયદે કૃત્યમાં દેશી અને વિદેશી બંને ઓપરેટરો સામેલ છે. નાણા મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આ પ્લેટફોર્મ ટેક્સ છુપાવવા માટે રજિસ્ટ્રેશન વગર ગેરકાયદે રીતે ગેમ ચલાવી રહ્યાં છે અને



GSTને પણ ટાળી રહ્યાં છે.

### ઓનલાઈન મની ગેમિંગ પ્લેટફોર્મ્સની વેબસાઈટ બ્લોક

ડીજીજીઆઈએ ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલયના સહયોગથી આઈટી એક્ટ, 2000ની કલમ 69 હેઠળ વિદેશથી ગેરકાયદે રીતે કાર્યરત ઓનલાઈન મની ગેમિંગ પ્લેટફોર્મની વેબસાઈટને બ્લોક કરી દીધી છે. જીએસટી કાયદા હેઠળ ઑનલાઈન મની ગેમિંગને માલના સપ્લાય તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે અને તે 28 ટકાના દરે કરપાત્ર છે. આ ક્ષેત્રમાં કામ કરતી સંસ્થાઓએ GST હેઠળ નોંધણી કરાવવી જરૂરી છે.

### બેંક ખાતાઓને નિશાન બનાવીને બ્લોક કર્યા

અહેવાલો અનુસાર, કેટલાક ગેરકાયદે ગેમિંગ પ્લેટફોર્મ્સ સામેની ઝુંબેશમાં DGGIએ આઈ4સી અને નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI) સાથે મળીને યુઝર્સ પાસેથી નાણાં વસૂલવા માટે ઉપયોગમાં લેવાતા બેંક ખાતાઓને ટાર્ગેટ અને બ્લોક કર્યા છે. આ ઓપરેશનમાં લગભગ 2,000 બેંક ખાતા અને 4 કરોડ રૂપિયા જપ્ત કરવામાં આવ્યા છે.

## 'સુશાંત સિંહ રાજપૂતની મોતનો જવાબદાર....' CBI એ 4 વર્ષ 4 મહિને ક્લોઝર રિપોર્ટ દાખલ કર્યો

(એજન્સી) નવી દિલ્હી । તા. 23

CBI (સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન)એ સુશાંત સિંહ રાજપૂત કેસનો ક્લોઝર રિપોર્ટ મુંબઈ કોર્ટમાં દાખલ કર્યો છે. સુશાંત સિંહ રાજપૂતનું 2020માં અવસાન થયું હતું. લગભગ 4 વર્ષ 4 મહિના પછી



CBIએ ક્લોઝર રિપોર્ટ દાખલ કર્યો છે. સીબીઆઈએ રિયા ચક્રવર્તી અને તેના પરિવારને ક્લીનચીટ આપી છે. સીબીઆઈની તપાસ મુજબ સુશાંત સિંહ રાજપૂતના મોત માટે કોઈ જવાબદાર નથી. સુશાંતના પિતા દ્વારા રિયા ચક્રવર્તી પર લગાવવામાં આવેલા આરોપો અને રિયા દ્વારા સુશાંતના પરિવાર પર લગાવવામાં આવેલા આરોપોને લઈને બંને કેસમાં ક્લોઝર રિપોર્ટ દાખલ કરવામાં આવ્યો છે. સીબીઆઈએ સુશાંતનો કેસ સંભાળ્યો અને ઓગસ્ટ 2020માં તપાસ શરૂ કરી હતી. 4 વર્ષની તપાસ બાદ CBIએ ક્લોઝર રિપોર્ટ દાખલ કર્યો છે. રિપોર્ટ્સ અને સૂત્રોના મતે રિયા અને તેના પરિવારને ક્લીનચીટ આપવામાં આવી છે. સુશાંતને આપઘાત કરવા માટે કોઈએ મજબૂર કર્યો હોવાનું સાબિત કરવા માટે સીબીઆઈને કોઈ પુરાવા મળ્યા નથી. સુશાંત સિંહ રાજપૂતના પરિવાર પાસે મુંબઈ કોર્ટમાં પ્રોટેસ્ટ પિટિશન દાખલ કરવાનો વિકલ્પ છે. સીબીઆઈએ સુશાંતના આપઘાત કેસની એઈમ્સના નિષ્ણાતો દ્વારા તપાસ કરાવી હતી. AIIMS ફોરેન્સિક ટીમે સુશાંત આપઘાત કેસમાં કોઈપણ પ્રકારની ગેરરીતિનો ઈનકાર કર્યો હતો. સોશિયલ મીડિયા ચેટ્સ એમએલએટી દ્વારા તપાસ માટે અમેરિકા મોકલવામાં આવી હતી.

## અનોખી ઘટના.. જે મહિલાની હત્યાના આરોપમાં 4 લોકોને જેલ થઇ તે મહિલા દોઢ વર્ષે ઘરે પાછી ફરી

(એજન્સી) નવી દિલ્હી । તા. 23

કોઈ મહિલાને મૃત્યુ પામેલી માની લેવાઈ હોય અને કુટુંબે તેના અગ્નિ સંસ્કાર પણ કરી નાખ્યા



હોય, તેની હત્યાના આરોપમાં ચાર જણા જેલની સજા કાપતા હોય અને તે મહિલા 18 મહિના પછી જીવતી આવે તેના કુટુંબને કેવો આંચકો લાગે. મધ્યપ્રદેશના મંદસૌરમાં આવી જ ઘટના બની છે. તેના લીધે ફક્ત તેના કુટુંબ જ નહીં આખા ગામને આંચકો લાગ્યો છે. મધ્યપ્રદેશના મંદસૌરમાં લલિતાબાઈ નામની મહિલા જ્યારે જીવતી પોલીસ સ્ટેશનમાં હાજર થઈ ત્યારે પોલીસ ચોંકી ઉઠી હતી, કારણ કે આ જ મહિલાની હત્યાના આરોપમાં ચાર જણા જેલમાં સજા કાપતા હતા. પોલીસ માટે સવાલ એ હતો કે મહિલા જીવતી આવે તો મર્ડર કોનું થયું. લલિતાના પિતા રમેશ નાનુરામ બાંછડાનાના જણાવ્યા મુજબ તેમના કુટુંબે ક્ષતવિક્ષત થયેલો મૃતદેહ ને વિવિધ ચિન્હો પરથી તેમની પુત્રીના મૃતદેહ તરીકે ઓળખ્યો હતો. તેના હાથ પરના ટેટુ અને પગ પર બાંધેલા કાળા દોરા પરથી તેના મૃતદેહની ઓળખ કરી હતી. તે મૃતદેહને કુટુંબે લલિતાનો મૃતદેહ માનીને તેના અગ્નિ સંસ્કાર પણ કરી દીધા હતા. પોલીસે પણ લલિતાના મર્ડરનો કેસ નોંધ્યો હતો અને તેના મર્ડરના આરોપમાં ઈમરાન, શાહરૂખ, સોનુ અને એજાઝની ધરપકડ કરી હતી, તેમને જેલ મોકલી દેવાયા હતા. પણ 18 મહિના પછી લલિતા જીવિત પરત ફરી હતી. તેના પિતા તેને જીવતી જોઈ આંચકો પામ્યા હતા. તેને તરત જ પોલીસ સ્ટેશને લઈ ગયા હતા અને સત્તાવાળાઓને તેની જાણકારી આપી હતી. લલિતાએ તેના ગુમ થવા અંગે જણાવ્યું હતું કે તે શાહરુખ સાથે ભાનુપરા વિસ્તારમાં ગઈ હતી.

## દિલ્હી-NCRમાં ગરમીનો કહેર, યુપી-બિહાર સહિત 5 રાજ્યમાં વરસાદની શક્યતા

નવી દિલ્હી : હવામાન વિભાગના જણાવ્યા અનુસાર 25 માર્ચથી રાજ્યનું મહત્તમ તાપમાન 2 ડિગ્રી સેલ્સિયસ વધી શકે છે. આ સિવાય શનિવારે રાષ્ટ્રીય રાજધાનીમાં મહત્તમ તાપમાન 31.7 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે આ સિઝનના સરેરાશ તાપમાન કરતાં 0.2 ડિગ્રી વધુ છે.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ઉત્તર પ્રદેશમાં વરસાદની પ્રક્રિયા બંધ થઈ ગઈ છે. આગામી પાંચ દિવસ સુધી રાજ્યના હવામાનમાં કોઈ ખાસ ફેરફાર થવાનો નથી. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, હવે યુપીમાં હવામાન ચોખ્ખું રહેશે અને આકરો તડકો લોકોને પરેશાન કરશે. બિહારમાં પણ વરસાદ બાદ હવામાન બદલાશે. પટના સ્થિત હવામાન કેન્દ્રે આજે વરસાદને કારણે 12 જિલ્લામાં યલો એલર્ટ જાહેર કર્યું છે. બાકીના જિલ્લાઓમાં હવામાન શુષ્ક રહેશે. તેમજ પવન ફૂંકાતા રહેશે.હવામાન વિભાગે ગુજરાતમાં હીટવેવનું એલર્ટ જાહેર કર્યું છે. હિમાચલ પ્રદેશમાં ફરી એકવાર વાતાવરણ ખુશનુમા બની ગયું છે. રાજ્યના અનેક વિસ્તારોમાં ચમકતો તડકો છે, જેના કારણે તાપમાન પણ વધી રહ્યું છે. વિભાગની આગાહી મુજબ રાજ્યમાં 22 થી 25 માર્ચ સુધી હવામાન ચોખ્ખું રહેશે. જો કે, 26 માર્ચથી સ્થિતિ ફરી એક વખત વણસી શકે છે. 26 માર્ચથી જમ્મુ-કાશ્મીરમાં હવામાનમાં ફેરફાર થશે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે ખીણના કેટલાક ઉપરના વિસ્તારોમાં હળવી હિમવર્ષા અને ભારે વરસાદ થશે.

સિટી એક્સપ્રેસ

MONDAY 24 MARCH-2025

AHMEDABAD


## ટોલ પેટે રોકડમાં બમણી રકમ ચૂકવાય તો GST નહીં લાગે

ટોલ પ્લાઝા પર ચૂકવાતી બમણી રકમ પર જીએસટી લાગે કે નહીં તે મુદ્દે ઘણી અસમંજસ હતી. આખરે સીજીએસટી રેટ નોટિફિકેશન 12/2017ની એન્ટ્રી મુજબ ટોલ ચાર્જ પર જીએસટી લાગુ પડતો ન હોવાની સ્પષ્ટતા કરવામાં આવી છે. હાલમાં ટોલ પ્લાઝા પર માત્ર ફાસ્ટેગથી જ પેમેન્ટ સ્વીકારવામાં આવે છે. પરંતુ કોઈ વાહનચાલક પાસે ફાસ્ટેગ ન હોય તો તેણે બમણો ટોલ ચાર્જ ભરવો પડે છે. ટ્રિબ્યુનલને પૂછવામાં આવ્યું હતું કે, ફાસ્ટેગ પર કોઈ ટેક્સ નથી તો વધારાની રકમ પણ કરમુક્ત ગણાય કે નહીં? આ સંદર્ભમાં સ્પષ્ટતા થતાં હવે બમણી રકમ પર જીએસટી લઈ શકાશે નહીં.

## ભાટ ગામના ખેતરમાંથી બે જુગારી ઝડપાયા, ચાર ફરાર

ગાંધીનગર | ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાંચે ભાટ ગામની સીમમાં ચાલતા જુગારધામ પર દરોડો પાડ્યો હતો. પોલીસે બે જુગારીઓને ઝડપી લીધા છે, જ્યારે ચાર જુગારીઓ ફરાર થઈ ગયા છે. પીઆઈ એચ.પી. પરમારના સુપરવિઝન હેઠળની ટીમને બાતમી મળી હતી કે, ભાટ ગામનો નિતેષ ઉર્ફે લાલાભાઈ પટેલ ખેતરમાં જાંબુડાના ઝાડ નીચે જુગાર રમાડે છે. બાતમીના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો. જુગારીઓ ગંજીપાનાથી તીનપત્તીનો પૈસાની હારજીતનો જુગાર રમતા હતા.



### ફોકિઆની મુદ્દાસર રજૂઆત કરાઈ, કચ્છના લેન્ડ રેવન્યુના પ્રશ્નો વધુ હતા

# ગુજરાતના ઉદ્યોગ જગતના પ્રતિનિધિઓ સાથે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે બેઠક યોજી

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ



ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા સમગ્ર ગુજરાતના વિવિધ ઔદ્યોગિક સંગઠનો અને મુખ્યમંત્રી વચ્ચે ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ અને રાજ્યના રોકાણ માટે વધુ સાનુકૂળ વાતાવરણ ઊભું કરવા માટે સંવાદનું આયોજન મહાત્મામંદિર ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું. આ સંદર્ભે ફોકિઆ દ્વારા મુખ્યત્વે કચ્છના લેન્ડ રેવન્યુના પ્રશ્નો જેવા કે મ્યુટેશન ઓફ એન્ટ્રીઝ, ઉદ્યોગો માટેની જમીનની ખરીદી, હેતુફેર જમીન માપણી વધારો, ટ્રસ્ટની માલિકીની જમીનો, જંત્રી દર તર્કસંગત કરવા અંગ, જમીનો અંગેની અપીલો અને સુનાવણી, મીઠા માટેની જમીનો પર કોઈ વેરા ન લેવા અંગે, જમીનને લગતા કાયદાઓમાં સુધારાત્મક ફેરફારો, ગણોત ધારાના કાયદામાં સુધારાત્મક ફેરફારો, NA થયેલ જમીનના કિસ્સામાં મર્જર, ફેરફાર માટે લેવા માં આવતા ૧૦% પ્રીમિયમ અંગે કંપની થી કંપનીને થતા વેચાણ, સિવિલ કોર્ટમાં કેસ ચાલતો હોય તેવા કિસ્સામાં NA પરવાનગી, પ્રતિબંધિત પ્રકારની જમીનના એક્સચેન્જ બાબત, મંદિરની જાળવણી માટેની જમીન, ભૂમિદાનની જમીન, એપ્રોચ રોડ ન હોવાથી લેઆઉટ મંજૂરી માટે પડતી મુશ્કેલી, કલમ ૮૯ માટે ઓનલાઈનમાં સુધારો કરવા બાબત, ઈન્ડસ્ટ્રીયલ પાર્ક માટે કલમ ૮૯ની મુદત ગણવા અંગે, પ્રોજેક્ટ વચ્ચે આવતા સીમામાર્ગ, ગાડામાર્ગ ડાયવર્ઝન બાબત, NA પરવાનગીની પ્રક્રિયા ઝડપી બનાવવા બાબત જેવી જમીનને લગતી બાબતો અંગે રજૂઆત કરી હતી.

### પાણી વિતરણનું માળખાનું વિસ્તરણ કરવું

ફોકિઆએ કચ્છના લેન્ડ રેવન્યુના પ્રશ્નો, રાજયના અન્ય વિસ્તારો કરતા અલગ હોવાથી, તેની વહીવટી રીતે વિશેષ પ્રકારે માવજત લેવામાં આવે તો કચ્છ અને રાજ્યના ઔદ્યોગીકરણને વધુ વેગ મળે તેવું સૂચન કર્યું હતું. ફોકિઆએ કોમ્પ્રિહેન્સીવ GDCR - ૨૦૧૭ ને અપડેટ કરીને ઔદ્યોગિક બાંધકામ માટેની ઊંચાઈ અને FSI વધારી, ૧.૨ માંથી ૨.૨૫ કરવાની માંગણી કરી હતી. આ ઉપરાંત કચ્છમાં વધતા ઔદ્યોગિકરણ સાથે પાણીની સતત વધતી માંગ અંગે ધ્યાન દોરી, કચ્છના હયાત અને આવનારા ઉદ્યોગોને સાતત્યરૂપે પૂરતો પાણીનો પુરવઠો મળી રહે તે માટે ૧૫૦ MLD ડીસીલેશન પ્લાન્ટની કાર્યવાહી ઝડપી બનાવવા માટે રજૂઆત કરી હતી. હાલમાં સમગ્ર કચ્છના વિવિધ વિસ્તારોમાં ઔદ્યોગિક ક્લસ્ટર કાર્યરત છે. આ બધા ઔદ્યોગિક ક્લસ્ટર સુધી પાણી પહોંચાડવા માટે પાણી વિતરણ નું માળખાનું વિસ્તરણ કરવું.

### ઘડુલી-સાતલપુર રોડને સમાંતર 300 MLDની પાણીની પાઈપલાઈન નાખવા માટે પણ સૂચન કર્યું હતું : રાજ્ય સ્તરે પ્રોજેક્ટ મોનિટરીંગ સેલ સ્થાપી

ફોકીઆએ નવા યુનિટ અને વિસ્તરણ માટે ઈલેક્ટ્રિસિટી ડ્યુટી માફીની ગણતરીની પદ્ધતિને યોગ્ય બનાવવાની, જેથી નવા એકમોને આ માફીનો પૂરેપૂરો લાભ મળે. સમગ્ર ગુજરાતની ત્રીજા ભાગી ની માઈનિંગ લીઝ કચ્છમાં હોવાથી, માઈનીંગમાં એન્વાયરમેન્ટ ક્લિયરન્સ(EC) ના મુદ્દે યોગ્ય કરી, ખાણ ખનીજ ગતિવિધને વેગ આપવા રજૂઆત કરી હતી. ખાણ-ખનીજની ગતિવિધિઓને વેગ આપવા માટે, રાજ્ય સ્તરે પ્રોજેક્ટ મોનિટરીંગ સેલ સ્થાપી, ખનનની પ્રવૃત્તિઓને વેગ આપવા રજૂઆત કરી હતી. માનનીય મુખ્યમંત્રીશ્રી એ સમગ્ર પ્રશ્નો સધ્યાનપૂર્વક સાંભળ્યા હતા અને તેમના પ્રત્યુત્તરમાં EC ના પ્રશ્ને ઝડપથી સર્વ માન્ય ઉકેલ લાવવાની ખાતરી આપી હતી. આ સંવાદમાં ફોકઆ પ્રતિનિધિ મંડળનાં મેનેજિંગ ડિરેક્ટર નિમિશ ફડકે, અદાણી ગ્રીનના અભિલાષ મહેતા, આશાપુરાના હેમુલ શાહ અને ગુજરાત હેવી કેમિકલ્સના રાવએ ફોકીઆ વતી ભાગ લીધો હતો.

# અમદાવાદ પોલીસ કમિશનરની ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક

### અમદાવાદમાં ગુનેગારોએ હવે દર રવિવારે ક્રાઈમ બ્રાંચમાં હાજરી પુરાવવી પડશે, આજે 353ને બોલાવી ચેતવણી આપવામાં આવી



(એજન્સી) અમદાવાદ | તા 23

અમદાવાદમાં કથળતી જતી કાયદો વ્યવસ્થાની સ્થિતિને લઈને પોલીસ કમિશનર દ્વારા આજે ક્રાઈમ બ્રાન્ચમાં શહેરના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક કરવામાં આવી હતી.જેમાં દર રવિવારે શહેરના ગુનેગારોને ક્રાઈમ બ્રાન્ચમાં હાજરી પુરાવવા આદેશ કરવામાં આવ્યો છે.આજે પ્રથમ રવિવારે પોલીસ કમિશનરની હાજરીમાં 353 ગુનેગારોને બોલાવવામાં આવ્યા હતા. જેમને પોલીસની ભાષામાં સમજાવવામાં આવ્યા છે. વસ્ત્રાલમાં બનેલા અસામાજિક તત્વોના આતંકની ઘટના બાદ શહેર પોલીસ એક્શનમાં આવી છે.

પોલીસ દ્વારા નાઈટ કોમ્બિંગ અને પેટ્રોલિંગ શરૂ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ગુનેગારોનું લિસ્ટ તૈયાર કરવામાં આવ્યું છે. કુખ્યાત ગુનેગારોના ગેરકાયદેસર બાંધકામ તોડી પાડવામાં આવ્યા છે તથા ગુનેગારોને નિયમિત પોલીસ સ્ટેશનમાં હાજરી ભરવા માટેના પણ આદેશ કરવામાં આવ્યા છે.

### ગુનેગારોને પોલીસ દ્વારા પોલીસની જ ભાષામાં સમજાવવામાં પણ આવ્યા

આજે શહેર પોલીસ કમિશનર જી.એસ મલિકની અધ્યક્ષતામાં અમદાવાદના તમામ ઉચ્ચ અધિકારીઓની ક્રાઈમ બ્રાન્ચમાં બેઠક મળી હતી.આ બેઠક બાદ શહેરના ગુનેગારો પૈકી 353 ગુનેગારોને ક્રાઈમ બ્રાન્ચમાં હાજર કરવામાં આવ્યા હતા.આ તમામની પોલીસ કમિશનરની હાજરીમાં પૂછપરછ કરવામાં આવી છે.આ ગુનેગારો અત્યારે કઈ પ્રવૃત્તિઓ કરે છે તેની પણ નોંધણી કરવામાં આવી છે.ગુનેગારોને પોલીસ દ્વારા પોલીસની જ ભાષામાં સમજાવવામાં પણ આવ્યા છે. આજની બેઠકમાં પોલીસ કમિશનરે ગુનેગારોને લઈને મહત્વનો નિર્ણય કર્યો છે.હવેથી શહેરના તમામ ગુનેગારોએ દર રવિવારે ક્રાઈમ બ્રાન્ચમાં હાજરી ભરવા જવું પડશે. ગુનેગારો અત્યારે કઈ પ્રવૃત્તિ સાથે જોડાયેલા છે તેની ક્રાઈમ બ્રાન્ચ પૂછપરછ કરશે. જે ગુનેગાર હાજર ના રહે તેના ઘરે જઈને ક્રાઈમ બ્રાન્ચ દ્વારા તપાસ કરવામાં આવશે.

## એક પેડ શહીદો કે નામ વૃક્ષારોપણ કરી વિર શહિદોને શ્રધ્ધાંજલી આપતા મેયર મીરાબેન પટેલ



ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

ગાંધીનગરના પથિકાશ્રમ ખાતે 23 માર્ચ શહીદ દિવસની એક અનોખી રીતે ઉજવણી કરવામાં આવી.ભારતના વિર શહિદોને શ્રધ્ધાંજલી આપવા માટે વિવિધ સંસ્થાઓ સાથે રહિને પાંચ જેટલા વડ નું રોપણ કરવામાં આવ્યુ. ગાંધીનગરના મેયર મીરા પટેલ,પૂર્વ ગ્રુહ રાજ્ય મંત્રી મહેન્દ્ર ત્રિવેદી, મિસ ઈન્ડીયા સુમન ચેલાની, રજનીશ પટેલ, એન પી પટેલ, કુમારભાઈ, ( નેચર ફર્સ્ટ પરીવાર) ગાયત્રી પરિવાર, એસ એન પટેલ, મંગળભાઈ ચૌધરી, જયબેન, કાનજીભાઈ ( યોગાચાર્ય) તથા લાયન્સ ક્લબ સહિત અન્ય સામાજિક સંસ્થાઓ દ્વારા શહીદ ભગતસિંહ ના બલિદાનને બિરદાવા માટે શહીદ ભગતસિંહના નામના વડ વાવવાનો કાર્યક્રમ કરવામાં આવ્યો.

## યુવક-યુવતીએ બન્નેના હાથ દુપટ્ટાથી બાંધી સાબરમતીમાં કુદી આત્મહત્યા કરી

### યુવતીના ડાબા હાથે ટેટૂ અને પ્રિયાંશી લખેલું છે, બેગ પણ મળી, પોલીસ દ્વારા વાલી-વારસની શોધખોળ

(એજન્સી) અમદાવાદ | તા 23



અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ પર ખાનપુર તરફ આવેલા વોક વે પરથી યુવક-યુવતીએ હાથમાં દુપટ્ટો બાંધી નદીમાં ઝંપલાવી આત્મહત્યા કરી લીધી છે. યુવતી પાસેથી એક બેગ પણ મળી આવી છે. જોકે આ બેગ તપાસતા કશું મળી આવ્યું નહોતું. ફાયર બ્રિગેડની ટીમ દ્વારા બંનેના મૃતદેહ બહાર કાઢી લેવામાં આવ્યા છે. 108 એમ્બ્યુલન્સના કર્મચારીઓ દ્વારા તપાસ કરવામાં આવતા બંનેને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. આ મામલે રિવરફ્રન્ટ ઈસ્ટ પોલીસને જાણ કરવામાં આવતા પણ ઘટના સ્થળે પહોંચી હતી. આત્મહત્યા કરનાર યુવક યુવતીની ઓળખ થઈ નથી. માત્ર યુવતીના ડાબા હાથે પ્રિયાંશી લખેલું છે અને ટેટૂ ત્રોફાવેલું છે. જેના આધારે હાલ તપાસ શરૂ કરવામાં આવી છે. આ અંગે અમદાવાદ ફાયર બ્રિગેડના સાબરમતી નદીના રેસ્ક્યુ ટીમના કર્મચારી ભરત માંગેલાએ જણાવ્યું હતું કે, આજે સાંજે ચારેક વાગ્યાના આસપાસ ક્રિકેટ કંટ્રોલમાં મેસેજ મળ્યો હતો કે સાબરમતી રિવરફ્રન્ટ પૂર્વ તરફ ખાનપુર કામા હોટલ પાસે વોકવે પર ઘાટ નંબર નવ નજીકથી એક યુવક યુવતીએ નદીમાં ઝંપલાવ્યું હતું. તેથી તાત્કાલિક ધોરણે રેસ્ક્યુ બોટ સાથે તેઓ ઘાટ નંબર 9 પાસે પહોંચ્યા હતા. ત્યાર બાદ બંનેને તાત્કાલિક ધોરણે બહાર કાઢી અને 108 એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવી હતી.

### ચકાસણી માટે સેમ્પલ લેબોરેટરીમાં મોકલાયાં

# સરખેજની ભગવતી ફૂડમાંથી 29 કિલો શંકાસ્પદ પનીર જપ્ત

(એજન્સી) અમદાવાદ | તા 23



શહેરમાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે કુબેરનગરમાં થોડા સમય પહેલાં સીઝ કરેલા પનીરના જથ્થા બાદ મ્યુનિ. ફૂડ વિભાગે સરખેજના જૂના વણઝર, શિવશંકર એસ્ટેટમાં આવેલા ભગવતી ફૂડની ફેક્ટરીમાંથી 29 કિલો પનીરનો જથ્થો સીઝ કરી તપાસ અર્થે લેબોરેટરીમાં મોકલ્યો હતો. આ જથ્થો વેચાણ માટે બજારમાં જાય તે પહેલાં મ્યુનિ.એ જપ્ત કરવામાં આવ્યો હતો મ્યુનિ. ફૂડ વિભાગે છેલ્લા એક સપ્તાહમાં વિવિધ ખાદ્ય પદાથર્ના 96 નમૂના લીધા છે. જેમાં દૂધની બનાવટના 10, મીઠાઈના 5, બેકરી પ્રોડક્ટના 2, બેસનના 2, મેંગો મિલ્ક શેક, શેરડીના રસના 18, ઠંડાપીણાંના 3, મસાલાના 9 તથા અન્ય પદાર્થના 49 નમૂના લીધા છે. જે તપાસ માટે મોકલ્યા છે. આ ઉપરાંત 258 કિલો અને 242 લિટર જેટલો બિનઆરોગ્યપ્રદ પદાર્થનો નાશ કરી રૂ.75 હજાર વહીવટી ચાર્જ વસૂલવાની સાથે 154 જેટલાં એકમોને નોટિસ આપી છે. જ્યારે શહેરના 165 સ્થળે ખાદ્યપદાર્થ તળવાના તેલની તપાસ કરી હતી. મ્યુનિ. ફૂડ વિભાગે દૂધની બનાવટના પદાર્થોની સઘન તપાસ આદરી છે. પનીર બનાવતી ફેક્ટરીમાં વિમલ લખેલાં કાર્ટૂન પણ પડેલાં હતાં. જેમાં પનીર સહિત અન્ય પદાર્થ પેક કરીને વેચાણ માટે મોકલાતો હોવાનું જાણવા મળે છે. પનીરમાં ઓછું ફેટ હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જણાતું હોવાનું વિશ્વનીય સૂત્રો દ્વારા જાણવા મળે છે.

### ગરમીમાં મોતનો આંકડો વધશે!

# ગુજરાતમાં 29 માર્ચથી 1 એપ્રિલ સુધી કમોસમી વરસાદની શક્યતા



## વડોદરામાં લૂ લાગવાથી મોતની પ્રથમ ઘટના

વડોદરા જિલ્લાના સાવલી પોલીસ મથકની હદમાં આવતા શિહોરા ગામની ભાગોળ પાસેના કૂવાની બાજુમાંથી એક અજાણ્યા 30 વર્ષી યુવાનનો મૃતદેહ પોલીસને મળી આવ્યો હતો. પોલીસની તપાસમાં આ યુવાન માનસિક દિવ્યાંગ હોવાનું અને રોડ સાઈડમાં સૂતો હોવાથી તેને વધારે પડતી ગરમી, લૂ લાગવાના કારણે મોત નીપજ્યું હોવાનું જાણવા મળ્યું છે. હાલ યુવકની ઓળખ થઈ શકી નથી. તેની ઓળખ કરવા માટે પોલીસે તપાસ હાથ ધરી છે

**અમદાવાદ | માર્ચ મહિનામાં એક પછી એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની સક્રિયાતાના કારણે રાજ્યમાં માર્ચના છેલ્લા સપ્તાહમાં પણ બેવડી ઋતુનો અનુભવ યથાવત્ રહ્યો છે. ત્યારે હવામાન વિભાગે આગામી દિવસોમાં કમોસમી વરસાદ પડવાની આગાહી કરી છે. હવામાનની આગાહી મુજબ, 24 માર્ચે પશ્ચિમ હિમાલય પ્રદેશમાં એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ પહોંચશે. આ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની 26 માર્ચથી ગુજરાતમાં અસર જોવા મળશે. પશ્ચિમી ભેજવાળા પવનના કારણે આગામી 1 એપ્રિલ સુધી રાજ્યનું વાતાવરણ પલટાઈને વાદળછાયું બની શકે છે. આ દરમિયાન 29 માર્ચથી 1 એપ્રિલ સુધી રાજ્યમાં ગાજવીજ સાથે 10 મીમી સુધી એટલે કે, અડધા ઇંચથી ઓછો કમોસમી વરસાદ વરસવાની શક્યતા છે.**

### ગરમીમાં મૃત્યુનું પ્રમાણ પણ વધે છે

એપ્રિલથી જૂન દરમિયાન શહેરમાં મહત્તમ તાપમાન 43 ડિગ્રીથી ઉપર ગયું હોય તેવા છેલ્લાં 25 વર્ષમાં 290 દિવસ રહ્યા છે. જેમાં 2024માં 19 દિવસ ગરમીનો પારો 43 ડિગ્રીથી ઉપર રહ્યો હતો. જ્યારે 2024માં 13 દિવસ તો રેડ એલર્ટ જાહેર કરાયું હતું. શહેરમાં ગરમી વધતાં મૃત્યુનું પ્રમાણ પણ વધે છે. ગત એપ્રિલમાં 5014 વ્યક્તિના મૃત્યુ સામે મેમાં 5306 અને જૂનમાં 5292 મૃત્યુ નોંધાયા હતા. એટલે કે મૃત્યુનું પ્રમાણ પણ વધે છે. જૂનમાં છેલ્લાં 25 વર્ષમાં મૃત્યુનું પ્રમાણ વધુ હતું.

### લૂ કે હીટવેવ શું છે?

જવાબ- IMD (ભારત હવામાન વિભાગ) અનુસાર, જ્યારે મેદાની વિસ્તારોમાં મહત્તમ તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસ અને પહાડી વિસ્તારોમાં તાપમાન 30 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચે છે, ત્યારે ગરમ હવા ફૂંકાવા લાગે છે. જો કોઈપણ વિસ્તારમાં તાપમાન 47 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચે છે, તો તેને હીટવેવની ખતરનાક શ્રેણી માનવામાં આવે છે. ગરમીમાં લોકો બહાર નીકળતા હોય છે અને તેના કારણે કેટલીકવાર બીમારીનો ભોગ બનતા હોય છે.

### ગુજરાતમાં બેવડી ઋતુ, 13 શહેરમાં 37 ડિગ્રીથી વધુ ગરમી

માર્ચ મહિનામાં એક પછી એક વેસ્ટર્ન ડિસ્ટબન્સની સક્રિયાતાના કારણે રાજ્યમાં બેવડી ઋતુનો અનુભવ થઈ યથાવત્ રહ્યો છે. 22 માર્ચે ગુજરાતના મુખ્ય 15 પૈકી 13 શહેરોનું મહત્તમ તાપમાન 37 ડિગ્રી પાર રહ્યું હતું, જ્યારે 12 શહેરોનું લઘુત્તમ તાપમાન 22 ડિગ્રીથી નીચે રહ્યું હતું. બેવડી ઋતુના અનુભવ વચ્ચે ગુજરાતમાં સૌથી ઊંચું મહત્તમ તાપમાન રાજકોટમાં 40.1 અને ભુજમાં 40 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. તો અમદાવાદમાં મહત્તમ તાપમાન 38.7 અને ગાંધીનગરમાં 38.2 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જ્યારે 19.5 ડિગ્રી સાથે ગાંધીનગરની રાત સૌથી ઠંડી રહી હતી. હવામાન વિભાગ મુજબ, 25 માર્ચ સુધીમાં રાજ્યના મહત્તમ તાપમાન 2થી 3 ડિગ્રીનો વધારો થવાની શક્યતા છે. જ્યારે લઘુત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી.

### પેપર ટિકિટનો ચાર્જ રૂ.50 ચૂકવવો પડશે

# IPLની મેચો દરમિયાન મેટ્રો રાત્રે 12.30 સુધી મળી રહેશે

(એજન્સી) અમદાવાદ | તા 23

મોદી સ્ટેડિયમ ખાતે 25 અને 29 માર્ચ, 9 એપ્રિલ તેમજ 2 મે અને 14 મેએ આઈપીએલની મેચો માટે મેટ્રો રાત્રે 12.30 સુધી મળી રહેશે. મેટ્રો રેલ કોર્પોરેશને આ માટે પેપર ટિકિટનો ચાર્જ રૂ.50 નક્કી કર્યો છે. રાત્રે 10 વાગ્યા પછી મોટેરા અને સાબરમતી મેટ્રો સ્ટેશનમાં એન્ટ્રી માટે સ્પેશિયલ પેપર ટિકિટ જ માન્ય ગણવામાં આવશે. લોકો મેચના દિવસે નિરાંત ક્રોસ રોડ, એપેરલ પાર્ક, કાલુપુર, ઓલ્ડ હાઈકોર્ટ, થલતેજ, મોટેરા, સાબરમતી, રાણીપ, વાડજ અને જીવરાજ મેટ્રો સ્ટેશનો પરથી એડવાન્સમાં ખરીદી શકાશે. મેચના દિવસે મેટ્રો ટ્રેન દર 8 મિનિટે ઉપલબ્ધ રહેશે. જ્યારે રાત્રિના 10થી 12.30 વાગ્યા સુધી દર 6 મિનિટે ટ્રેન મળશે. આઈપીએલની મેચો દરમિયાન ટ્રાફિકની સમસ્યા ન સર્જાય તે માટે શહેર પોલીસ કમિશનરે જાહેરનામું બહાર પાડ્યું છે. જે મુજબ બપોરે 2થી રાત્રિ 2 સુધી જનપથ ટીથી મોટેરા ગામ સુધીનો રોડ વાહનોની અવરજવર માટે બંધ રહેશે. તપોવન સર્કલથી ઓએનજીસી ચાર રસ્તાથી વિસત ટી, પાવર હાઉસ, પ્રબોધ રાવળ સર્કલ સુધીના રોડ પર અવરજવર કરી શકાશે.

## લંડનથી આવેલા ડ્રીમ લાઈનરનું એક એન્જિન બંધ પડ્યું, ટો કરી લઈ જવાયું

(એજન્સી) અમદાવાદ | તા 23



અમદાવાદ એરપોર્ટ પર એર ઈન્ડિયાની લંડનથી આવેલી ડ્રીમલાઈનર ફ્લાઈટમાં લેન્ડિંગ બાદ એક બાજુનું એન્જિન બંધ પડી ગયું હતું. ટેક્નિકલ ખામીથી વિમાન ટેક્સી-વે પર ઊભું રહી ગયું હતું અને વિમાનને ટો કરીને પાર્કિંગ તરફ લાવી 200 પેસેન્જરને સુરક્ષિત બહાર કઢાયા હતા. આજ ફ્લાઈટ દિલ્હી જતી હોવાથી એરપોર્ટ પર 180 પેસેન્જરો અટવાઇ પડ્યા હતા, એર ઈન્ડિયાની ફ્લાઈટ ટેક્સી-વેથી પાર્કિંગ તરફ લઇ લઇ જવાતી હતી ત્યારે અચાનક એક તરફનું એન્જિન બંધ થઈ ગયું હતુ. આ દરમિયાન અન્ય ટેકઓફ કરતી બે ફ્લાઈટો મોડી પડી હતી. ઘટનાને લઈ ઓન બોર્ડ ક્રૂ એ એનાઉન્સમેન્ટ કરતા પેસેન્જરોમાં ગણગણાટ શરૂ થઈ ગયો હતો. ચેકિંગ પછી વિમાન ઉડી શકે તેમ ન હોવાથી ગ્રાઉન્ડ કરાયું હતું. લંડનથી આવેલી આ જ ફ્લાઈટ દિલ્હી જવાની હતી. 180 પેસેન્જર એરપોર્ટ મોટાભાગના મુસાફરો ઈન્ટરનેશનલ કનેક્ટિંગવાળા હોવાથી એરલાઈને કેટલાકને દિલ્હી જતી બીજી ફ્લાઈટમાં ટ્રાન્સફર કર્યા હતા. બાકી રહેલા અન્ય પેસેન્જરો માટે દિલ્હીથી બીજા વિમાનની વ્યવસ્થા કરી હતી.


દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઇટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...